વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થી માટે અત્યંત ઉપયોગી સાપ્તાહિક

# વર્તમાન પ્રવાહો

**OCTOBER** **E-COPY**

**01/10/2022 to 31/10/2022**











મહિલાઓ માટે કાનૂની ગર્ભપાત પર સુપ્રીમ કોર્ટનો આદેશ જાહેર

રાજસ્થાન ઈન્ટરનેશનલ ફોક ફેસ્ટિવલ (Folk Festival) નું આયોજન કરવામાં આવ્યું.

વડાપ્રધાન દ્વારા મહાકાલ લોક કોરિડોરનું ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યું

Education 4.0 India report જાહેર

પેજ નં. 14
'Modi@20 Dreams Meet Delivery' પુસ્તકની ગુજરાતી આવૃત્તિનુ વિમોચન

પેજ નં. 36
પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાનો સમયગાળો વધારવામાં આવ્યો.

પેજ નં. 20
મહાત્મા ગાંધીજીની 153મી જન્મજયંતિ ઉજવવામાં આવી

GPSC-I/II | GPSC-III | નાયબ મામલતદાર
PSI-ASI | CONSTABLE | તલાટી | બિન સચિવાલય
BANK | SBI | IBPS | SSC | RAILWAY

(Creating A Way For Govt. Jobs)
Banking Academy
(Preparation for All Types of Competitive Exams)

# અનુક્રમણિકા


| ક્રમ | મુદ્દાઓ | પાના નંબર |
|---|---|---|
| | **મહિનાના મુખ્ય મુદ્દાઓ :** | |
| 1 | મહિલાઓ માટે કાનૂની ગર્ભપાત પર સુપ્રીમ કોર્ટનો આદેશ જાહેર | 06 |
| 2 | રેડિયો સિરિઝ 'મતદાતા જંકશન' લોન્ચ | 06 |
| 3 | Armed forces (Special Powers) Act (AFSPA) – 1958નો સમયગાળો વધારવામાં આવ્યો | 07 |
| 4 | Bharat Skills લર્નિંગ પ્લેટફોર્મનું નવુ ફીચર લોન્ચ કરવામાં આવ્યું | 07 |
| 5 | Her START પહેલની શરૂઆત | 08 |
| 6 | Quality Council of India (QCI) ના 25 વર્ષ પૂર્ણ થયા | 08 |
| 7 | Multi – State Co-operative Societies (MSCS) Amendment 2022 બિલને મંજૂરી આપવામાં આવી | 08 |
| 8 | એકતાનગર ખાતે અખિલ ભારતીય પરિષદનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. | 09 |
| 9 | ન્યુઝીલેન્ડની સંસદમાં મહિલા પ્રતિનિધિઓની સખ્યામાં વધારો | 10 |
| | **આંતરરાજ્ય** | |
| 10 | રાજસ્થાન ઈન્ટરનેશનલ ફોક ફેસ્ટિવલ (Folk Festival) નું આયોજન કરવામાં આવ્યું. | 11 |
| 11 | 4th Heli – India સંમેલન – 2022 નું આયોજન | 11 |
| 12 | વડાપ્રધાન દ્વારા મહાકાલ લોક કોરિડોરનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. | 12 |
| | **ગુજરાત** | |
| 13 | ભારત દ્વારા છોડ આધારિત માંસ ઉત્પાદનોની નિકાસ કરવામાં આવી. | 13 |
| 14 | વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમથી 36 મી નેશનલ ગેમ્સનો પ્રારંભ કરાવ્યો. | 13 |
| 15 | ગિફ્ટસિટી, ગાંધીનગર ખાતે 'આઝાદી @75:PM ગતિશકિત ગુજરાતનું આયોજન કરવામાં આવ્યું. | 13 |
| 16 | વિશ્વવિખ્યાત IBM સોફટવેર લેબનો ગિફ્ટ સિટીમાં શુભારંભ | 13 |
| 17 | 'Modi@20 Dreams Meet Delivery' પુસ્તકની ગુજરાતી આવૃત્તિનુ વિમોચન | 14 |
| 18 | વડાપ્રધાનની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં PMJAY-MA કાર્ડના 50 લાખ વિદ્યાર્થીઓને આયુષ્માન કાર્ડ આપવાનો ગાંધીનગરથી શુભારંભ | 14 |
| 19 | ગુજરાતમાં National SC – ST Hub કોન્કલેવનું આયોજન | 14 |
| 20 | DEFENCE EXPO 2022 નું આયોજન | 14 |
| 21 | ઉદ્યોગોને આત્મનિર્ભરતા માટે "ધ આત્મનિર્ભર ગુજરાત સ્કીમ ફોર આસીસ્ટન્સ ટુ ઈન્ડસ્ટ્રીઝ" લોન્ચ | 15 |
| 22 | 5માં ગરીબ કલ્યાણ મેળા 2022નો પ્રારંભ | 15 |
| 23 | પ્રધાનમંત્રીની ગુજરાત મુલાકાત | 15 |
| 24 | KCG ના સભાગૃહમાં વાર્તાલાપ સત્રનું આયોજન | 16 |
| 25 | ગુજરાતના જામનગર ખાતે અનેક પરિયોજનાઓનો શિલાન્યાસ | 16 |
| 26 | ભારતના રાષ્ટ્રપતિ દ્વારા બહુવિધ યોજનાનો શિલાન્યાસ | 16 |
| 27 | ઈન્ડસ્ટ્રી 4.0 નેશલ કોન્ફરન્સ | 16 |
| 28 | વંદે ભારત એકસપ્રેસ 2.0 | 16 |

| | | |
|---|---|---|
| 29 | સ્વચ્છ સર્વેક્ષણ 2022 રેન્કિંગ | 17 |
| 30 | પલ્લીનો મેળો (ગાંધીનગર) | 19 |
| 31 | ગુજરાતનું મોઢેરા ભારતનું પ્રથમ 24 × 7 સૌર ઊર્જાથી ચાલતું ગામ બન્યું | 19 |
| 32 | તાજેતરમાં ગુજરાત વિધાનસભામાં ગુજરાત વિદ્યુત ઉદ્યોગ સુધારા વિધેયક બિલ પસાર | 20 |
| 33 | તાજેતરમાં ગુજરાત વિધાનસભામાં ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી સુધારા વિધેયક બિલ પસાર | 20 |
| 34 | તાજેતરમાં ગુજરાત વિધાનસભામાં ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ સુધારા વિધેયક બિલ પસાર | 20 |
| | **રિપોર્ટ અને ઈન્ડેક્સ** | |
| 35 | Global Innovation Index – 2022 જાહેર | 22 |
| 36 | Poverty and Shared Prosperity Report – 2022 જાહેર | 22 |
| 37 | Education 4.0 India report જાહેર | 23 |
| 38 | Commitment to Reducing Inequality Index (CRI) – 2022 જાહેર | 24 |
| 39 | Global Hunger Index (GHI) 2022 જાહેર | 24 |
| 40 | Global Multidimensional Poverty Index – 2022 જાહેર | 25 |
| 41 | Public Affairs Index - 2022 જાહેર | 25 |
| 42 | International Migration Outlook રિપોર્ટ–2022 જાહેર | 26 |
| | **આંતરરાષ્ટ્રીય** | |
| 43 | વૈશ્વિક કૌશલ્ય સમિટ (Global Skill Summit) - 2022 નું ઉદ્ઘાટન | 28 |
| 44 | 50 આઈકોનિક ટેક્સ્ટાઈલ હસ્તકલાની યાદી જાહેર | 28 |
| 45 | સંયુક્ત આરબ અમીરાત (UAE) ના નવા વિઝા નિયમો જાહેર | 29 |
| 46 | Internation Finance Corporation (IFC) દ્વારા વૈશ્વિક ખાદ્ય સુરક્ષા પ્લેટફોર્મ લોન્ચ કરવામાં આવ્યું | 29 |
| 47 | સપ્તકોશી હાઈડેમ પ્રોજેક્ટને મંજૂરી | 30 |
| 48 | The World University Ranking 2023 જાહેર | 30 |
| 49 | World Economic Outlook – 2022 જાહેર | 31 |
| 50 | ભારતમાં United Nation Security Council (UNSC) ની કાઉન્ટર ટેરીરિઝમ કમિટીની બેઠકનું આયોજન. | 31 |
| 51 | 7 મી ASEAN મંત્રી સ્તરીય બેઠકનું વર્ચ્યુઅલ રીતે આયોજન. | 32 |
| | **અર્થવ્યવસ્થા** | |
| 52 | Logistics Ease Across Different States (LEADS) – 2022 સર્વેક્ષણ જાહેર | 34 |
| 53 | 75 ડિજિટલ બેંકિંગ યુનિટ્સનું ઉદ્ઘાટન | 34 |
| | **યોજના, પોર્ટલ અને એપ્લિકેશન** | |
| 54 | પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાનો સમયગાળો વધારવામાં આવ્યો. | 36 |
| 55 | Young, Upcomming and Versative Authors (Yuva) 2.0 યોજના શરૂ કરવામાં આવી. | 36 |
| 56 | બેટિયા બને કુશલ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. | 37 |
| 57 | ભારત સરકાર દ્વારા Tele – Manas પહેલની શરૂઆત | 38 |
| 58 | Prime Ministers Development Initiative for North East Region ને મંજૂરી આપવામાં આવી. | 38 |

| | | |
|---|---|---|
| 59 | પ્રધાનમંત્રી કિસાન સન્માન સંમેલન 2022 નું આયોજન | 39 |
| | **પર્યાવરણ, વિજ્ઞાન અને ટેકનોલોજી** | |
| 60 | જિમ કોર્બેટ ટાઈગર રિઝર્વમાં ટાઈગર સફારી પ્રોજેકટ પર FSI રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો | 40 |
| 61 | સુકાપાઈકા નદીને પુનઃજીવિત કરવામાં આવશે | 40 |
| 62 | OneWeb અને New Space India પાર્ટનરશિપની મદદથી 36 ઉપગ્રહો લોન્ચ કરવામાં આવશે | 41 |
| 63 | ઉત્તરપ્રદેશમાં નવા ટાઈગર રિઝર્વને મંજૂરી આપવામાં આવી | 41 |
| 64 | International Civil Aviation Organization (ICAO) નું આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધનમાં જોડાણ. | 41 |
| 65 | REC (Rural Electrification Corporation Limited) ને મહારત્નનો દરજ્જો આપવામાં આવ્યો | 42 |
| 66 | 'POWER-EX-2022' એકસરસાઈસ્નું આયોજન કરવામાં આવ્યું | 43 |
| 67 | ચીને પ્રથમ અવકાશ આધારિત સૌર ટેલિસ્કોપ લોન્ચ કર્યું | 43 |
| 68 | INS અરિહંત પરથી 'સબમરીન લોન્ચ બેલિસ્ટિક મિસાઈલ' (SLBM) લોન્ચ કરવામાં આવી. | 45 |
| 69 | ગીધ સંરક્ષણ માટે તમિલનાડુની રાજ્ય–સ્તરની સમિતિ | 45 |
| 70 | આસામ સરકાર દ્વારા "TOFI (trees outside forests in India)" કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો | 46 |
| 71 | સ્વદેશી રીતે વિકસિત LCH (Light Combat Helicopter) પ્રચંડને ભારતીય વાયુસેનામાં સામેલ કરવામાં આવ્યું | 46 |
| 72 | બે ભારતીય દરિયાકિનારાને 'બ્લુફલેગ' ટેગ મળ્યો. | 46 |
| 73 | ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા જલદૂત એપ્લિકેશન (Jaldoot Application) લોન્ચ કરવામાં આવી | 47 |
| 74 | વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતમાં 5G સેવાઓની શરૂઆત કરી. | 48 |
| 75 | 'પ્રસ્થાન અભ્યાસ' અપતટીય સુરક્ષા કવાયત હાથ ધરવામાં આવી | 48 |
| 76 | મંગળયાન મિશનનો અંત | 49 |
| 77 | ISRO એ Next – Gen Launch Vehicle વિકસાવી રહ્યું છે. | 49 |
| 78 | IBSAMAR-VII સમુદ્રી અભ્યાસનું આયોજન કરવામાં આવ્યું | 50 |
| 79 | "અગ્નિ પ્રાઈમ" (અગ્નિ – P) બેલિસ્ટિક મિસાઈલનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું. | 50 |
| | **રમત–જગત, નિમણૂક, વ્યકિત, પુસ્તક અને નિધન** | |
| 80 | લાલ બહાદુર શાસ્ત્રીજીની 118મી જન્મ જયંતિ | 51 |
| 81 | મહાત્મા ગાંધીજીની 153મી જન્મજયંતિ ઉજવવામાં આવી | 51 |
| 82 | મૈસુર દશારા ઉત્સવ ઉજવવામાં આવ્યો. | 52 |
| 83 | ભારતના 50મા મુખ્ય ન્યાયાધીશ તરીકે જસ્ટિસ ધનંજય યશવંત ચંદ્રચુડની નિમણૂંક | 52 |
| 84 | સમાજવાદી પાર્ટીના સ્થાપક મુલાયમસિંહ યાદવનું નિધન | 53 |
| 85 | ભારતના નવા એટર્ની જનરલ તરીકે આર.વેંકટરમણીની નિમણૂંક | 53 |
| 86 | ડૉ. દિલીપ મહાલનાબીસનું નિધન | 53 |
| 87 | દુલીપ ટ્રોફી 2022-23માં વેસ્ટ ઝોન વિજેતા | 54 |
| 88 | BCCIના 36મા પ્રમુખ તરીકે રોજર બિન્ની ચૂંટાઈ આવ્યા. | 54 |

| | | |
|---|---|---|
| 89 | ભારતના ચીફ ઓફ ડીફેન્સ સ્ટાફ તરીકે લેફ્ટનન્ટ જનરલ અનિલ ચૌહાણની નિમણૂક | 54 |
| 90 | ઋષિ સુનક યુનાઈટેડ કિંગડમ (UK) ના નવા વડાપ્રધાન તરીકે ચૂંટાયા | 55 |
| | **એવોર્ડ અને પુરસ્કાર** | |
| 91 | એન્જેલા મર્કેલને 'નેન્સેન રેફયુજી એવોર્ડ' થી સન્માનિત કરવામાં આવ્યા. | 57 |
| 92 | રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારની જાહેરાત કરવામાં આવી. | 57 |
| 93 | નોબેલ પ્રાઈઝ – 2022 પુરસ્કારની જાહેરાત કરવામાં આવી. | 57 |
| 94 | બુકર પ્રાઈઝ 2022 જાહેર. | 59 |
| 95 | વર્લ્ડ ગ્રીન સિટી એવોર્ડ 2022 જાહેર | 60 |
| | **મહત્વના દિવસો** | |
| 96 | 01 ઓકટોબર : આંતરરાષ્ટ્રીય વૃદ્ધ વ્યકિતઓનો દિવસ (International Day of Older Persons) | 61 |
| 97 | 04 ઓકટોબર : વિશ્વ પ્રાણી દિવસ (World Animal Day) | 61 |
| 98 | 05 ઓકટોબર : વિશ્વ શિક્ષક દિવસ (World Teacher Day) | 61 |
| 99 | 04 થી 10 ઓકટોબર : વિશ્વ અવકાશ સપ્તાહ (World Space Week) | 62 |
| 100 | 07 ઓકટોબર : વિશ્વ કપાસ દિવસ (World Cotton Day) | 62 |
| 101 | 08 ઓકટોબર : ભારતીય વાયુસેના દિવસ (Indian Air Force Day) | 62 |
| 102 | 10 ઓકટોબર : વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ (World Mental Health Day) | 63 |
| 103 | 11 ઓકટોબર : આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસ (International Day of Girl Child) | 63 |
| 104 | 14 ઓકટોબર : વિશ્વ માનક દિવસ (World Standards Day) | 63 |
| 105 | 16 ઓકટોબર : વિશ્વ ખાદ્ય દિવસ (World Food Day) | 64 |
| 106 | 17 ઓકટોબર : આંતરરાષ્ટ્રીય ગરીબી નાબૂદી દિવસ (International Day for the Eradication of Poverty) | 64 |
| 107 | 20 ઓકટોબર : વિશ્વ આંકડા દિવસ (World Statistics Day) | 64 |
| 108 | 29 ઓકટોબર : આંતરરાષ્ટ્રીય ઈન્ટરનેટ દિવસ (International Internet Day) | 65 |
| | **શબ્દાવલી** | |
| 109 | Assisted Suicide | 66 |
| 110 | Floppy Disk | 66 |
| 111 | DVORAK Technique | 66 |
| 112 | Just War Theory (ન્યાયી યુદ્ધ સિદ્ધાંત) | 66 |
| 113 | Banking System Liquidity | 66 |
| 114 | Green Steel | 67 |
| 115 | Sustainable Finance | 67 |
| 116 | Purple Revolution | 67 |
| 117 | Basis સમુદાય | 67 |
| | **Current Affairs Booster** | 68 |
| | **Facts…. Inshort** | 75 |

## 1 મહત્વના મુખ્ય મુદ્દાઓ

### મહિલાઓ માટે કાનૂની ગર્ભપાત પર સુપ્રીમ કોર્ટનો આદેશ જાહેર




- તાજેતરમાં સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ મહિલાઓ તેમની વૈવાહિક સ્થિતિને ધ્યાનમાં લીધા વિના ગર્ભાવસ્થાના 24 અઠવાડિયા સુધી સુરક્ષિત અને કાનૂની ગર્ભપાત કરી શકે છે.
- મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગનન્સી એકટ – 1971 અપરિણીત સર્ગભા સ્ત્રીઓ માટે સંમતિથી સેકસ કર્યા પછી 20 થી 24 અઠવાડિયા વચ્ચે ગર્ભપાત કરાવી શકશે નહીં.
- MTP (Medical Termination of Pregnancy) Act 1971 નિયમ 3 ગેરબંધારણીય છે કારણકે, તે અપરિણીત મહિલાઓને 20 અઠવાડિયા પછી સુરક્ષિત અને કાયદેસર રીતે ગર્ભપાત કરવાનો આપતો નથી.
- MTP Act – 1971 ના નિયમ 3(B) મુજબ બળાત્કારથી બચી ગયેલી, સગીર, વિધવા અથવા છૂટા છેડા થયેલી સ્ત્રીઓ અને માનસિક રીતે બિમાર સ્ત્રીઓને ગર્ભપાત કરાવી શકે છે.
- કોર્ટના આદેશ મુજબ ભારતીય બંધારણની કલમ 21 મુજબ મહિલાઓને પ્રજનન સ્વત્રંતતા, ગૌરવ અને ગોપનીયતાનો અધિકાર આપવામાં આવ્યો છે, જે અપરિણીત મહિલાઓને બાળક ને જન્મ આપવો કે નહિ તે પંસદ કરવાનો અધિકાર આપે છે. જે પરિણીત મહિલાઓને અધિકાર મળેલ છે.

**Medical Termination of Pregnancy Act - 1971 વિશે...**

**શરૂઆત** : 10 ઓગસ્ટ 1971
**મંત્રાલય** : કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય

- MTP એકટમાં નવો સુધારો વર્ષ 2021 માં કરવામાં આવ્યો હતો.
- આ એકટ ભારતમાં જમ્મુ કાશ્મીર સિવાય બધા રાજય માટે લાગુ પડે છે.

- કોર્ટના આદેશ અનુસાર બળાત્કારના અર્થમાં વૈવાહિક બળાત્કારનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

### રેડિયો સિરિઝ 'મતદાતા જંકશન' લોન્ચ

- તાજેતરમાં મૂખ્ય ચૂંટણી કમિશ્નર (Chief election Commissioner) રાજીવ કુમાર દ્વારા રેડિયો સિરિઝ 'Matdata Junction' લોન્ચ કરવામાં આવી છે, જેનુ પ્રસારણ ટ્વિટર, યુટયુબ અને ન્યૂઝ ઓન એર પર કરવામાં આવશે.




- મતદાતા જંકશન એ ભારતીય ચૂંટણી પંચ (ECI) અને ઓલ ઈન્ડિયા રેડિયો (AIR) દ્વારા સંયુકત રીતે શરૂ કરાયેલ એક વર્ષ લાંબા મતદાર જાગૃત્તિ કાર્યક્રમ છે, જેમાં કુલ 52 એપિસોડ છે.
- આ કાર્યક્રમમાં માહિતી અને મનોરંજનનું મિશ્રણ છે, જેનો હેતુ મતદાન પ્રત્યે શહેરી વસતીની ઉદાસીનતાને દૂર કરવા અને લોકશાહીની સુરક્ષામાં ચૂંટણીના મહત્વ વિશે જાગૃતિ લાવવાનો છે.
- આ કાર્યક્રમમાં ચૂંટણી કેવી રીતે હાથ ધરવામાં આવે છે તેના વિશે સમજ પ્રદાન કરાશે.
- આ કાર્યક્રમ 15 મિનિટ સુધી ચાલશે અને દર શુક્રવારે All India Radio (AIR) નેટવર્ક પર 7 થી 9 PM દરમિયાન પ્રસારિત થશે.
- આ કાર્યક્રમ હિન્દી, અંગ્રેજી અને અન્ય પ્રાદેશિક ભાષાઓ સહિત 23 ભાષાઓમાં પ્રસારિત થશે.
- આ કાર્યક્રમ મતદારોના પરિપ્રેક્ષ્યમાં ચૂંટણીના વિવિધ પાસાઓ અને ચૂંટણી સંબંધિત પ્રક્રિયાઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે.
- આ કાર્યક્રમ એપિસોડ થીમ આધારિત હશે, જેમ કે મતદાર નોધણી Electronic Voting Machine (EVM) જાણકાર અને નૈતિક મતદાન, મતનું મુલ્ય, સમાવેશી અને સુલભ ચૂંટણીઓ, ચૂંટણી અધિકારીઓની વાર્તાઓ, આદર્શ આચાર સંહિતા અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી(IT) એપ્લિકેશન વગેરે છે.

- આ કાર્યક્રમના પ્રથમ એપિસોડની થીમ 'મતદાર નોંધણી' છે જે 7 મી ઓકટોબરના રોજ પ્રસાહિત થશે.
- આ કાર્યક્રમમાં Interactive Messaging Features છે, જે પ્રથમ વખત મતદારોને મતદાન કરવા અને ચૂંટણી દરમિયાન માહિતગાર નિર્ણયો લેવા પ્રોત્સાહિત કરશે.
- આ કાર્યક્રમમાં Election Commission of India (ECI) ના Systemic Voters Education and Eletoral Participation (SVEEP) વિભાગ દ્વારા નિર્મિત નાટક, વાર્તા, નિષ્ણાતોના ઈન્ટરવ્યુ, ક્વિઝ તેમજ ગીતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- આ કાર્યક્રમમાં સિટીઝન કોર્નર પણ છે, જે નાગરિકોને પૂછપરછ કરવા, ચૂંટણી પ્રક્રિયાને વધુ સહભાગી અને સમાવિષ્ટ બનાવવા અને તેને સુધારવા માટે સૂચનો આપવા સક્ષમ બનાવે છે.

**Election Commission of India (ECI) વિશે...**

**રચના** : 25 જાન્યુઆરી, 1950
**વડુમથક** : નવી દિલ્હી
**મંત્રાલય** : કેન્દ્રીય ગૃહ મંત્રાલય
**બંધારણીય અનુચ્છેદ** : 324 થી 329

## Armed forces (Special Powers) Act (AFSPA) – 1958નો સમયગાળો વધારવામાં આવ્યો

- તાજેતરમાં કેન્દ્રિય ગૃહમંત્રાલય દ્વારા અરૂણાચલ પ્રદેશ અને નાગાલેન્ડના 12 જિલ્લાઓમાં Armed Forces (Special Powers) Act – 1958 નો સમયગાળો 6 મહિના માટે વધારવામાં આવ્યો છે.
- આ અધિનિયમનો વિસ્તરણ 1 ઓકટોબર 2022 થી 30 માર્ચ 2023 સુધી અમલમાં રહેશે.
- આ અધિનિયમ સુરક્ષા દળોને કોઈપણ પૂર્વ વોરંટ વિના ઓપરેશન ચલાવવા અને ધરપકડ કરવાની સત્તા આપે છે.
- આ અધિનિયમ વર્ષ 2015 માં ત્રિપુરામાં, વર્ષ 2018 માં મેઘાલયમાં અને વર્ષ 1980 માં મિઝોરમમાં સંપૂર્ણ પણે રદ કરવામાં આવ્યો છે.
- આ અધિનિયમ વર્તમાનમાં આસામ, નાગાલેન્ડ, મણિપુર અને અરૂણાચલ પ્રદેશના કેટલાક ભાગોમાં છે.




**Armed Forces (Special Powers) Act - 1958 વિશે...**

**શરૂઆત** : વર્ષ 1958
**મંત્રાલય** : ગૃહમંત્રાલય (મંત્રી અમિત શાહ)
**ઉદ્દેશ** : અંશાત વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાનો છે.

## Bharat Skills લર્નિંગ પ્લેટફોર્મનું નવુ ફીચર લોન્ચ કરવામાં આવ્યું

- તાજેતરમાં Bharatskills લર્નિંગ પ્લેટફોર્મનું નવું ફીચર 'Bharat Skills Forum' લોન્ચ કરવામાં આવ્યું છે.
- આ ફીચર પુસ્તકો, વિડિયો, પ્રશ્ન બેંક, તાલીમાર્થીઓની નોંધો , PDF અને સ્કેન કરેલી નકલોને તાલીમાર્થીઓ માટે કોઈ પણ ભાષામાં શેર કરવા સક્ષમ બનાવશે.




**Bharat Skills Learning Platform વિશે...**

**શરૂઆત** : ઓકટોબર 2019 (ઓનલાઈન લર્નિંગ પ્લેટફોર્મ)
**મંત્રાલય** : કેન્દ્રીય કૌશલ્ય વિકાસ અને સાહસિકતા મંત્રાલય (ધર્મેન્દ્ર પ્રધાન)
**હેતુ** : તાલીમાર્થીઓ, પ્રશિક્ષકો અને ઉદ્યોગપતિઓ માટે ડિજિટલ પ્લેટફોર્મ પૂર પાડવાનો હેતુ છે.શાત વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાનો છે.

## Her START પહેલની શરૂઆત

- તાજેતરમાં ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા 'Her START' પહેલ લોન્ચ કરવામાં આવી છે જેને Gujarat University Startup and Entroprenwership Council (GUSEC) દ્વારા અમલમાં લાવવામાં આવી છે.
- આ પહેલને ગુજરાત રાજય સરકાર, કેન્દ્ર સરકાર અને United Nation Children Emergency Fund (UNICEF) દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે.




- આ પહેલનો હેતુ મહિલાઓની આગેવાની હેઠળની સ્ટાર્ટઅપ્સને સ્કેલ અપ (વધારવા) માટે મદદ કરવાનો છે, જે મહિલાઓની આગેવાની હેઠળના સ્ટાર્ટઅપ્સને ખાનગી અને સરકારી પ્લેટફોર્મ સાથે જોડશે.
- આ પહેલ મહિલા સાહસિકોના નવીન વિચારોને આગળ વધારવામાં પણ મદદ કરશે.
- આ પહેલ મહત્વાકાંક્ષી મહિલા સાહસિકોને ડિજિટલ સમુદાય અને તેમની સફળતાની વાર્તાઓ દર્શાવતા ડિજિટલ પ્રકાશન ઉપરાંત નિ:શુલ્ક ઓનલાઈન સંસાધનો અને તાલીમ મોડયુલ આપે છે.
- આ પહેલમાં her Start Incubator અને her STARTAccelerator નો સમાવેશ થાય છે.
- આ પહેલના ભાગરૂપે 15,000 થી વધુ મહિલા સાહસિકો માટે ભાગીદારી ઓનલાઈન અને ઓફલાઈન મોડમાં આયોજન કરવામાં આવ્યું છે.
- આ પહેલની શરૂઆત દરમિયાન રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા Her START પહેલ માટે સમર્પિત 10 મહિલા આગેવાની સ્ટાર્ટઅપ અને ઉદ્યોગ સાહસિકોનું સન્માન કરવામાં આવ્યું છે. અને 164 કરોડ રૂપિયાના 11 શિક્ષણ વિકાસ પ્રોજેકટનું લોકાર્પણ કરવામાં આવ્યું છે.
- વર્તમાનમાં ગુજરાત યુનિવર્સિટીમાં 450 સ્ટાર્ટઅપ પ્રોજેકટ કાર્યરત છે જેમાંથી 125 પ્રોજેકટનું નેતૃત્વ મહિલાઓ કરી રહી છે.

### UNICEF (United Nation Children Emergency Fund) વિશે...

| | |
|---|---|
| **સ્થાપના** | : ડિસેમ્બર 1946 |
| **વડુમથક** | : ન્યુયોર્ક (યુનાઈટેડ સ્ટેટ્સ) |
| **સભ્ય દેશો** | : 190 થી વધુ |
| **હેતુ** | : બાળકોના જીવન બચાવવા, તેમના અધિકારોની રક્ષા કરવા અને બાળપણથી લઈને કિશોરાવસ્થા સુધી તેમની ક્ષમતાઓને પૂર્ણ કરવામાં મદદ કરવાનો છે. |

### Gujarat વિશે...

| | |
|---|---|
| **સ્થાપના** | : 1 મે 1960 |
| **રજયપાલ** | : આચાર્ય દેવવ્રત |
| **મુખ્યમંત્રી** | : ભૂપેન્દ્ર પટેલ |
| **રાજધાની** | : ગાંધીનગર |

## Quality Council of India (QCI) ના 25 વર્ષ પૂર્ણ થયા

- QCI ની સ્થાપના વર્ષ 1996 માં એક રાષ્ટ્રીય સંસ્થા તરીકે કરવામાં આવી હતી, જેને PPP (Public – Private Partnership) દ્વારા એક સ્વાયત્ત સંસ્થા તરીકે સ્થાપવામાં આવી હતી.
- QCI એ Society registration Act 1860 હેઠળ નોધાયેલ બિન–લાભકારી સંસ્થા છે.
- QCI એ વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના નેજા હેઠળ કાર્ય કરે છે.
- QCI 38 સભ્યોની કાઉન્સિલ દ્વારા સંચાલિત થાય છે.
- QCI ના અધ્યક્ષની નિમણૂક વડાપ્રધાન દ્વારા ઉદ્યોગપતિઓની ભલામણના આધારે કરવામાં આવે છે.
- QCI નો હેતુ સ્વંતત્ર તૃતીય પક્ષની આકારણી માટે એક મિકેનિઝમ (તંત્ર) બનાવવાનો છે.

## Multi – State Co-operative Societies (MSCS) Amendment 2022 બિલને મંજૂરી આપવામાં આવી

- તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટ દ્વારા મલ્ટી સ્ટેટ કો–ઓપરેટિવ સોસાયટીઝ સુધારા બિલ 2022 ને મંજૂરી આપવામાં આવી છે, જે મલ્ટી સ્ટેટ કો– ઓપરેટિવ સોસાયટીઝ એકટ–2002 માં સુધારો કરવામાં આવશે.
- સહકારી ક્ષેત્રના વિકાસને નવેસરથી પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે જુલાઈ 2021 માં નવા સહકાર મંત્રાલયની રચના કરવામાં આવી હતી.
- આ સુધારા બિલ વેપાર કરવામાં સરળતા, વધુ પારદર્શિતા લાવવા અને શાસન વધારાવાનો પ્રયાસ કરશે.
- આ સુધારા બિલમાં બહુ – રાજ્ય સહકારી મંડળીઓના બોર્ડમાં મહિલાઓ અને અનુસૂચિત જાતિ અને જનજાતિના સભ્યોના પ્રતિનિધિત્વને લગતી જોગવાઈઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- આ સુધારા બિલ ચૂંટણી પ્રક્રિયામાં સુધારો કરવા, મોનિટરિંગ મિકેનિઝમને મજબૂત કરવા અને જવાબદારી વધારવા માટે લાવવામાં આવ્યું છે.
- આ સુધારા બિલ બોર્ડની રચનાને પણ વિસ્તૃત કરશે, આ ઉપરાંત બહુ રાજ્ય સહકારી મંડળીઓને ભંડોળ એકત્ર કરવા સક્ષમ બનાવશે.

- આ સુધારા બિલમાં બહુ રાજ્ય સહકારી મંડળીઓના શાસને સુધારવા માટે સહકારી ચૂંટણી સત્તામંડળ, સરકારી માહિતી અધિકારી અને સહકારી લોકપાલની સ્થાપના માટે ચોક્કસ જોગવાઈઓ કરવામાં આવી છે.
- આ સુધારા બિલમાં મલ્ટિ–સ્ટેટ કોઓપરેટિવ સોસાયટીઓમાં તેમને ભંડોળ ઉભા કરવામાં મદદ કરવા માટે Non- Voting Share જાહેર કરવાની જોગવાઈ પણ છે.
- આ સુધારા બિલમાં 97માં બંધારણીય સુધારાની જોગવાઈઓનો સમાવેશ કરવામાં આવશે.
- ભારતમાં વર્તમાનમાં લગભગ 8 લાખ સહકારી મંડળીઓ છે, જેમાંથી લગભગ 1600 MSCS છે, જે એક કરતા વધુ રાજ્યોમાં સભ્યોના હિતમાં સેવા આપે છે. ઉદા : IFFCO, Kribhco અને NAFED વગેરે.




**Sahkari Mandli (સહકારી મંડળીઓ) વિશે...**

- સહકારી મંડળીએ સામાન્ય જરૂરિયાતો ધરાવતી વ્યકિતઓનું સ્વૈચ્છિક સગંઠન છે, જે સામાન્ય આર્થિક હિતની સિદ્ધિ માટે એકસાથે કામ કરે છે.
- સહકારી મંડળીઓ સભ્યો અને કાર્યક્ષેત્રો એક કરતા વધુ રાજયોમાં ફેલાયેલા છે.
- 1600 બહુ – રાજય સહકારી મંડળીઓમાંથી બહુમતી મહરાષ્ટ્રમાં 570, ઉત્તરપ્રદેશમાં 150 અને નવી દિલ્હી માં 133 છે.
- સહકારી મંડળીઓ સહકાર મંત્રાલય હેઠળ કાર્ય કરે છે.

## એકતાનગર ખાતે અખિલ ભારતીય પરિષદનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું.

- તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કાયદા પ્રધાનો અને કાયદા સચિવોની અખિલ ભારતીય પરિષદનું ઉદ્‌ઘાટન એકતાનગર (ગુજરાતમાં) કરવામાં આવ્યું છે.




- આ પરિષદનું ઉદ્‌ઘાટન કરતી વખતે વડા પ્રધાન દ્વારા ન્યાય પ્રક્રિયાને સરળ બનાવવા માટે કાયદાકીય વ્યવસ્થામાં પ્રાદેશિક ભાષાઓના ઉપયોગને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે.
- આ પરિષદમાં જણાવ્યા મુજબ ન્યાયની સરળતા લાવવા માટે નવા કાયદા સ્પષ્ટ રીતે અને પ્રાદેશિક ભાષાઓમાં લખવા જોઈએ જેથી કરીને સામાન્ય વ્યકિતઓ પણ તેને સરળતાથી સમજી શકે અને કાનૂની ભાષા નાગરિકો માટે અવરોધ ન બને.
- આ કોન્ફરન્સનો ઉદ્દેશ ભારતીય કાનૂની અને ન્યાયિક પ્રણાલીને લગતા મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે નીતિ નિર્માતાઓને એક સામાન્ય મંચ આપવાનો છે.
- આ કોન્ફરન્સમાં કેસોની વિલંબતા ઘટાડવા અને ઝડપી નિકાલ સુનિશ્ચિત કરવા, કેન્દ્ર અને રાજયના બેહતર સંકલન માટે રાજ્ય બિલ સંબંધિત દરખાસ્તોમાં એકરૂપતા લાવવા અને રાજયની કાયદા પ્રણાલીને મજબૂત કરવા પર ચર્ચા કરવામાં આવી છે.

### ❖ ભાષા સબંધિત જોગવાઈઓ

- બ્રિટિશ શાસન દરમિયાન અંગ્રેજો દ્વારા કોડીફાઈડ કાયદાકીય પ્રણાલી સાથે અંગ્રેજીને સત્તાવાર ભાષા તરીકે રજુ કરવામાં આવી હતી.
- સ્વતંત્રતા બાદ ભારતીય બંધારણના અનુચ્છેદ 343 એવી જોગવાઈ કરે છે કે સંઘની સત્તાવાર ભાષા દેવનાગરી લિપિમાં હિન્દી રહેશે.
- ભારતીય બંધારણની કલમ 348(1) એવી જોગવાઈ કરે છે કે જયાં સુધી સંસદ કાયદા દ્વારા કાનૂની વ્યવસ્થામાં અન્ય ભાષાની જોગવાઈ ન કરવામાં આવે ત્યા સુધી સુપ્રીમ કોર્ટ અને દરેક હાઈકોર્ટમાં તમામ કાર્યવાહી અંગ્રેજી ભાષામાં થશે.
- ભારતીય સંસદ દ્વારા વર્તમાન સુધી પ્રાદેશિક ભાષા અંગે કોઈ કાયદો આવ્યો નથી, સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટમાં તમામ કાર્યવાહી અંગ્રેજી ભાષામાં ચાલુ રહેશે.

## ન્યુઝીલેન્ડની સંસદમાં મહિલા પ્રતિનિધિઓની સખ્યામાં વધારો



- તાજેતરમાં ન્યુઝીલેન્ડ (ઓશિનિયા ખંડનો એક દેશ) ની સંસદમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ 50% થી વધી ગયુ છે.
- ઈન્ટર પાર્લામેન્ટરી યુનિયન (IPU) મુજબ ન્યુઝીલેન્ડ વિશ્વના એવા દેશોમાં સામેલ છે, જે વર્ષ 2022 સુધીમાં તેમની સંસદમાં ઓછામાં ઓછી 50% મહિલા પ્રતિનિધિત્વનો દાવો કરી શકે છે.
- અન્ય દેશો જેમકે કયુબા, મેકિસકો, નિકારુગુઆ, રવાન્ડા અને સંયુકત આરબ, અમીરાત જેવા દેશો તેમની સંસદમાં ઓછામાં ઓછી 50% મહિલા પ્રતિનિધિઓ ધરાવે છે.
- વૈશ્વિક સ્તરે લગભગ 26% મહિલા ધારાસભ્યો છે.
- IPU મુજબ ભારતમાં લોકસભાના કુલ સભ્યોમાંથી 14.44% મહિલા પ્રતિનિધિઓ છે.
- Election Commission of India ના નવીનત્તમ ડેટા અનુસાર ભારતીય સંસદમાં કુલ સભ્યોના 10.5% મહિલા પ્રતિનિધિઓ છે અને ભારતના તમામ રાજય વિધાન સભાઓનાં મહિલા પ્રતિનિધિઓની ટકાવારી રાષ્ટ્રીય સરેરાશ 9% છે.
- વર્તમાનમાં ભારતની સંસદમાં મહિલા પ્રતિનિધિઓની સંખ્યા પાકિસ્તાન, બાંગ્લાદેશ અને નેપાળથી ઓછી અને શ્રીલંકા થી વધારે છે.

### Inter Parliamentary Union (IPU) વિશે...

**સ્થાપના** : વર્ષ 1889 માં પેરિસમાં કરવામાં આવી હતી.
**વડુમથક** : જીનીવા સ્વિટઝર્લેન્ડ
**સભ્યો** : 178 દેશો
**ઉદ્દેશ** : વિશ્વભરમાં સંસદીય સંવાદને પ્રોત્સાહન આપવું અને લોકો વચ્ચે શાંતિ અને સહકાર માટે કામ કરવું.

### New zealand વિશે...

**રાજધાની** : વેલિંગ્ટન
**ચલણ** : The New Zealand dollor
**વડાપ્રધાન** : Jacinda Ardern (વર્ષ 2017 થી)
**સંસદ** : Beehive



# 2 આંતરરાજ્ય

## રાજસ્થાન ઈન્ટરનેશનલ ફોક ફેસ્ટિવલ (Folk Festival) નું આયોજન કરવામાં આવ્યું.



- તાજેતરમાં રાજસ્થાન સરકાર દ્વારા ઈન્ટરનેશનલ ફોક ફેસ્ટિવલ (Rajasthan Inter National Folk Festival) ની 13મી આવૃત્તિ 6 થી 10 ઓકટોબર 2022 દરમિયાન આયોજિત કરવામાં આવી છે.
- આ ફેસ્ટિવલનું આયોજન કોવિડ – 19 મહામારીના કારણે 2 વર્ષ બાદ જોધપુરના મેહરાનગઢ કિલ્લામાં કરવામાં આવ્યું છે.
- આ ફેસ્ટિવલ વિવિધ ભાષાકીય, વંશીય અને રાષ્ટ્રીય પૃષ્ઠભૂમિ ધરાવતા ભારતીય અને આંતરરાષ્ટ્રીય કલાકારો દ્વારા પ્રદર્શનનું મિશ્રણ છે.
- આ વર્ષની ઈવેન્ટ દરમિયાન 7 ભારતીય રાજયો અને 8 વિદેશી દેશો (મેકિસકો, આયર્લેન્ડ, વેલ્સ, નેધરલેન્ડ, મોરિશિયસ, બ્રાજિલ, ઈઝરાયેલ અને તુર્કી) ના 250 થી વધુ કલાકારોએ તેમની પ્રતિભા દર્શાવી છે.
- આ વર્ષની ફેસ્ટિવલની મુખ્ય વિશેષતા citadels of the sun એટલે સૂર્યનો ગઢ છે, આ એક રાજસ્થાની અને આઈરીશ સહયોગ છે જે જોધપુર RIFF અને આયર્લેન્ડના ઈરાગેઈલ આર્ટ ફેસ્ટિવલ દ્વારા શરૂ કરવામાં આવ્યો હતો.
- આ ફેસ્ટિવલ દરમિયાન નવા કાર્યરત સંગીતનું પ્રદર્શન બે ઐતિહાસિક કિલ્લાઓ (1) આઈલેચ કિલ્લાના ગ્રિયાનન, (2) મેહરાનગઢ કિલ્લા પર કરવામાં આવ્યું હતું.
- આ ફેસ્ટિવલ દરમિયાન તુર્કીના યર્દલ ટોકકન (લોકપ્રિય ઔડ પ્લેયર) નું પ્રદર્શન કરવામાં આવ્યુ હતું.

**Rajasthan International Folk Festival (RIFF) વિશે...**

**શરૂઆત :** ઓકટોબર 2007માં જયપુર હેરિટેજ ફાઉન્ડેશન અને મહેરાનગઢ મ્યુઝિયમ ટ્રસ્ટ વચ્ચે બિન – લાભકારી ભાગીદારી તરીકે શરૂઆત કરવામાં આવી હતી.

- આ ફેસ્ટિવલ શરદ પૂર્ણિમા સાથે એકરૂપ છે, જે વર્ષનો સૌથી તેજસ્વી પૂર્ણિમાં હોય છે.
- આ ફેસ્ટિવલનો મુખ્ય સરંક્ષક એચ.એચ.ગજસિંહ છે, જેઓ વર્ષ 1952 માં જોધપુરન મહારાજા બન્યા હતા, ત્યારબાદ ભારતીય સંસદના સભ્ય અને ભારતના હાઈકમિશનર તરીકે સેવા આપી હતી.
- United nations educational, Scientific and Cultural organization (UNESCO) આ ફેસ્ટિવલને 'People's Platform for Creativity and Sustainable Development' તરીકે ઓળખે છે.

## 4th Heli – India સંમેલન – 2022 નું આયોજન

- તાજેતરમાં કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રાલયની મંત્રી જયોતિરાદિત્ય સિંધિયા દ્વારા કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મું અને કાશમીરમાં શેર – એ – કાશમીર ઈન્ટરનેશન કોનફરન્સ સેન્ટર (શ્રીનગર) ખાતે 4th Heli – India Summit – 2022 નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે.
- આ સમિટની થીમ 'Helicopters for Last Mile Connectivity' છે.




- આ સમિટ દરમિયાન કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રીના જણાવ્યા મુજબ વર્ષ 1947 થી 2014 સુધી ભારતમાં માત્ર 74 એરપોર્ટ હતા, પરંતુ વર્તમાનમાં 141 એરપોર્ટ છે, જેમાં છેલ્લા 7 વર્ષમાં 67 નવા એરપોર્ટનો સમાવેશ થયો છે.
- આ સમિટ દરમિયાન જમ્મુમાં સિવિલ એન્કલેવ બનાવવાની દરખાસ્ત કરવામાં આવી છે અને શ્રીનગરના વર્તમાનમાં ટર્મિનલનું ત્રીજી વખત વિસ્તરણ કરવામાં આવશે.
- આ સમિટમાં ફેકશનલ ઓનરશીપ મોડલ પ્રોજેકટ અને Helicopter Emergency Medical Services (HEMS) પાયલોટ પ્રોજેકટ વિકસાવવાની જાહેરાત કરવામાં આવી છે.

❖ **વિશેષ :**

- HEMS ને પ્રોજેકટ સંજીવની પણ કહેવાય છે, જેને AIIMS ઋષિકેશ (ઉત્તરાખંડ) ખાતે ઈમરજન્સી મેડિકલ સેવાઓ પૂરી પાડવા માટે હેલિકોપ્ટર તૈનાત કરવામાં આવે છે.
- હેલિકોપ્ટર 20 મિનિટની નોટિસના આધારે હોસ્પિટલમાં પહોચશે અને 150 કી.મી. ત્રિજયાના વિસ્તારને આવરી લેશે.
- ભારત વર્તમાનમાં વિશ્વનું 7 મું સૌથી મોટુ નાગરિક ઉડ્ડયન બજાર છે, જે આગામી 10 વર્ષમાં ત્રીજુ સૌથી મોટુ નાગરિક ઉડ્ડયન બજાર બનવાની સંભાવના છે.

## વડાપ્રધાન દ્વારા મહાકાલ લોક કોરિડોરનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું.

- તાજેતરમાં ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા મધ્યપ્રદેશના ઉજ્જૈનમાં 'શ્રી મહાકાલ લોક' કોરિડોરના પ્રથમ તબક્કાનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે.
- મહાકાલ મંદિર એ વારાણસીમાં વિશ્વનાથ મંદિર અને ઉત્તરાખંડમાં કેદારનાથ મંદિર બાદ ત્રીજુ જ્યોતિલિંગ સ્થળ છે.
- આ કોરિડોર કાશી વિશ્વનાથ કરતા 4 ગણો મોટો છે, જેનું વડાપ્રધાન દ્વારા ગયા વર્ષે (2021) ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.
- આ પ્રોજેક્ટ હેઠળ સમગ્ર વિસ્તારને ભીડમુક્ત કરવામાં આવશે અને હેરિટેજ સ્ટ્રક્ચર્સનું સંરક્ષણ અને પુનઃસ્થાપન કરવામાં આવશે.
- આ કોરિડોર 850 કરોડના મહાકાલેશ્વર મંદિર કોરિડોર ડેવલપમેન્ટ પ્રોજેક્ટના પ્રથમ તબક્કાનો એક ભાગ છે.
- આ કોરિડોર પ્રોજેક્ટ હેઠળ મંદિર પરિસરનો લગભગ 7 ગણો ભાગ વિસ્તરણ કરવામાં આવશે.
- આ કોરિડોરના ઉદ્‌ઘાટન સમારોહનુ 40 દેશોમાં લાઈવ પ્રસારણ કરવામાં આવ્યું છે.
- આ પ્રોજેક્ટનું આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને સર્વેલન્સ કેમેરાની મદદથી Integrated Command and Control Center દ્વારા સમગ્ર પરિસરનું 24 × 7 મોનિટરિંગ કરવામાં આવશે.



- આ કોરિડોરમાં 108 સ્તંભો છે, જે ભગવાન શિવના આનંદ તાંડવ સ્વરૂપ (નૃત્ય સ્વરૂપ)ને દર્શાવે છે.
- આ કોરિડોર 900 મીટરથી વધુ લાંબો છે, જે દેશના સૌથી મોટા કોરિડોરમાંનો એક છે.

❖ **વિશેષ**

- મહાકાલ મંદિર ભારતમા 12 જયોતિલિંગ સ્થળોમાનું એક છે.
- જયોતિલિંગ સ્થાનોને શિવનું સ્વરૂપ માનવામાં આવે છે.
- મહાકાલ મંદિર એકમાત્ર જયોતિલિંગ છે,જેનું મુખ દક્ષિણ તરફ છે.



# 3 ગુજરાત

## ભારત દ્વારા છોડ આધારિત માંસ ઉત્પાદનોની નિકાસ કરવામાં આવી.

- તાજેતરમાં APEDA (Agriculture and Processed Food Products expert Development Authority) શાકાહારી ખાદ્ય કેટેગરી હેઠળ ગુજરાતમાંથી કેલિફોર્નિયા, (યુસેસએ)માં છોડ આધારિત માંસ ઉત્પાદનોના પ્રથમ કન્સાઈનમેન્ટની નિકાસની સુવિધા આપી છે. વેગન ફૂડ પ્રોડક્ટ્સ વિકસિત દેશોમાં તેમના સમૃદ્ધ ફાઈબર, ઉચ્ચ પોષક તત્વો અને નીચા કોલેસ્ટ્રોલ સ્તરને કારણે ખૂબ જ લોકપ્રિય છે. છોડ આધારિત માંસ ઉત્પાદનોની ભારતની પ્રથમ નિકાસ ગુજરાતમાં સ્થિત ભારતીય કંપની ગ્રીનેસ્ટ ફૂડ્સ દ્વારા કરવામાં આવી હતી. ગ્રીનેસ્ટ ફૂડ્સ અને હોલસમ ફૂડ્સના સહયોગથી આ સિદ્ધિ હાંસલ કરવામાં આવી છે. શાકાહારી જીવનશૈલીને મોટા પાયે અપનાવવાથી છોડ આધારિત માંસ ઉત્પાદનોને પ્રોત્સાહન મળી શકે છે. નોંધનીય છે કે એગ્રીકલ્ચર એન્ડ પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સ એકસપર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી (APEDA) એ નિકાસ વેપારને પ્રોત્સાહન આપવા માટે સંકળાયેલી સર્વોચ્ચ સરકારી સંસ્થા છે.

### Agriculture and Processed Food Products expert Developement Authority (APEDA) વિશે...

**સ્થાપના** : 13 ફેબ્રુઆરી, 1986
**મંત્રાલય** : કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય
**વડુમથક** : નવી દિલ્હી
**હેતુ** : કૃષિ અને પ્રોસેસ્ડ પ્રોડક્ટ્સના નિકાસને પ્રોત્સાહન આપવાનો છે.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમથી 36 મી નેશનલ ગેમ્સનો પ્રારંભ કરાવ્યો.

- તાજેતરમાં ગુજરાતની યજમાનીમાં યોજાઈ રહેલી 36 મી નેશનલ ગેમ્સનો પ્રારંભ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમથી કરાવ્યો છે. નેશનલ ગેમ્સનો શુભારંભ કરાવતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, દેશની પ્રગતિ અને વૈશ્વિક ફલક પર સન્માનનો રમત–ગમત સાથે સીધો સંબંધ છે. યુવાનો રાષ્ટ્ર ઘડતરમાં મહત્વનું યોગદાન આપે છે. જયારે સ્પોર્ટ્સ યુવાનોમાં ઉર્જા અને ઉત્તમ જીવન નિર્માણનો પ્રમુખ સ્ત્રોત બની રહી છે. આ પ્રસંગે 750 થી વધુ કલાકારો દ્વારા 'જય જય ગરવી ગુજરાતની ગાથા' પ્રસ્તુત કરવામાં આવી હતી.

### National Games વિશે...

- નેશનલ ગેમ્સની શરૂઆત ઓલિમ્પિક ચળવળમાંથી થઈ હતી, જે 1920ના દાયકામાં ભારતમાં અત્યંત લોકપ્રિય બની હતી.
- શરૂઆતના વર્ષોમાં ભારતની રાષ્ટ્રીય રમતોનું આયોજન ભારતીય ઓલિમ્પિક રમતો દ્વારા કરવામાં આવ્યું હતું.
- ભારતીય ઓલિમ્પિક ગેમ્સની પ્રથમ આવૃત્તિ 1924માં લાહોર (વર્તમાન પાકિસ્તાન)માં યોજાઈ હતી.
- ભારતીય ઓલિમ્પિક ગેમ્સને 1940ના દાયકાની શરૂઆતમાં રાષ્ટ્રીય રમત તરીકે નિયુકત કરવામાં આવી હતી.
- ઉત્તરપ્રદેશના લખનૌ શહેરે સ્વતંત્ર ભારતમાં રાષ્ટ્રીય રમતોની શરૂઆતની આવૃત્તિનું આયોજન કર્યું હતું.
- આ ગેમ્નો સમયગાળો અને નિયમો ભારતીય ઓલિમ્પિક સંઘા અધિકારક્ષેત્ર હેઠળ આવે છે.
- હવે પછી વર્ષ 2023માં ગોવામાં નેશનલ ગેમ્સનું આયોજન થશે.

## ગિફટસિટી, ગાંધીનગર ખાતે 'આઝાદી @75:PM ગતિશકિત ગુજરાતનું આયોજન કરવામાં આવ્યું.

- તાજેતરમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા અમલી કરેલા 'PM ગતિ શકિત નેશનલ માસ્ટર પ્લાન' ના અમલીકરણ માટે ગિફ્ટ સિટી, ગાંધીનગર ખાતે 'આઝાદી @75:PM ગતિ શકિત ગુજરાત' અંતર્ગત યોજાયેલા સેમિનારમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે PM ગતિશકિત ગુજરાત' પોર્ટલનું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. આ પોર્ટલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનને સાકાર કરવા તથા આ માસ્ટર પ્લાનના ઝડપી અમલીકરણ માટે ખૂબ જ મહત્વપૂર્ણ સાબિત થશે.

## વિશ્વવિખ્યાત IBM સોફટવેર લેબનો ગિફટ સિટીમાં શુભારંભ

- તાજેતરમાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગિફ્ટ સિટીના પ્રોસ્ટિજ ટાવરમાં કાર્યરત થઈ રહેલી IBM સોફટવેર લેબનું ઉદ્ઘાટન કર્યુ હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડ્રીમ પ્રોજેકટ એવા ગિફ્ટ સિટીમાં કાર્યરત થઈ રહેલી IBM ની સોફટવેર લેબ કલાઉડ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ માટે ગુજરાતમાં સ્કીલ્ડ મેનપાવર તૈયાર કરવામાં નવું બળ પૂરું પાડશે.
- આ લેબ ઉચ્ચ ગુણવતાયુકત કૌશલ્ય નિર્માણને વેગ આપશે, અને ગુજરાતના કુશળ યુવા આઈટી પ્રોફેશનલ્સ માટે નોકરીઓનું સર્જન કરવામાં મદદ કરશે.

## 'Modi@20 Dreams Meet Delivery' પુસ્તકની ગુજરાતી આવૃત્તિનુ વિમોચન

- તાજેતરમાં ગાંધીનગરમાં એક સમારંભમાં કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે 'મોદી @20: ડ્રીમ્સ મીટ ડિલિવરી' નામના પુસ્તકની ગુજરાતી આવૃત્તિનું વિમોચન કર્યુ છે. આ પુસ્તકમાં યોગદાન આપનાર પ્રતિષ્ઠિત વ્યકિતઓએ પુસ્તકમાં તેમના અનુભવ અને વિષયોનું વર્ણન કર્યુ છે. આ પુસ્તક વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના છેલ્લા 20 વર્ષોના રાજકીય જીવનને કેપ્ચર કરે છે, જેમાં ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળથી લઈ વડાપ્રધાન સુધીનો સમાવેશ થાય છે.

## વડાપ્રધાનની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં PMJAY-MA કાર્ડના 50 લાખ વિદ્યાર્થીઓને આયુષ્માન કાર્ડ આપવાનો ગાંધીનગરથી શુભારંભ

- ગુજરાતમાં 50 લાખ પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજનામા કાર્ડ નાગરિકોને અર્પણ કરવાના મહાઅભિયાનનો વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ચ્યુઅલી શુભારંભ કરાવ્યો હતો.
- ગાંધીનગરમાં સિવિલ હોસ્પીટલ સંકુલમાં મેડિકલ હોલ ખાતે યોજાયેલાં રાજયકક્ષાના સમારોહમાં વર્ચ્યુઅલી જોડાયેલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના કેટલાક લાભાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો.

## ગુજરાતમાં National SC – ST Hub કોન્કલેવનું આયોજન

- તાજતેરમાં MSME (Ministry of Micro, Small and Medium Enterprises) મંત્રાલય ગુજરાતમાં National SC – ST Hub (NSSH) યોજના અને કેન્દ્રીય મંત્રાલયની અન્ય યોજનાઓ વિશે જાગૃતિ લાવવા માટે 28 સપ્ટેમ્બરના રોજ રાષ્ટ્રીય SC –ST હબ કોન્કલેવનું આયોજન કરવામાં આવ્યું છે.
- આ કાર્યક્રમમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના 300 થી વધુ સાહસિકોની ભાગીદારી જોવા મળી છે.
- આ કાર્યક્રમમાં નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન લિ., ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા , ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન અને ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ જેવા કેન્દ્રીય જાહેર ક્ષેત્રના સાહસો (Central Public Sector Enterprises) એ ભાગ લીધો છે.
- આ કાર્યક્રમમાં અન્ય સરકારી એજન્સીઓ જેમ કે ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ (KVIC), goverment e market (GeM), ગ્રામીણ સ્વ–રોજગાર તાલીમ સંસ્થાઓ અને અન્યોએ પણ MSME માટે તેમની યોજનાઓ રજૂ કરી હતી.
- આ કોન્કલેવમાં UDYAM register અને GeM register માટે સુવિધા ડેસ્ક પ્રદાન કરવામાં આવ્યું છે.
- UDYAM REGISTER એ સરકારી નોંધણી કે જે માન્યતા પ્રમાણપત્ર અને અન્ય નંબર સાથે પ્રદાન કરવામાં આવે છે.

### National SC-ST Hub (NSSH) યોજના વિશે...

**શરૂઆત** : ઓકટોબર 2016 (SC/ST સમુદાયમાં સમાવેશી અર્થતંત્ર અને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવા માટે શરૂ કરવામાં આવી હતી.

**મંત્રાલય** : કેન્દ્રિય સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલય (MSME)

**હેતુ** : કેન્દ્ર સરકારની માઈક્રો એન્ડ સ્મોલ એન્ટર પ્રાઈઝીસ ઓર્ડર 2012 માટેની જાહેર પ્રાપ્તિ નીતિ હેઠળની જવાબદારીઓને પૂર્ણ કરવાનો છે.

### Khadi and Village Industries Commission વિશે...

**સ્થાપના** : વર્ષ 1956

**મંત્રાલય** : કેન્દ્રીય સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલય

**વડુમથક** : મુંબઈ

**હેતુ** : ખાદી અને ગ્રામોદ્યગોને પ્રોત્સાહન અને વિકાસ કરવા

## DEFENCE EXPO 2022 નું આયોજન

- તાજેતરમાં દ્વિવાર્ષિક DefExpo 2022 ની 12 મી આવૃત્તિ 18 ઓકટોબરથી 22 ઓકટોબર દરમિયાન ગાંધીનગર, ગુજરાતમાં યોજાશે.
- આ અગાઉ DefExpo ની 11 આવૃત્તિ 5 થી 9 ફેબ્રુઆરી 2022 દરમિયાન લખનૌ (ઉત્તર પ્રદેશ) ખાતે અને ઈવેન્ટની 10 મી આવૃત્તિ 2018 માં ચેન્નાઈ (તમિલનાડુ) ખાતે યોજાઈ હતી.
- Defence Expo 2022 ની થીમ Path to Pride (ગૌરવનો માર્ગ) છે, જે આત્મનિર્ભર ભારત પ્રત્યે ભારત સરકારના વિઝનને સમકક્ષ છે.
- આ ઈવેન્ટનો હેતુ સ્થાનિક સંરક્ષણ ઉદ્યોગની શકિતને પ્રદર્શિત કરવાનો છે જે હવે સરકાર અને રાષ્ટ્રના 'મેક ઈન ઈન્ડિયા, અને મેક ફોર ધ વર્લ્ડ' સંકલ્પને પ્રોત્સાહન આપશે.
- DefExpo ભારત, આફ્રિકા ડિફેન્સ ડાયલોગ – India Africa Defence Dialogue) ની 2 જી આવૃત્તિનું આયોજન કરશે, જેમાં 53 આફ્રિકન દેશોને આમંત્રણ આપવામાં આવશે.
- આ ઈવેન્ટમાં પ્રથમ વખત માત્ર ભારતીય પ્રદર્શનકારોને જ મંજૂરી આપવામાં આવી છે, જો કે વિદેશી કંપનીઓને શો દરમિયાન સેમિનાર અને મીટિંગ્સ કરવા માટે આમંત્રિત કરવામાં આવે છે ,જેમાં તેમને ભારતીય સ્ટાર્ટઅપ્સ અને કંપનીઓમાં રોકાણ કરવા માટે આમંત્રિત કરવામાં આવશે.
- આ ઈવેન્ટ અમદાવાદ અને ગાંધીનગરમાં યોજવામાં આવશે, જેમાં સશસ્ત્ર દળો, સંરક્ષણ જાહેર ક્ષેત્રના ઉપક્રમો (Defence Public Sector Undertakings) અને ખાનગી સંસ્થાઓન ઉપકરણો અને કૌશલ્યો દર્શાવતા લાઈવ પ્રદર્શનો સામેલ રહેશે.

- આ ઈવેન્ટ 7 નવી ડીફેન્સ કંપનીઓની રચનાના એક વર્ષની ઉજવણી કરશે, જે અગાઉના Ordinance Factory Board) OFB) માંથી બનાવવામાં આવી છે. આ કંપનીઓ પ્રથમ વખત DefExpo માં ભાગ લેશે.
- આ ઈવેન્ટના ભાગ રૂપે, આર્મી, નેવી, એરફોર્સ, કોસ્ટ ગાર્ડ અને DRDO સાબરમતી રિવર ફ્રન્ટ પર જમીન, નૌકાદળ અને હવાઈ પ્રક્રિયાઓ અને સિસ્ટમોનું લાઈવ પ્રદર્શન કરશે.
- આ જોઈન્ટ લાઈવ પ્રદર્શનમાં કોમ્બેટ ફીફોલ, સારંગ હેલો એરોબેટિકસ, હાઈસ્પીડ બોટ, રન વિરોધી પોસ્ટ્સને ખતમ કરવાનો સમાવેશ થશે.
- આ ઈવેન્ટમાં ભારત– આફ્રિકા સંરક્ષણ સંવાદ (IADD) ની 2જી આવૃત્તિની યજમાનીનો પણ સમાવેશ થશે, જેમાં વિવિધ આફ્રિકન દેશોના સંરક્ષણ પ્રધાનોની સહભાગિતા જોવા મળશે.
- આ ઈવેન્ટ સાથે એક અલગ Indian Ocean Region (IOR) plus કોન્કલેવનું આયોજન પણ કરવામાં આવશે.
- આ ઈવેન્ટનું ઉદ્દેશ આફ્રિકા અને IOR દેશોમાં સંરક્ષણ નિકાસને પ્રોત્સાહન આપવાનું છે.
- DefExpo એ સંરક્ષણ મંત્રાલયની મુખ્ય દ્વિવાર્ષિક ઈવેન્ટ છે, જે જમીન, નૌકાદળ, હવાઈ તેમજ માતૃભૂમિ સુરક્ષા પ્રણાલીઓનું પ્રદર્શન કરે છે.

## ઉદ્યોગોને આત્મનિર્ભરતા માટે “ધ આત્મનિર્ભર ગુજરાત સ્કીમ ફોર આસીસ્ટન્સ ટુ ઈન્ડસ્ટ્રીઝ” લોન્ચ

- તાજેતરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા ઉદ્યોગોને આત્મનિર્ભરતા માટે “ધ આત્મનિર્ભર ગુજરાત સ્કીમ ફોર આસીસ્ટન્સ ટુ ઈન્ડસ્ટ્રીઝ” જાહેર કરવામાં આવ્યો છે.
- આ યોજના હેઠળ સરકારનો ધ્યેય ઉદ્યોગ સાહસિકોની ઉદ્યમતા અને અપેક્ષાઓ, રોકાણના જોખમો ઓછા કરી વધુ પ્રોત્સાહન આપવાનો છે.
- આ સ્કીમ રાજયોમાં ઉદ્યમતા – ઉદ્યોગ સાહસિકતા માટે નવું વાતાવરણ સર્જવા સાથે યુવા સાહસિકોને ઈનોવેશન દ્વારા જોબ ક્રિએટર બનવા માટે પ્રેરિત કરશે અને વિશાળ સંખ્યામાં કવોલિટી જોબ ઓપોર્ચ્યુનિટી ઊભી થશે.
- આ આત્મનિર્ભર ગુજરાત સ્કીમ ફોર આસીસ્ટન્સ ટુ ઈન્ડસ્ટ્રીઝને પરિણમે રાજ્યમાં રૂા. 12.50 લાખ કરોડનું જંગી રોકાણ અને 15 લાખ જેટલા વિશાળ રોજગાર અવસરોનું પણ થશે.
- આ યોજના હેઠળ MSME ને 100% રોકાણ સુધી પ્રોત્સાહન આપે છે.

❖ **આત્મનિર્ભર ગુજરાત સ્કીમ ફોર આસીસ્ટન્સ ટુ મેગા ઈન્ડસ્ટ્રીઝની મુખ્ય વિશેષતાઓ**

- આ સ્કીમ હેઠળ રૂા. 2500 કરોડથી વધુનું રોકાણ ધરાવતા અને 2500થી વધુ લોકોને રોજગારી પૂરી પાડતા ઈન્ડસ્ટ્રીયલ યુનિટ્સને વિશેષ ઈન્સેન્ટિવ્ઝ આપવામાં આવશે.
- ઈન્ડસ્ટ્રીઝને ફિક્સ્ડ કેપિટલ ઈનવેસ્ટમેન્ટના 12 ટકા સુધીની કુલ વ્યાજ સબસિડી આપવામાં આવશે.
- ૧૦ વર્ષ માટે ઈ.પી.એફ. રિએમ્બર્સમેન્ટ આપવામાં આવશે.
- નેટ એસ.જી.એસ.ટી રિએમ્બર્સમેન્ટ પેટે ઉદ્યોગોને ફિક્સ્ડ કેપિટલ ઈન્વેસ્ટમેન્ટના 18 ટકા સુધી 20 વર્ષ સુધી મળશે.
- પ્રોજેકટ માટે ખરીદવામાં આવેલી કે લીઝ માટેની જમીનને સ્ટેમ્પ ડયુટી અને રજીસ્ટ્રેશન ચાર્જમાંથી 100 ટકા માફી મળશે.
- ૫ વર્ષ માટે ઈલેકટ્રીસિટી ડયૂટીથી મૂકિત આપવામાં આવશે.

❖ **આ આત્મનિર્ભર ગુજરાત સ્કીમ ફોર આસીસ્ટન્સ ટુ ઈન્ડસ્ટ્રીઝ અંતર્ગત MSME ને મળનારા લાભો**

- નેટ એસ.જી.એસ.ટી. રિએમ્બર્સમેન્ટ પેટે ઉદ્યોગોને ફિક્સ્ડ કેપિટલ ઈન્વેસ્ટમેન્ટના 75 ટકા સુધી 10 વર્ષ સુધી મળશે.
- માઈક્રો ઈન્ડસ્ટ્રીઝ માટે 35 લાખ રૂપિયા સુધીની કેપિટલ સબસિડી
- એમ.એસ.એમ.ઈ. માટે 7 વર્ષ સુધી 35 લાખ રૂપિયા સુધીની વાર્ષિક વ્યાજ સબસિડી
- ૧૦ વર્ષ માટે ઈ.પી.એફ. રિએમ્બર્સમેન્ટ
- ૫ વર્ષ માટે વીજડયુટીમાંથી મુકિત
- મહિલાઓ, યુવાનો અને દિવ્યાંગ ઉદ્યોગ સાહસિકો માટે વધારાના ઈન્સેન્ટિવ્ઝ

## 5માં ગરીબ કલ્યાણ મેળા 2022નો પ્રારંભ

- તાજેતરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા ગરીબોના સશકિતકરણ માટેના ગરીબ કલ્યાણ મેળાની 13 મી કડીનો આદિજાતિ વિસ્તાર ગોધરાથી રાજ્યવ્યાપી પ્રારંભ કરવામાં આવ્યો.
- પંચમહાલ જિલ્લામાં 35,583 ઉપરાંત લાભાર્થીઓને 281 કરોડની વિવિધ સહાયનું વિતરણ કરવામાં આવ્યું.
- મુખ્યમંત્રીએ પંચાયત વિભાગની વિવિધ 22 જેટલી યોજનાઓને સમાવી લેતી ‘આગેકૂચ’ કોફી ટેબલ બુકનું વિમોચન કર્યું.

## પ્રધાનમંત્રીની ગુજરાત મુલાકાત

- પ્રધાનમંત્રી ગુજરાતમાં રૂ.14,500 કરોડથી વધુના પ્રોજેકટનું લોકાર્પણ અને શિલાન્યાસ કરશે
- પ્રધાનમંત્રી મોઢેરાને ભારતના પ્રથમ 24×7 સૌર ઉર્જા સંચાલિત ગામ તરીકે જાહેર કરશે.
- મહેસાણામાં રૂ.3,900 કરોડ કરતાં વધુ મૂલ્યના બહુવિધ પ્રોજેકટ્સનું સમર્પણ અને શિલાન્યાસ કરશે
- પ્રધાનમંત્રી ભરૂચમાં 8,000 કરોડ રૂપિયાથી વધુની કિંમતની કેમિકલ અને ફાર્માસ્યુટિકલ ક્ષેત્ર પર ધ્યાન કેન્દ્રીત કરીને પરિયોજનાઓને સમર્પિત અને શિલાન્યાસ કરશે.
- પ્રધાનમંત્રી અમદાવાદમાં 1,300 કરોડ રૂ.ની આરોગ્યસંભાળ સુવિધાઓને સમર્પિત અને શિલાન્યાસ કરશે.

- મોદી શૈક્ષણિક સંકુલના પ્રથમ તબક્કાનું ઉદ્ઘાટન પણ કરશે
- જામનગરમાં અંદાજે 1,450 કરોડના ખર્ચે સિંચાઈ, વીજળી, પાણી પુરવઠા અને શહેરી માળખાકીય સુવિધાઓ સાથે સંબંધિત પ્રોજેક્ટસનું સમર્પણ અને શિલાન્યાસ કરવામાં આવશે.

## KCG ના સભાગૃહમાં વાર્તાલાપ સત્રનું આયોજન

- તાજેતરમાં ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ, ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ અને કાપડના કેબિનટ મંત્રી શ્રી પિયુષ ગોયલની અધ્યક્ષતામાં ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા અમદાવાદ ખાતેના KCG સભાગૃહમાં વાર્તાલાપ સત્રનું આયોજન કરવામાં આવ્યું છે.
- આ કાર્યક્રમમાં લગભગ 150 થી વધુ વિધાર્થીઓ તથા ફેકલ્ટી મેમ્બર્સ ઉપરાંત 10 જેટલા સ્ટાર્ટ અપ ફાઉડર્સ અને ઉદ્યોગજગતના પ્રતિનિધિઓએ ભાગ લીધા છે.

## ગુજરાતના જામનગર ખાતે અનેક પરિયોજનાઓનો શિલાન્યાસ

- તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ગુજરાતના જામનગર ખાતે સિંચાઈ, વીજળી, પાણી પુરવઠા અને શહેરી માળખાકીય સુવિધાઓને લગતી આશરે રૂ.1,450 કરોડની કિંમતની બહુવિધ વિકાસલક્ષી યોજનાઓનો શિલાન્યાસ કરવામાં આવ્યો છે.
- આ પરિયોજનાઓમાં કાલાવડ/ જામનગર તાલુકાની કાલાવડ જૂથ વર્ધન પાણી પુરવઠા યોજના, મોરબી– માળીયા–જોડિયા જૂથ વર્ધન પાણી પુરવઠા, લાલપુર બાયપાસ જંકશન ફ્લાયઓવર પુલ, હાપા માર્કેટ યાર્ડ રેલવે ક્રોસિંગ અને સ્યૂઅરેજ એકત્રીકરણ પાઈપલાઈન અને પમ્પિંગ સ્ટેશનના નવીનીકરણનો સમાવેશ થાય છે.

## ભારતના રાષ્ટ્રપતિ દ્વારા બહુવિધ યોજનાનો શિલાન્યાસ

- તાજેતરમાં ભારતના રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુ દ્વારા ગુજરાતમાં દિનદયાળ પોર્ટ ઓથોરિટી ની રૂા.280 કરોડથી વધારે કિંમતની ચાર મહત્વપૂર્ણ પરિયોજનાઓનો શિલાન્યાસ કરવામાં આવ્યો છે?
- આ પ્રોજકટ્સ પોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં વધારો કરશે અને તેની લોજિસ્ટિકસ કામગીરીને પ્રોત્સાહન આપવાની સાથે – સાથે તેના સંપૂર્ણ અંતરિયાળ વિસ્તારો માટે એકંદરે આર્થિક વૃદ્ધિ પણ વધારશે.
- આ પ્રોજેક્ટ્સથી જહાજના ટર્નઅરાઉન્ડ ટાઈમમાં વધુ સુધારો થવાની સાથે બંદરની કાર્ગો હેન્ડલિંગ ક્ષમતામાં પણ સુધારો થશે અને કાર્ગોનું ઝડપથી સ્થળાંતર થશે.

## ઈન્ડસ્ટ્રી 4.0 નેશલ કોન્ફરન્સ

- તાજેતરમાં કેન્દ્રીય ભારે ઉદ્યોગ મંત્રી શ્રી ડૉ. મહેન્દ્રનાથ પાંડે દ્વારા ગુજરાતના કેવડિયામાં એકતા નગરખાતે ઈન્ડસ્ટ્રી 4.0 નેશનલ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે.
- આ કોન્ફરન્સમાં સાથે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ગાંધીનગરથી વર્ચ્યુઅલી જોડાય હતા જેનો હેતુ ભારતમાં ચોથી ઔદ્યોગિક ક્રાંતિ લાવવાનો છે.
- આ કોન્ફરન્સ દરમિયાન ગુજરાત અને કર્ણાટકમાં 175 જેટલી ઈ–બસોનું લોકાર્પણ કરાયું જેમાં ગુજરાતમાં 75 બસોનું લોકાર્પણ કરાયું છે.

## વંદે ભારત એકસપ્રેસ 2.0

- તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા કેપિટલ રેલવે સ્ટેશન, ગાંધીનગર થી 'વંદે ભારત એકસપ્રેસ' ટ્રેનને લીલીઝંડી આપી શુભારંભ કરવામાં આવ્યો છે.
- તે ગાંધીનગરથી મુંબઈ સેન્ટ્રલ વચ્ચે દોડશે.
- આ અગાઉ પહેલેથી જ બે વંદે ભારત એકસપ્રેસ કાર્યરત છે. જે નીચે મુજબ છે.

(1) નવી દિલ્હીથી વારાણસી વચ્ચે (2) નવી દિલ્હીથી કટારા વચ્ચે

❖ **વંદે ભારત એકસપ્રેસ 2.0 ની વિશેષતા**

- વંદે ભારત 2.0 માત્ર 52 સેકન્ડમાં 0 થી 100 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપ સુધી પહોંચવા અને 180 કિલોમીટર પ્રતિ કલાક સુધીની મહત્તમ ઝડપ જેવી વધુ પ્રગતિ એ સુધારેલ સુવિધાઓથી સજ્જ હશે.
- તેનું વજન લગભગ 392 ટન છે. જે અગાઉના વર્ઝન કરતા 38 ટન ઓછું છે. અગાઉની વંદે ભારત એકસપ્રેસનું વજન 430 ટન હતું.
- વંદે ભારત એકસપ્રેસ 2.0 ઓટોમેટિક ટ્રેન પ્રોટેકશન સિસ્ટમ 'કવચ' (KAVACH) થી સજ્જ છે.
- નવી વંદે ભારત ટ્રેનો પ્રથમ બે વંદે ભારત ટ્રેનો કરતા વધુ આરામદાયક હશે.
- કોઈ પણ આકસ્મિક્ ઘટનાના કિસ્સામાં ટ્રેનના દરેક કોચમાં ચાર ઈમરજન્સી વિન્ડો છે.
- હવા શુદ્ધિકરણ માટે રૂફ – માઉન્ટેડ પેકેજ યુનિટ (RMPU) માં અંદરની હવાને ફોટો કેટાલિટીક અલ્ટ્રા વાયોલેટ એર પ્યુરિફિકેશન સિસ્ટમ દ્વારા યુવી લેમ્પ્સ સાથે ફિલ્ટર કરવામાં આવે છે, જે 99 ટકા જંતુઓને નિષ્ક્રિય કરે છે. આ અગાઉના વર્ઝનમાં એર પ્યુરિફાયર નથી.

- દિવ્યાંગ મુસાફરો માટે વિશેષ પ્રકારના ટોઈલેટ અને સામાન્ય મુસાફરો માટે ટચ – ફ્રી એમેનિટિસ વાળા બાયો વેકયુમ ટોઈલેટની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.
- આ ઉપરાંત દિવ્યાંગ મુસાફરોની સુવિધા માટે સીટોમાં બ્રેઈલ લિપિની સાથે સીટની સંખ્યા પણ કોતરવામાં આવી છે જેથી દિવ્યાંગ મુસાફર પોતાની સીટ સુધી સરળતાથી પહોંચી શકે.

## Vande Bharat 2.0 (વંદે ભારત 2.0) વિશે...

(1) આ ટ્રેનને અમદાવાદથી મુંબઈનું અંતર માત્ર પાંચ કલાક 30 મિનિટમાં કાપ્યું હતું.
(2) વંદે ભારત ટ્રેનને અગાઉ 'ટ્રેન 18' તરીકે ઓળખવામાં આવતી હતી. જે ભારતમાં નિર્માણ પામેલી સૌથી ઝડપી ટ્રેન છે.
(3) પ્રથમ વંદે ભારત ટ્રેનનું નિર્માણ ઈન્ટિગ્રલ કોચ ફેકટરી (ICF), ચેન્નાઈ દ્વારા લગભગ રૂા.100 કરોડના ખર્ચે 'મેક ઈન ઈન્ડિયા' કાર્યક્રમના ભાગરૂપે કરવામાં આવ્યું હતું.
(4) વિકાસના તબક્કા દરમિયાન વંદે ભારત ટ્રેનો લોકોમોટિવ વિના ચલાવવામાં આવે છે. જે પ્રોપેલ્શન સિસ્ટમ પર આધારિત હોય છે, જેને ડિસ્ટ્રીબ્યુટેડ ટેકશન પાવર ટેકનોલોજી કહેવાય છે.
(5) વંદે ભારત એકસપ્રેસની નવી ડિઝાઈનમાં હવા શુદ્ધિકરણ માટે રૂફ માઉન્ટેડ પેકેજ યુનિટ (RMPU) માં ફોટો – કેટાલિટિક અલ્ટ્રાવાયોલેટ એર પ્યુરિફિકેશન સિસ્ટમ 'સેન્ટ્રલ સાયન્ટિફિક ઈન્સ્ટ્રુમેન્ટ્સ ઓર્ગેનાઈઝેશન (CSIO), ચંદીગઢ' ની ભલામણ કર્યા બાદ સ્થાપિત કરવામાં આવી છે.

| વર્તમાન કાર્યરત વંદેભારત એકસપ્રેસ | | | |
|---|---|---|---|
| ક્રમ | કયા બે સ્ટેશન વચ્ચે | અંતર | ઉદ્‌ઘાટન |
| 1 | નવી દિલ્હી થી વારાણસી (પ્રથમ પેઢીની ટ્રેન) | 759 કિમી (472 માઈલ) | 3 ઓકટોબર, 2019 |
| 2 | નવી દિલ્હી થી કટારા (પ્રથમ પેઢીની ટ્રેન) | 655 કિમી (407 માઈલ) | 15 ફેબ્રુઆરી, 2019 |
| 3 | ગાંધીનગર કેપિટલ – મુંબઈ સેન્ટ્રલ (બીજી પેઢીની ટ્રેન) | 520 કિમી (320 માઈલ) | 30 સપ્ટેમ્બર, 2022 |

## સ્વચ્છ સર્વેક્ષણ 2022 રેન્કિંગ

- સ્વચ્છ સર્વેક્ષણ 2022 માં ભારતના વિવિધ શહેરોને જુદી – જુદી અનેક કેટેટરીમાં રેન્કિંગ આપવામાં આવ્યા છે.
- ઈન્દોરને સતત છઠ્ઠા વર્ષે ભારતનું સૌથી સ્વચ્છ શહેર જાહેર કરવામાં આવ્યું છે.
- જેમાં 1 લાખથી વધુ વસતી ધરાવતા ભારતના શહેરોમાં ટોપ 10 માં ગુજરાતના 1 શહેરનો સમાવેશ થાય છે.
- જેમાં સુરત બીજા ક્રમે છે.

| 1 લાખથી **વધુ** વસતી ધરાવતા ભારતના સૌથી સ્વચ્છ 100 શહેરો | | |
|---|---|---|
| રેન્ક | શહેરનું નામ | રાજ્ય / કેન્દ્રશાસિત પ્રદેશ |
| 1 | ઈન્દોર | મધ્યપ્રદેશ |
| 2 | સુરત | ગુજરાત |
| 3 | નવી મુંબઈ | મહારાષ્ટ્ર |
| 4 | GVMC વિશાખાપટ્ટનમ | આંધપ્રદેશ |
| 5 | વિજયવાડા | આંધપ્રદેશ |
| 6 | ભોપાલ | મધ્યપ્રદેશ |
| 7 | તિરૂપતિ | આંધપ્રદેશ |
| 8 | મૈસુર | કર્ણાટક |
| 9 | નવી દિલ્હી (NDMC) | દિલ્હી |
| 10 | અંબિકાપુર | છત્તીસગઢ |
| 16 | રાજકોટ | ગુજરાત |
| 18 | અમદાવાદ | ગુજરાત |
| 33 | ગાંધીનગર | ગુજરાત |
| 45 | વડોદરા | ગુજરાત |
| 67 | ભાવનગર | ગુજરાત |
| 74 | જામનગર | ગુજરાત |
| 99 | વાપી | ગુજરાત |
| 100 | આગ્રા | ઉત્તરપ્રદેશ |

| 1 લાખથી **ઓછી** વસતી ધરાવતા ભારતના સૌથી સ્વચ્છ 100 શહેરો | | |
|---|---|---|
| રેન્ક | શહેરનું નામ | રાજ્ય |
| 1 | પંચગની | મહારાષ્ટ્ર |
| 2 | પાટણ (NP) | છત્તીસગઢ |
| 3 | કરાડ | મહારાષ્ટ્ર |
| 4 | લોનાવાલા | મહારાષ્ટ્ર |
| 5 | વિટા | મહારાષ્ટ્ર |
| 100 | ગદરવારા | મહારાષ્ટ્ર |
| 74 | જામનગર | ગુજરાત |
| 99 | વાપી | ગુજરાત |
| 100 | આગ્રા | ઉત્તરપ્રદેશ |

| કુલ સ્કોર પર આધારિત કોન્ટેનમેન્ટ બોર્ડ રેન્કિંગ | | |
|---|---|---|
| ક્રમ | શહેરનું નામ | રાજ્ય |
| 1 | દેવલાલી કોન્ટનમેન્ટ | મહારાષ્ટ્ર |
| 2 | અમદાવાદ કોન્ટનમેન્ટ | ગુજરાત |
| 3 | મહુ કોન્ટનમેન્ટ | મધ્યપ્રદેશ |

| 100 થી વધુ શહેરી સ્થાનિક સંસ્થા (ULB) ધરાવતા સ્વચ્છ રાજ્યો | |
|---|---|
| રેન્ક | રાજ્ય |
| 1 | મધ્યપ્રદેશ |
| 2 | છત્તીસગઢ |
| 3 | મહારાષ્ટ્ર |

| 100 થી ઓછી શહેરી સ્થાનિક સંસ્થા (ULB) ધરાવતા સ્વચ્છ રાજ્યો | |
|---|---|
| રેન્ક | રાજ્ય |
| 1 | ત્રીપુરા |
| 2 | ઝારખંડ |
| 3 | ઉત્તરાખંડ |

❖ **ગંગા ટાઉન**

- ઉત્તરાખંડના હરિદ્વારને એક લાખથી વધુ વસતી ધરાવતી શહેરોની યાદીમાં શ્રેષ્ઠ ગંગા ટાઉનનો એવોર્ડ મળ્યો છે.
- જ્યારે ઉત્તરાખંડના બિજનૌરને એક લાખથી ઓછી વસતી ધરાવતા શહેરોની યાદીમાં શ્રેષ્ઠ ગંગા ટાઉનનો એવોર્ડ મળ્યો છે.

❖ **સફાઈ મિત્ર સુરક્ષા**

- સફાઈ મિત્ર સુરક્ષામાં તિરુપતિને બેસ્ટ સિટીનો એવોર્ડ આપવામાં આવ્યો છે.

❖ **ફાસ્ટ મૂવર સિટી**

- કર્ણાટકના શિવમોગ્ગાને ફાસ્ટ મૂવર સિટી એવોર્ડ મળ્યો છે.

❖ **અન્ય એવોર્ડ**

- રાજ્ય / કેન્દ્રશાસિત પ્રદેશની સ્વચ્છ રાજધાની : વિજયવાડા
- ફાસ્ટ મૂવિંગ રાજ્ય / કેન્દ્ર શાસિત પ્રદેશની રાજધાની : ચંદીગઢ
- ભારતનું પ્રથમ 7 – સ્ટાર ગાર્બેજ ફ્રી સિટી સર્ટિફિકેશન : ઈન્દોર
- 5 - સ્ટાર ગાર્બેજ ફ્રી સર્ટિફિકેશન : સુરત, ભોપાલ, મૈસુર, નવી મુંબઈ, વિશાખાપટ્ટનમ, તિરુપતિ

| સ્વચ્છ સ્મોલ સિટી એવોર્ડ (1 થી 3 લાખ સુધીની વસતી ધરાવતા શહેરોમાં) | | |
|---|---|---|
| એવોર્ડનું નામ | શહેરનું નામ | રાજ્ય |
| સ્વચ્છ સ્મોલ સિટી | નવી દિલ્હી | દિલ્હી |
| ફાસ્ટ મૂવિંગ સ્મોલ સિટી | બારમતી | મહારાષ્ટ્ર |

| સ્વચ્છ સ્મોલ સિટી એવોર્ડ (3 થી 10 લાખ સુધીની વસતી ધરાવતા શહેરોમાં) | | |
|---|---|---|
| એવોર્ડનું નામ | શહેરનું નામ | રાજ્ય |
| સ્વચ્છ સ્મોલ સિટી | મૈસુર | કર્ણાટક |
| ફાસ્ટ મૂવિંગ સ્મોલ સિટી | મુઝફ્ફરનગર | ઉત્તરપ્રદેશ |
| સિટીઝન્સ ફિડબેક | મીરા– ભાઈંદર | મહારાષ્ટ્ર |
| ઈનોવેશન એન્ડ બેસ્ટ પ્રેકિટસ એવોર્ડ | બ્રહ્મપુર | ઓડિશા |
| સેલ્ફ સસ્ટેનેબલ સિટી એવોર્ડ | નોઈડા | ઉત્તરપ્રદેશ |

| સૌથી સ્વચ્છ બિગ સિટી એવોર્ડ (10 થી 40 લાખ સુધીની વસતી ધરાવતા શહેરોમાં) | | |
|---|---|---|
| એવોર્ડનું નામ | શહેરનું નામ | રાજ્ય |
| સ્વચ્છ બિગ સિટી | વિશાખાપટ્ટનમ | આંધ્રપ્રદેશ |
| ફાસ્ટ મૂવિંગ બિગ સિટી | મેરઠ | ઉત્તરપ્રદેશ |
| સિટીઝન્સ ફિડબેક માટે એવોર્ડ | પિંપરી ચિંચવાડ | મહારાષ્ટ્ર |
| ઈનોવેશન એન્ડ બેસ્ટ પ્રેકિટસ માટે એવોર્ડ | કાનપુર | ઉત્તરપ્રદેશ |
| સેલ્ફ સસ્ટેનેબલ સિટી માટે એવોર્ડ | રાજકોટ | ગુજરાત |

| સૌથી સ્વચ્છ મેગા સિટી (40 લાખથી વધુ વસતી ધરાવતા શહેરોમાં) | | |
|---|---|---|
| એવોર્ડનું નામ | શહેરનું નામ | રાજ્ય |
| ભારતનું સૌથી સ્વચ્છ મેગા સિટી | અમદાવાદ | ગુજરાત |

❖ **સ્વચ્છ સર્વેક્ષણ**

- આ સર્વેક્ષણ ભારતના શહેરો અને નગરોમાં સ્વચ્છતા, કચરાના વ્યવસ્થાપન અને એકદંર સ્વચ્છતાનું વાર્ષિક સર્વે કરે છે.
- સ્વચ્છ સર્વેક્ષણ સ્વચ્છ ભારત અભિયાનના ભાગરૂપે શરૂ કરવામાં આવ્યું હતું, જેનો મુખ્ય ઉદેશ ભારતને સ્વચ્છ અને ખુલ્લામાં શૌચથી મુકત બનાવવાનો હતો.
- વર્ષ 2022 માં હાથ ધરવામાં આવેલા સાતમાં સ્વચ્છ સર્વેક્ષણમાં 4354 શહેરોએ ભાગ લીધો હતો. જેમાં 9 કરોડથી વધુ નાગરિકોએ પ્રતિસાદ આપ્યા છે.
- તાજેતરમાં આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય સ્વચ્છ સર્વેક્ષણ 2022 રેન્કિંગ બહાર પાડવામાં આવ્યું છે, જેનાં ભારતના સૌથી સ્વચ્છ શહેરો સામેલ છે.
- ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદી મુર્મુએ સ્વચ્છ ભારત મિશન (SBM) ની આઠમી વર્ષગાઠ અને SBM – અર્બન 2.0 ની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે સ્વચ્છ સર્વેક્ષણ 2022 ના પરિણામોની જાહેરાત કરવામાં આવી છે.
- આ પુરસ્કાર આઝાદી @ 75 સ્વચ્છ સર્વેક્ષણના ભાગરૂપે એનાયત થયા છે.

- તે વિશ્વનો સૌથી મોટો સ્વચ્છતા સર્વે છે.
- ભારતમાં સ્વચ્છતા સર્વેક્ષણનો પ્રારંભ વર્ષ 2016 થી થયો હતો.
- જેમાં વર્ષ 2016 માં ભારતના 73 શહેરોએ ભાગ લીધો હતો.

❖ **માપદંડ**

- શહેરોનું મૂલ્યાંકન 3 માપદંડોના આધારે કરવામાં આવે છે.
- આ ત્રણ માપદંડોને આધારે કુલ 7500 માર્કસમાંથી એવોર્ડ એનાયત કરવામાં આવ્યું છે, જે નીચે મુજબ છે.

| સ્વચ્છતા સર્વેક્ષણ માટેના ત્રણ માપદંડ | | | |
|---|---|---|---|
| ક્રમ | માપદંડ | વેઈટેજ | માર્ક્સ |
| 1 | સેવા સ્તરમાં થયેલી પ્રગતી (Service Level Progress) | 40% | 3,000 |
| 2 | પ્રમાણપત્ર (Certification) | 30% | 2,250 |
| 3 | નાગરિક અવાજ / નાગરિકોના ફિડબેક (Citizen Voice) | 30% | 2,250 |
| | | કુલ | 7,500 |

## પલ્લીનો મેળો (ગાંધીનગર)

- તાજેતરમાં પલ્લીનો મેળો આસો સુદ નોમના દિવસે ગાંધીનગર જિલ્લાના રૂપાલ ગામમાં ભરાયો.
- સમય : આસો સુદ નોમ
- પલ્લીનો મેળો ગાંધીનગર જિલ્લાના રૂપાલમાં ભરાય છે.
- રૂપાલમાં વરદાયિની માતાજી પલ્લી ભરાય છે. જેમાં માતાજીની માંડવી પર શુદ્ધ ઘી ચડાવવામાં આવે છે.
- ગાંધીનગર જિલ્લાના રૂપાલા ગામમાં વરદાયિની માતાના મંદિરે આસો સુદ નોમના દિવસે પલ્લી મહોત્સવ ઊજવાય છે.
- પલ્લી મહોત્સવ એ પંચબલિની પૂજા સૂચવે છે. ધાર્મિક એકતા અને અસ્પૃશ્યતા નિવારણની આલબેલ પોકારતા પલ્લીના ઉત્સવની વિધિ પણ અનોખી છે.
- આસો સુદ આઠમની રાતે અનુસૂચિત જાતિના લોકો શમી વૃક્ષનું લાકડું લાવે છે. સુથાર તેમાંથી પલ્લી (લાકડાનો રથ) બનાવે છે. વાળંદ પલ્લીને સોટા બાંધે છે. કુંભાર આવીને એના પર કૂંડાં છાંદે છે. વહોરાઓ કૂંડામાં કપાસિયા પૂરે છે.
- તથા બ્રહ્મણો નવચંડી યજ્ઞ કરે છે. પાંચ કૂંડામાં પ્રગટાવેલી પલ્લી ખંભે ઊંચકીને ભાવિક ભકતો ગામમાં ફરે છે.
- પલ્લીના મેળામાં લગભગ 10 લાખ જેટલા ભાવિકો આવે છે.
- આ મેળામાં શુદ્ધ 'ઘી' નો અભિષેક કરવાની જૂની પરંપરા છે, જેમાં લગભગ 4 લાખ કિલો 'ઘી' નો અભિષેક કરવામાં આવે છે.

## ગુજરાતનું મોઢેરા ભારતનું પ્રથમ 24 × 7 સૌર ઊર્જાથી ચાલતું ગામ બન્યું

- તાજેતરમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ભારતનું સૌપ્રથમ સતત સૌર ઊર્જા (24 × 7) થી સંચાલિત મહેસાણા જિલ્લાના મોઢેરાને રાષ્ટ્રને સમર્પિત કર્યુ છે.
- આ સાથે ગુજરાતના મહેસાણા જિલ્લાનું મોઢેરા ગામ ભારતનું પ્રથમ 24 × 7 સૌર ઊર્જાથી ચાલતુ ભારતનું સૌપ્રથમ ગામ બન્યુ છે, જેનાથી મોઢેરાના રહેવાસીએ દિવસના 24 કલાક અને અઠવાડિયાના 7 દિવસ વિના મૂલ્યે સૌર ઉર્જા મેળવી શકે છે.
- આ ગામમાં ગ્રાઉન્ડ માઉન્ટેડ સોલાર પ્લાન્ટ છે.
- મોઢેરાના તમામ 1300 ઘરો જે સૌર ઊર્જાથી ચાલે છે તે દરેકમાં 1 કિલોવોટની ક્ષમતા સાથે સોલાર રૂફટોપ સિસ્ટમ લગાવવામાં આવ્યું છે.
- આ સૌર પેનલ દ્વારા દિવસ દરમિયાન અને સાંજે BESS એટલે કે બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ (Battery Energy Storage System) દ્વારા વીજળી પૂરી પાડવામાં આવશે. જે દેશની પ્રથમ ગ્રીડ કનેકટેડ HOURS SCALE BEES સિસ્ટમ છે.
- આ પ્રોજેકટને બે તબક્કામાં અમલમાં મૂકવામાં આવ્યો છે જેમાં રાજ્ય દ્વારા તેના અમલીકરણ માટે 12 હેકટર જમીન ફાળવવામાં આવી છે.
- આ પ્રોજેકટના લીધે લોકોને વીજળીના બિલમાં 60 થી 100 ટકાની બચત કરવામાં મદદ મળશે.
- મોઢેરા સૂર્યમંદિરની સાથે હવે 'સૂર્ય ગામ' તરીકે પણ ઓળખાશે.

❖ **મોઢેરા વિશે**

- મોઢેરા ગુજરાત રાજ્યના મેહસાણા જિલ્લામાં આવેલું છે.
- મોઢેરાનું પ્રાચીન નામ 'ભગવદ ગામ' હતું.
- મોઢેરા પુષ્પાવતી નદીના કિનારે આવેલું છે.
- મોઢેરા સૂર્યમંદિર આવેલું છે જે ગુજરાતનું સૌથી પ્રસિદ્ધ સૂર્યમંદિર તથા કોર્ણાકના સૂર્યમંદિર સાથે વિશિષ્ટ સંબંધ ધરાવે છે.
- મોઢ જ્ઞાતિના બ્રાહ્મણોને કારણે આ વિસ્તારનું નામ મોઢેરા પડયું હતું. તેમજ મોઢ જ્ઞાતિના કુળદેવી મોઢેશ્વરી માતાજીનું મંદિર આવેલ છે.
- મહમદ ગઝનીના આક્રમણ સમયે મોઢેરાના મંદિરને તોડવામાં આવ્યું હતું. જે ભીમદેવ પહેલાએ ફરીથી બંધાવ્યું હતું.
- મોઢેરાનું સૂર્યમંદિર કર્કવૃત્ત રેખા પર આવેલું છે અને શરદ તથા વસંત ઋતુમાં સૂર્યના કિરણો સભાખંડને વીંધીને સીધા ગર્ભગૃહમાં પડે છે જે મંદિરની વિશેષતા છે.

- અગાઉ જયારે મોઢેરાના સૂર્યમંદિરમાં ગર્ભગૃહમાં સૂર્યની મૂર્તિ હતી ત્યારે સૂર્યના કિરણો ગર્ભગૃહમાં રહેલ સૂર્યની મૂર્તિના મુગટમાં રહેલ મણિમાં પડતા જેથી આખુ મંદિર પકાશથી જળહળી ઉઠતું.
- મોઢેરાના સૂર્યમંદિરની બાજુમાં રામકુંડ આવેલો છે જેમાં 108 દેરાઓ રામકુંડના પગથિયા પર છે.
- મોઢેરામાં રાજય સરકાર દ્વારા દર વર્ષે જાન્યુઆરી માસમાં 'ઉત્તરર્ધ મહોત્સવ' ઉજવાય છે. જેમાં શાસ્ત્રીય નૃત્ય નો કાર્યક્રમ યોજવામાં આવે છે.

❖ **વિશેષ**

- વિશ્વ પ્રસિદ્ધ મોઢેરા સૂર્ય મંદિરનું સૌર ઊર્જાથી ચાલતુ 3-D પ્રોજેકશન પ્રવાસીઓને મોઢેરાના સમૃદ્ધ ઇતિહાસની સમજ આપશે. આ 3D પ્રોજેકશન દરરોજ સાંજે 7 થી 7.30 સુધી ઓપરેટ કરવામાં આવનાર છે.
- આ ઉપરાંત મંદિરના બ્યુટિફિકેશન તરીકે તેના પરીસરમાં સૌર ઊર્જાથી ચાલતી હેરિટેજ લાઈટિંગ પણ લગાવવામાં આવી છે. દર્શકો દરરોજ સાંજે 6 વાગ્યાથી રાત્રે 10 વાગ્યા સુધી આ મોહક લાઈટિંગનો આનંદ માણી શકશે.

## તાજેતરમાં ગુજરાત વિધાનસભામાં ગુજરાત વિદ્યુત ઉદ્યોગ સુધારા વિધેયક બિલ પસાર

- તાજેતરમાં ગુજરાત વિધાનસભામાં 'ગુજરાત વિદ્યુત ઉદ્યોગ (પુનર્ગઠન અને નિયમન) (સુધારા) વિધેયક, 2022' સર્વાનુમતે પસાર થયું છે.
- આ વિધેયક ઉપરની ચર્ચા દરમિયાન ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે 'ગુજરાત વિદ્યુત ઉદ્યોગ (પુનર્ગઠન અને નિયમન), 2003' કાયદો રાજ્યમાં રાષ્ટ્રપતિની મંજૂરી બાદ જૂન 2003થી ગુજરાતમાં અમલમાં છે.
- ગુજરાત વિદ્યુત ઉદ્યોગ (પુનર્ગઠન અને નિયમન) 2003ના કાયદા અંતર્ગત કલમ–17 અને 65 હેઠળ નામદાર ગુજરાત વીજ નિયમન આયોગના કાર્યો નિર્ધારિત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત નામદાર આયોગ આ કાયદા અને વીજ અધિનિયમ–2003 અંતર્ગત વિનિમયો કરી શકે છે અને ઘડે છે.
- ભારત સરકાર દ્વારા 'Ease of Doing Business Program' અન્વયે, વીજ કંપનીઓ તથા વીજ ઉદ્યોગમાં પણ નવા આયામના સમાવેશના ભાગ રૂપે, 2003ના અધિનિયમ અંતર્ગતની જોગવાઈ અને નિયમોના ભંગ બદલ જેલની સજાનું પ્રવધાન ન સૂચવતા માત્ર ગંભીર પ્રકારના કૃત્યો માટે જેલની સજાનું પ્રાવધાન કરવાની બાબત વિચારણામાં લેવા સૂચન કરવામાં આવ્યું હતું.
- ગુજરાત વિદ્યુત ઉદ્યોગ પુનર્ગઠન અને નિયમન–2022 ની કેટલીક જોગવાઈઓ નીચે મુજબ છે :
  - (a) આ એકટની કલમ 54માં લાયસન્સની અને અન્ય વ્યકિત દ્વારા, ઉકત કાયદાની જોગવાઈ અથવા તે અંતર્ગત બનાવાયેલા નિયમો તથા તેની સૂચનાઓની જરૂરી પૂર્તતા કે ભંગ બદલ, કોઈપણ જાતના વાજબી કારણ વિના જોગવાઈઓનું પાલન કરવામાં નિષ્ફળ જતા તે દોષિત ઠરે તો ત્રણ માસ સુધીની જેલની સજા અથવા મહત્તમ રૂપિયા બે લાખ સુધી અથવા બંનેની સજાની જોગવાઈ કરવામાં આવી છે.
  - (b) આવી જોગવાઈઓનો ભંગ ચાલુ રહે, તો નિયમની અમલવારીના દોષિત થયાના પહેલા દિવસથી રોજના રૂા. 10,000 લેખે દંડની જોગવાઈ કરવામાં આવી છે.
  - (c) આ જોગવાઈ, કાયદાની જોગવાઈ અને તેના હેઠળ ઘડાયેલા નિયમોનું પાલન સુનિશ્ચિત કરવા માટે કરવામાં આવી છે.
  - (d) વિનિયમો સંચાલકીય પ્રકારના અથવા કાર્યપદ્ધતિ સંબંધિત છે. અથવા તો વીજચોરી, વીજ માલ–સામાનની ચોરી અને વીજતંત્ર સાથે ચેડા વગેરેના છે.
  - (e) રાજ્ય સરકાર દ્વારા કાયદાના પાલનમાં સરળીકરણ કરવાના હેતુથી તથા ગંભીર પ્રકારની જ જોગવાઈના ભંગ બદલ, જેલની સજાની જોગવાઈ આખરી કરવાનો નિર્ણય કર્યો છે.

## તાજેતરમાં ગુજરાત વિધાનસભામાં ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી સુધારા વિધેયક બિલ પસાર

- તાજેતરમાં ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી (સુધારા) વિધેયક, 2022' ગુજરાત વિધાનસભામાં સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું છે.
- રાજેન્દ્રભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું કે તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિચારથી ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી અધિનિયમ, 2003 થી ગાંધીનગર ખાતે GNLUની સ્થાપના કરવામાં આવી હતી.
- આ યુનિવર્સિટી ભારતમાં કાયદાકીય સંશોધનની અગ્રણી સંસ્થા તરીકે સ્થાપિત થયેલ છે.
- 2003ના અધિનિયમ અંતર્ગત ગુજરાત રાજ્યની બહાર કેમ્પસ ઊભુ કરવાની કોઈ સત્તા આપતી જોગવાઈ ન હતી. આથી, આ અધિનિયમની કલમ 3 માં સુધારો કરવો જરૂરી હતો જેથી ગુજરાત રાજ્યની અંદર અથવા બહાર આવેલા સ્થળોએ વધારાના કેમ્પસ સ્થાપી શકાય.
- હવેથી ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી (GNLU) હવે તેનો વ્યાપ વધારવા તેના નિયંત્રણ હેઠળનું રાજ્ય અને રાજ્ય બહાર વધારાનું કેમ્પસ સ્થાપી શકશે.

## તાજેતરમાં ગુજરાત વિધાનસભામાં ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ સુધારા વિધેયક બિલ પસાર

- તાજેતરમાં ગુજરાત વિધાનસભામાં ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ સુધારા વિધેયક પસાર કરવામાં આવ્યું છે.
- ગુજરાત વિધાનસભામાં ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ વિધેયક રજૂ કરતા ગૃહમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું ગુજસીટોક કાયદાની જોગવાઈઓમાં વિસંગતતા દૂર કરવા માટે રાજ્ય સરકારે વટહુકમ બહાર પાડયો હતો અને તેને કાયદાનું સ્વરૂપ આપવા માટે આ સુધારા વિધેયક લાવવામાં આવ્યું છે.
- ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ અધિનિયમ વર્ષ 2015થી રાજ્યમાં અમલ છે.
- આ અધિનિયમના અમલ દરમિયાન કોઈપણ જોગવાઈનું રાજ્યમાંની વ્યકિતઓને બિનજરૂરી મુશ્કેલીમાં મુકે તેવું ખોટું અર્થઘટન ન થાય તેમજ અમુક જોગવાઈઓ વધુ અર્થપૂર્ણ બનાવવા અને તેનું સરળ અર્થઘટન કરવા માટે સરકારે આ અધિનિયમની કલમ–2ની પેટા કલમ (1) નો ખંડ (ચ), કલમ–4 અને કલમ–20ની પેટા કલમ (5)માં સુધારા કર્યા છે.

- નવી જોગવાઈ મુજબ કલમ–2ની પેટા કલમ (1)ના ખંડ (ચ)માં ખંડણી, જમીન પચાવી પાડવી, સોપારી આપવી (કોન્ટ્રાકટ કિલિંગ), આર્થિક ગુના, ગંભીર પરિણામોવાળા સાઈબર ગુના, મોટા પ્રમાણમાં જુગારના કૌભાંડ ચલાવવા, વૈશ્યાવૃત્તિ માટે માનવ તસ્કરી કૌભાંડ (હ્યુમન ટ્રાફિકિંગ રેકેટ) અથવા બાનની રકમ લેવા સહિતની તેવી ગેરકાયદેસર પ્રવૃત્તિ અને આતંકવાદી કૃત્ય ચાલુ રાખવું તે... આ શબ્દને બદલે.... 'ખંડણી જમીન પચાવી પાડવી, સોપારી આપવી (કોન્ટ્રાકટ કિલિંગ), આર્થિક ગુના, ગંભીર પરિણામોવાળા સાયબર ગુના, વૈશ્યાવૃત્તિ માટે માનવ તસ્કરી કૌભાંડ (હ્યુમન ટ્રાફિકિંગ રેકેટ) ચલાવવા અથવા બાનની રકમ લેવા સહિતની ગેરકાયદેસર પ્રવૃત્તિ ચાલુ રાખવી તે' એ શબ્દો મૂકવામાં આવ્યા છે.
- આ અધિનિયમની કલમ–4માં 'અથવા કોઈપણ સમયે' એ શબ્દોના બદલે.... 'અથવા આ અધિનિયમના આરંભની તારીખ પછી કોઈપણ સમયે' એ શબ્દો મૂકવામાં આવ્યા છે.
- તેમજ મુખ્ય અધિનિયમમાં કલમમાં પેટા–કલમ (5)માં 'ગુનાની તારીખે આરોપી આ અધિનિયમ અથવા બીજા અધિનિયમ હેઠળના' શબ્દોને બદલે 'ગુનાની તારીખે આરોપી આ અધિનિયમ હેઠળના' શબ્દનો ઉપયોગ કરાશે.
- આ સુધારા વિધેયક વિધાનસભામાં સર્વસંમતિથી પસાર કરાયુ હતું.




# 4 રિપોર્ટ અને ઈન્ડેક્સ

## Global Innovation Index – 2022 જાહેર

- તાજેતરમાં World Intellectual Property Organisation (WIPO) દ્વારા Global Innovation Index (GII) – 2022 બહાર પાડવામાં આવ્યો છે જેની થીમ What is the future of Innovation – driven growth છે.




- આ ઈન્ડેક્સમાં ભારત વર્ષ 2022માં 132 દેશોમાંથી 40માં ક્રમે છે, જે વર્ષ 2021માં 46માં ક્રમે અને વર્ષ 2015માં 81માં ક્રમે હતો.
- આ ઈન્ડેક્સમાં સ્વિટ્ઝર્લેન્ડ સતત 12માં વર્ષે પ્રથમ ક્રમ પર છે, ત્યાર બાદ બીજા ક્રમે US, ત્રીજા ક્રમે સ્વીડન, ચોથા ક્રમે UK અને પાંચમાં ક્રમે નેધરલેન્ડ્સ છે.
- આ ઈન્ડેક્સમાં ચીન 11માં ક્રમે છે, જયારે તુર્કી અને ભારત પ્રથમ વખત ટોપ 40માં આવ્યા છે, જેમાં તુર્કી 37માં ક્રમે છે.
- આ ઈન્ડેક્સ મુજબ દક્ષિણ એશિયાના દેશોમાં ભારત ટોપ પરફોર્મર છે, જે નિમ્ન મધ્યમ આવક જૂથમાં ઈનોવેશ લીડર (Innovation Leader) છે.
- આ ઈન્ડેક્સ અનુસાર ભારત ICT સેવાઓની નિકાસમાં વિશ્વનું નેતૃત્વ કરવાનું ચાલુ રાખ્યું છે.
- આ ઈન્ડેક્સ મુજબ ભારતે નવીનતા માટે ટોપ નિમ્ન મધ્યમ આવક ધરાવતા અર્થતંત્ર વિયતનામને પાછળ છોડી દીધું છે, જેમાં વિયતનામનો ક્રમ 48 મો છે.
- આ ઈન્ડેક્સમાં સૌથી છેલ્લો ક્રમ 'Gainea' નું છે, જેનો સ્કોર 11.6 છે.

**World Intellectual Property Organisation (WIPO) વિશે...**

| | |
|---|---|
| **સ્થાપના** | : વર્ષ 1967 (UN ની વિશેષ એજન્સી છે.) |
| **સભ્ય** | : 193 દેશો |
| **વડુમથક** | : જીનીવા, સ્વિટ્ઝર્લેન્ડ |
| **હેતુ** | : વિશ્વભરમાં બૌદ્ધિક સંપદ રક્ષણને પ્રોત્સાહન આપવું. |

## Poverty and Shared Prosperity Report – 2022 જાહેર




- તાજેતરમાં World Bank (WB) દ્વારા 'Poverty and Shared Prosperity Report- 2022' બહાર પાડવામાં આવ્યો છે, જે વિકાસશીલ દેશોમાં ગરીબી પર Covid – 19 મહામારીની અસરનું પ્રથમ વ્યાપક મૂલ્યાંકન પ્રદાન કરે છે.
- આ રિપોર્ટ મુજબ કોવિડ – 19 મહામારી, યુક્રેનમાં રશિયન યુદ્ધને કારણે અને આર્થિક મંદીને કારણે વર્ષ 2030 સુધીમાં વિશ્વમાં ગરીબીનો અંત આવે તેવી શકયતા નથી.
- આ રિપોર્ટ અનુસાર વર્ષ 2020 માં 719 મિલિયનથી વધુ લોકો (વૈશ્વિક વસ્તીના9.3% ) અંતયત ગરીબીમાં (પ્રતિદિન 177 રૂા.) જીવી રહયા છે.
- આ રિપોર્ટ મુજબ દાયકાઓમાં પ્રથમ વખત વૈશ્વિક અસમાનતા વધી છે.
- આ રિપોર્ટ અનુસાર આ દાયકાના અંત સુધીમાં લગભગ 574 મિલિયન લોકો (વૈશ્વિક વસતીના લગભગ 7%) અંત્યત ગરીબીમાં જીવશે, જે મુખ્યત્વે આફ્રિકામાં કેન્દ્રીત હશે.
- આ રિપોર્ટ મુજબ સંપતિના અંતરમાં વધારો થયો છે, જેમાં 40% ગરીબ લોકોએ Covid – 19 મહામારી દરમિયાન સરેરાશ 4% ની આવક ગુમાવ્યા છે, જયારે 20% શ્રીમંત લોકોએ તેજ સમય દરમિયાન સરેરાશ 2% ની આવક ગુમાવી છે.
- આ રિપોર્ટ અનુસાર વર્તમાનમાં આત્યંતિક ગરીબી સબ સહારન આફ્રિકામાં કેન્દ્રીત છે, જયાં 60% થી વધુ વસતી અત્યંત ગરીબીમાં છે.
  - **ભારતમાં ગરીબીની સ્થિતિ**
    - વર્લ્ડ બેંકના અનુસાર ભારતમાં ગરીબી છેલ્લા દાયકાઓની તુલનામાં ઘટી છે.
    - ભારતમાં અત્યંત ગરીબી વર્ષ 2011 ની તુલનામાં વર્ષ 2019 માં 12.3% ઓછી થઈ છે, કારણકે વસતી ગણતરી 2011 મુજબ ભારતમાં વર્ષ 2019 માં ગરીબી 22.5 થી ઘટીને વર્ષ 2019 માં 10.2% થઈ છે.
    - શહેરી ભારતની તુલનામાં ગ્રામીણ વિસ્તારોમાં ગરીબીનો પ્રમાણ ઘટયો છે કારણકે વસતી ગણતરી 2011 મુજબ ગ્રામીણ ગરીબ વસતી 26.3% થી ઘટીને વર્ષ 2019 માં 11.6 થઈ હતી, જયારે શહેરી ગરીબી વસતી ગણતરી 2011 મુજબ 14.2% થી ઘટીને વર્ષ 2019 માં 6.3% થઈ હતી.

**World Bank (વિશ્વ બેંક) વિશે...**

**સ્થાપના** : ડિસેમ્બર 1945
**વડુમથક** : વોશિંગ્ટન ડી.સી. (અમેરિકા)
**અધ્યક્ષ** : ડેવિડ માલપાસ
**સભ્ય દેશો** : 189

- વિશ્વ બેંક એક આંતરરાષ્ટ્રીય નાણાકીય સંસ્થા છે જે ઓછી અને મધ્યમ આવક ધરાવતા દેશોની સરકારોને મૂડી પ્રોજેક્ટને અનુસરવાના હેતુથી લોન અને અનુદાન પ્રદાન કરે છે.
- વર્લ્ડ બેંકનું જૂનું નામ International Bank for Reconstruction and Development (IBRD) હતું.

## Education 4.0 India report જાહેર




- તાજેતરમાં World Economic Forum (WEF), united nations children Fund (UNICEF) અને Yuwaah (Generation Unlimited India) દ્વારા સંયુકત રીતે બહાર પાડવામાં આવ્યો છે.
- આ રિપોર્ટ મુજબ 'School to work' પરિવર્તન એ ઝડપથી બદલાતા જોબ માર્કેટમાં વિદ્યાર્થીઓને રોજગારી યોગ્ય બનાવવાની પ્રક્રિયા છે.
- આ રિપોર્ટમાં જણાવ્યા અનુસાર સંકલનના અભાવને કારણે ભારતમાં વિદ્યાર્થીઓ 'School to work' પરિવર્તન કારણે નોંધપાત્ર પડકારોનો સામનો કરે છે.
- આ રિપોર્ટ અનુસાર મુખ્ય પડકારોમાં ટ્રેનર્સનો અભાવ, અપૂરતા સાધનો, માળખાગત તફાવતો, શિક્ષણ અભ્યાસ ક્રમ સાથે નબળું એકીકરણ, સ્થાનિક કૌશલ્યના અંતર અને વ્યવસાયિક અભ્યાસક્રમો વચ્ચે નબળી કડીઓનો સમાવેશ થાય છે.
- આ રિપોર્ટ અનુસાર મોટાભાગના વાલીઓ અને વિદ્યાર્થીઓ વ્યવસાયિક શિક્ષણને મુખ્ય પ્રવાહના શિક્ષણ માટે બીજા શ્રેષ્ઠ વિકલ્પ માને છે.
- આ રિપોર્ટ મુજબ એમ્પ્લોયરો (નિયોકતા) અપેક્ષા રાખે છે કે વિદ્યાર્થીઓ પાસે તેમની નોકરી સંબંધિત ઉચ્ચ સ્તરની યોગ્યતાઓ જ્ઞાન અને કૌશલ્ય હશે, તેવા વિદ્યાર્થીઓ સારી કોમ્યુનિકેશન સ્કીલ, ટીમવર્ક, સમસ્યા સમાધાન અને નિણાર્યક વિચાર કરવાની ક્ષમતા ધરાવતા વિદ્યાર્થીઓને સમર્થન કરવામાં આવે છે.
- આ રિપોર્ટ મુજબ વર્તમાનમાં શાળા શિક્ષણ પ્રણાલીમાં ઉદ્યોગની માંગને સંતોષવા માટેના સાધનોને અભાવ છે, જેમને ઉકેલવા માટે ઉદ્યોગોની ભાગીદારીને સામેલ કરવા માટે કોઈ ઔપચારિક પ્રણાલી નથી.
- આ રિપોર્ટમાં કારકિર્દીની જાગરૂકતા વધારવા, ઈન્ટર્નશીપ અને એપ્રેન્ટીસશીપ દ્વારા નોકરીની તકો વધારવા, વિદ્યાર્થીઓને શિક્ષણના ઔપચારિક અને અનોપચારિક માધ્યમોમાં શિફટ કરવા, ભાષા શિક્ષણ દ્વારા સવ્રગાહી વિકાસ કરવા, STEM (Science, Technology Engineering and Mathematics) આધારિત અભ્યાસ ક્રમો અને જીવન કૌશલ્ય કોચિંગ અને આવી અન્ય ભલામણો સૂચન કરવામાં આવ્યું છે.

**World Economic Forum (WEF) વિશે...**

**સ્થાપના** : વર્ષ 1971 (બિન–લાભકારી સંસ્થા)
**વડુમથક** : જીનીવા, સ્વિટ્ઝર્લેન્ડ (યુરોપિયન દેશ)
**વર્ષ 2022માં 52મી વાર્ષિક મિટિંગ** : દાવોસ (Davos), સ્વિટ્ઝલેન્ડ
**થીમ–2022** : સાથે કામ કરવુ, વિશ્વાસ પુનઃ સ્થાપિત કરવો (Working together, Restoring Trust)

- **સંસ્થા દ્વારા આપવામાં આવતા રિપોર્ટ અને ઈન્ડેક્સ :** Global competitiveness Rpoert, Global Enabling Trade Report, Global Gender Gap Index, Human Capital Index and Inclusive Development Index.

**United Nations International Children's Emergency Fund (UNICEF) વિશે...**

**સ્થાપના** : 11 ડિસેમ્બર, 1946 (UN દ્વારા દ્વિતીય વિશ્વ યુદ્ધ પછીના યુરોપ અને ચીનમા બાળકોની કટોકટીની જરૂરિયાતને પહોંચી વળવા માટે UNICEFની સ્થાપના કરવામાં આવી હતી.)
**સભ્યો** : 190 થી વધુ દેશો
**વડુમથક** : ન્યૂયોર્ક (New York – United States)
**કાર્યક્રમ** : યુનાઈટેડ નેશન્સનો વિશેષ કાર્યક્રમ
**સંસ્થાનો પ્રકાર** : માનવતા વાદી સહાય

## Commitment to Reducing Inequality Index (CRI) – 2022 જાહેર

- તાજેતરમાં Oxfam International અને Development Finance International સંસ્થા દ્વારા સંયુક્ત રીતે Commitment to Reducing Inequality Index (CRI) ની ચોથી આવૃતિ 2022 બહાર પાડવામાં આવી છે.
- આ ઈન્ડેક્સ અનુસાર ભારતમાં અસમાનતા ઘટાડો થયો છે, જે તેની વસતીમાં અસમાનતા ઘટાડવામાં 161 દેશોની કામગીરીને ટ્રેક કરે છે.
- આ ઈન્ડેક્સ તમામ દેશોને જાહેર સેવાઓ (આરોગ્ય, શિક્ષણ અને સામાજિક સુરક્ષા), કરવેરા અને કામદારોના અધિકારોના ક્ષેત્રોમાં તેમની નીતિઓ અને ક્રિયાઓના આધારે ક્રમાંકિત કરે છે.
- આ ઈન્ડેક્સની આવૃત્તિ મહામારીના વર્ષો દરમિયાન અસમાનતા સામે લડતા દેશોની નીતિઓ અને ક્રિયાઓનું પ્રથમ વિગતવાર મૂલ્યાંકન છે.
- આ ઈન્ડેક્સ મુજબ 50% ઓછી આવક ધરાવતા અને ઓછી મધ્યમ આવક ધરાવતા દેશોએ તેમના બજેટમાં હેલ્થકેર ખર્ચના હિસ્સામાં ઘટાડો કર્યો છે.
- આ ઈન્ડેક્સ અનુસાર તમામ દેશોમાંથી 50% દેશોએ સામાજિક સુરક્ષા ખર્ચ અને 70% દેશોએ શિક્ષણ ખર્ચનો હિસ્સો ઘટાડયો છે.
- આ ઈન્ડકસમાં નોર્વે પ્રથમ સ્થાન પર છે ત્યાર બાદ બીજા ક્રમે જર્મની, ત્રીજા ક્રમે ઓસ્ટ્રેલિયા, ચોથા ક્રમે બેલ્જિયન, પાંચમાં ક્રમે કનાડા, છટ્ઠા ક્રમે જાપાન, સાતમાં ક્રમે ડેનમાર્ક અને આઠમા ક્રમે ન્યુઝીલેન્ડ છે.
- આ ઈન્ડેકસમાં ભારતનો ક્રમ 123 છે, જે વર્ષ 2020 માં 129 માં ક્રમે હતો.




**Oxfam Internation વિશે...**

**સ્થાપના** : વર્ષ 1942 (યુનાઈટેડ કિંગ્ડમમાં)
**વડુમથક** : નૈરોબી, કેન્યા
**હેતુ** : ગરીબીના અન્યાય માટે કાયમી ઉકેલો શોધવામાં મદદ કરવાનો છે

## Global Hunger Index (GHI) 2022 જાહેર

- તાજેતરમાં યુરોપિયન NGO'S (Non-Govermental Organisation) Concern Worldwide અને Welthangerhailife દ્વારા સંયુક્ત રીતે Global Hunger Index – 2022 બહાર પાડવમાં આવ્યો છે.
- આ ઈન્ડેકસમાં ભારતનો ક્રમ 121 દેશોમાંથી 107 છે, જે દક્ષિણ એશિયાઈ ક્ષેત્રના તમામ દેશો કરતા ખરાબ પ્રદર્શન છે.
- વર્ષ 2021 ના GHI માં ભારત 116 દેશોમાંથી 101 માં ક્રમે હતો.
- આ ઈન્ડેકસમાં ભારતના પાડોશીઓ નેપાળ (81), પાકિસ્તાન (99), શ્રીલકા (64), બાંગ્લાદેશ (84) છે જયારે અફઘાનિસ્તાન 109 માં સ્થાને છે.
- આ ઈન્ડેકસમાં ભારતનો સ્કોર 29.1 છે, જેથી ભારતને 'ગંભીર' શ્રેણીમાં મુકવામાં આવ્યો છે.
- આ ઈન્ડેકસમાં બેલારુસ પ્રથમ ક્રમાંકે છે ત્યારબાદ બોસ્નિયા અને હર્ઝેગોવિના, ચિલી, ચીન અને ક્રોએશિઆ છે.
- આ ઈન્ડેકસમાં સૌથી ખરાબ પ્રદર્શન કરનાર દેશોમાં ચાડ, ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કાંગો, મેડાગાસ્કર, સેન્ટ્રલ આફ્રિકન રિપબ્લિક અને યેમેન છે.
- આ ઈન્ડેક્સ મુજબ ભારતમાં ઉંચાઈ પ્રમાણે ઓછું વજન (Wasting) 19.3% છે, જે વર્ષ 2014 માં 15.1% અને વર્ષ 2000 માં 17.15% હતો.
- આ ઈન્ડેક્સ મુજબ ભારતમાં બાળકોમાં કુપોષણ વર્ષ 2018-20 માં 14.6% થી વધીને વર્ષ 2019-21 માં 16.3% થયો છે.
- આ ઈન્ડેક્સ મુજબ ભારતમાં બાળકોમાં સ્ટંટીંગ (ઉમર પ્રમાણે ઓછી ઉંચાઈ) 38.7 (વર્ષ 2014) થી ઘટીને 35.5% (વર્ષ 2022) માં થઈ છે.
- આ ઈન્ડેક્સ અનુસાર ભારતમાં બાળ મૃત્યુદર (5 વર્ષથી ઓછી) 4.690 (વર્ષ 2014) થી ઘટીને 3.3 (વર્ષ 2022) માં થઈ છે.



❖ **વિશેષ**
- દક્ષિણ એશિયા અને સબ–સહારન આફ્રિકામાં ભૂખનું સ્તર 'ગંભીર' છે.
- દક્ષિણ એશિયામાં વિશ્વમાં સૌથી વધુ બાળકોનો સ્ટંટિંગ દર અને વાસ્ટિંગ દર છે
- સબ–સહારન આફ્રિકામાં વિશ્વમાં સૌથી વધુ કુપોષણ દર અને બાળમૃત્યુ દર છે.

| સ્કોર કેટેગરી | |
|---|---|
| કેટેગરી | સ્કોર |
| low | 9-9 કરતા ઓછો |
| Moderate | 10 થી 19.9 સુધી |
| Serious | 20 થી 34.9 સુધી |
| alarming | 35 થી 49.9 સુધી |
| extremely Alarming | 50 કરતા વધારે |

### Global Hunger Index વિશે...

**શરૂઆત** : વર્ષ 2000 થી યુરોપિયન NGO'S (Concern World Wide અને Welthangerhife દ્વારા સંયુકત રીતે)
**ઉદ્દેશ** : પ્રદેશ અને દેશ દ્વારા વૈશ્વિક ભૂખના વ્યાપને ટ્રેક કરવાનો છે.
**માંપદડો** : કુપોષણ, વાસ્ટિંગ, સ્ટટિંગ અને બાળમુત્યુદર

## Global Multidimensional Poverty Index – 2022 જાહેર




- તાજેતરમાં United Nations Development Programme (UNDP) અને Oxford Poverty and Human Development Inititative (OPHI) દ્વારા Global Multidimensional Poverty Index, (MPI) 2022 બહાર પાડવામાં આવ્યો છે.
- આ ઈન્ડેક્સની થીમ 'Unpacking Deprivation Bundles to Reduce Multidimensional Poverty' છે.
- આ ઈન્ડેક્સ મુજબ 111 દેશોમાં 1.2 બિલિયન લોકો તીવ્ર બહુપરિમાણીય (Multiclimensional) ગરીબીમાં જીવે છે જેમાંથી 593 મિલિયન લોકો 18 વર્ષથી ઓછી ઉંમરના સગીર છે અને અડધા લોકો ગંભીર ગરીબીમાં જીવે છે.
- આ ઈન્ડેક્સ અનુસાર ગરીબ લોકોની સંખ્યા સૌથી વધુ સબ–સહારન આફ્રિકામાં (579 મિલિયન) છે, ત્યાર બાદ દક્ષિણ એશિયા (385 મિલિયન) છે, જેથી બંને પ્રદેશો મળીને 83% ગરીબ લોકોનું ઘર છે.
- આ ઈન્ડેક્સ મુજબ લગભગ 45.5 મિલિયન ગરીબ લોકો પાસે રસોઈ, ઈંધણ,આવાસ, સ્વચ્છતા અને પોષણની સુવિધા નથી, તેમાંથી મોટા ભાગના ગરીબ લોકો ભારતમાં રહે છે અને બાકીના બાંગ્લાદેશ અને પાકિસ્તાનમાં છે.
- આ ઈન્ડેક્સમાં પ્રથમ વખત ભારતમાં ગરીબીના 15 વર્ષના ટ્રેંડ પર ધ્યાન કેન્દ્રિત કરતો વિશેષ વિભાગ સમર્પિત કરવામાં આવ્યો છે.
- આ ઈન્ડેક્સ મુજબ ભારતમાં છેલ્લા 15 વર્ષમાં ગરીબોની સંખ્યામાં 415 મિલિયનનો ઘટાડો થયો છે અને ગરીબીનું પ્રમાણ 55.1 % થી ઘટીને 16.4% થયુ છે.
- આ ઈન્ડેક્સનું મુલ્ય અને ગરીબીનું પ્રમાણ ભારતમાં વર્ષ 2005-06 માં 0.283 થી ઘટીને વર્ષ 2015-16 માં 0.122 અને વર્ષ 2019-21 માં ઘટીને 0.069 થયો છે.
- આ ઈન્ડેક્સ અનુસાર ભારતમાં વર્તમાનમાં પણ સૌથી વધુ ગરીબ લોકો છે ત્યાર બાદ નાઈજીરીયામાં છે.
- આ ઈન્ડેક્સ મુજબ ભારતમાં ગરીબી ઝડપી દરે ઘટવા છતા પણ ભારતમાં ગરીબ બાળકોની સૌથી વધુ સંખ્યા (97 મિલિયન) છે.
- આ ઈન્ડેક્સ અનુસાર 60 વર્ષથી વધુ ઉંમરના લગભગ 94 મિલિયન લોકો ગરીબ છે.
- આ ઈન્ડેક્સ મુજબ ભારતમાં લગભગ 16.4% વસતી ગરીબ છે, જેમાંથી 4.2% લોકો અત્યંત ગરીબીમાં જીવે છે, કારણકે તેમનો વંચિત સ્કોર 50% થી વધુ છે.
- આ ઈન્ડેક્સ અનુસાર ગોવા, જમ્મુ અને કાશમીર, આંધ્ર પ્રદેશ, છત્તીસગઢ અને રાજસ્થાનમાં સૌથી ઝડપી ગરીબીમાં ઘટાડો જોવા મળ્યો છે.

### United Nations Development Programme (UNDP) વિશે...

**સ્થાપના** : નવેમ્બર 1965
**વડુમથક** : ન્યુયોર્ક (યુનાઈટેડ સ્ટેટ્સ)
**સભ્ય દેશો** : 170 દેશો
**ઉદ્દેશ** : ટકાઉ માનવવિકાસમાં યોગદાન આપવાનું છે.

## Public Affairs Index - 2022 જાહેર

- તાજેતરમાં બેંગ્લુરૂ ખાતે સ્થિત પબ્લિક અફેર સેન્ટર (PAC) દ્વારા Public Affairs Index 2022 ની 7 મી આવૃત્તિ બહાર પાડવામાં આવી છે.
- આ ઈન્ડેક્સ રાજયોમાં આર્થિક, રાજકીય અને સામાજિક ન્યાની ડિલિવરીનું મુલ્યાંકન કરે છે.
- આ ઈન્ડેક્સમાં 18 રાજયોને સ્થાન આપવામાં આવ્યું છે, જેમાં હરિયાણા મોટા રાજયોની શ્રેણી હેઠળ શાસિત રાજય તરીકે પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે.
- આ ઈન્ડેક્સ મુજબ આર્થિક ન્યાયમાં છત્તીસગઢ, હરિયાણ અને કર્ણાટક ટોપ પર છે, અને સૌથી ખરાબ પ્રદર્શન કરનાર રાજય પશ્ચિમ બંગાળ (0.18 સ્કોર) છે.
- આ ઈન્ડેક્સ મુજબ આર્થિક ન્યાય આપનારા નાના 10 રાજયોની યાદીમાં સિક્કિમ પ્રથમ ક્રમાંકે છે જયારે ઉત્તરાખંડ સૌથી છેલ્લે છે.



- આ ઈન્ડેક્સ અનુસાર રાજકીય ન્યાય આપનારા મોટા રાજયોની યાદીમાં તમિલનાડુ પ્રથમ ક્રમાકે છે ત્યાર બાદ કેરળ અને મધ્યપ્રદેશ છે.
- આ ઈન્ડેક્સ અનુસરા રાજકીય ન્યાય આપનારા નાના રાજયોમાં ઉત્તરાખંડ પ્રથમ ક્રમાંકે છે. જયારે ગોઆ છેલ્લે છે.
- આ ઈન્ડેક્સ મુજબ સામાજિક ન્યાય આપનારા મોટા રાજયોમાં પંજાબ પ્રથમ ક્રમાંકે છે ત્યારબાદ હરિયાણા અને કેરળ છે.
- આ ઈન્ડેક્સ મુજબ સામાજિકય ન્યાય આપનારા નાના રાજયોનાં ઉત્તરાખંડ પ્રથમ ક્રમાકે છે જયારે નાગાલેન્ડ સૌથી છેલ્લે છે.

**❖ Public Affairs Index (PAI) વિશે**

- આ ઈન્ડેક્સ ભારતીય રાજયોમાં શાસનની ગુણવત્તાનું મૂલ્યાંકન કરે છે.
- આ ઈન્ડેક્સનો મુખ્ય ઉદ્દેશ ભારતમાં સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાયને 5 પેટા થીમ્સ અને 22 સૂચકાંકો દ્વારા ગુણાત્મક રીતે માપવાનો છે.

**❖ માપદંડો**

(1) **સામાજિક ન્યાય** – શાળાના વિદ્યાર્થીઓના શીખવાના પરિણામો, પીવાનું સલામત પાણી અને સ્વચ્છતા કવરેજ, પ્રારંભિક બાળપણના વિકાસના પરિણામો, વેપાર અને લોજિસ્ટિક્સ સરળતા અને નિયમિત તથા વિશ્વસનીય વીજ પુરવઠાનો સમાવેશ થાય છે.

(2) **આર્થિક ન્યાય** – શ્રમ ઉત્પાદકતા, વેતન કામદારોને જીવન ધોરણની ખાતરી, વિકાસ પર જાહેર ખર્ચ, સામાજિક સુરક્ષાનું કવરેજ અને આજીવિકાની તકોનો સમાવેશ થાય છે.

(3) **રાજકીય ન્યાય** – ગ્રામીણ અને શહેરી સ્થાનિક સંસ્થાઓને કાર્યાત્મક સોંપણી, સ્થાનિક સંસ્થાઓને સ્વતંત્ર નાણાકીય માટેની પ્રતિબદ્ધતાનો સમાવેશ થાય છે.

**Public Affairs Center (PAC) વિશે..**

**રચના** : વર્ષ 1994
**મુખ્યમથક** : બેંગ્લુરુ (કર્ણાટક)
**કાર્ય** : ભારતમાં શાસનની ગુણવતા સુધારવાનો કાર્ય કરે છે.

## International Migration Outlook રિપોર્ટ–2022 જાહેર

- તાજેતરમાં Organication for Economic Co-operation and development (OECD) દ્વારા ઈન્ટરનેશનલ માઈગ્રેશન આઉટલુક રિપોર્ટ – 2022 બહાર પાડવામાં આવ્યો છે.




**❖ મુખ્ય મુદ્દાઓ**

**(1) વૈશ્વિક સ્તરે**

- આ રિપોર્ટ અનુસાર વર્ષ 2020 માં કોવિડ – 19 કારણે OECD દેશોમાં કાયમી પ્રકારના સ્થળાતરમાં ઘટાડો થયા બાદ વર્ષ 2021 માં 22% OECD દેશોમાં કાયમી સ્થળાતરમાં વૃદ્ધિ થઈ છે.
- આ રિપોર્ટ અનુસાર વર્ષ 2021 માં કૌટુંબીક સ્થળાંતર માં 40% વૃદ્ધિ થઈ છે.
- આ રિપોર્ટ અનુસાર વર્ષ 2020 માં OECD દેશોમાં 4.4 મિલિયન વિદ્યાર્થીઓ સ્થળાંતર થયા છે, જેમાંથી યુ.એસ.માં 22%, યુનાઈટેડ કિંગડમમાં 13% અને ઓસ્ટ્રેલિયામાં 10% વિદ્યાર્થીઓ સ્થળાંતર થયા છે.
- આ રિપોર્ટ મુજબ યુ.એસ.માં સૌથી વધારે (834000) લોકો કાયમી રીતે સ્થળાંતર થયા છે, જે વર્ષ 2020 ની સરખામણીમાં 43% વર્ષ 2021 માં વધારો થયો.

**(2) ભારત**

- આ રિપોર્ટ અનુસાર OECD દેશોમાં વિદશી વિદ્યાર્થીઓમાં (22%) ચીન અને (10%) ભારતના વિદ્યાર્થીઓનો સૌથી મોટો હિસ્સો છે.
- આ રિપોર્ટ અનુસાર 20 થી 29 વર્ષની વયની વિશ્વની લગભગ ત્રીજા ભાગની વસતી ચીન અને ભારતમાં રહે છે.

**Organization for Economic Co-Operation and Development (OECD) વિશે...**

**સ્થાપના** : વર્ષ 1961
**વડુમથક** : પેરિસ ફ્રાન્સ
**સભ્યો** : 38 દેશો

- એપ્રિલ 2020 માં કોલંબિયા અને મે 2021 માં કોસ્ટારિકા દેશ OECD માં જોડાયા હતા.
- OECD માં ભારત સભ્ય નથી પરંતુ મુખ્ય આર્થિક ભાગીદાર છે.
- OECD દ્વારા Goverment at a Glance Report અને OECD Better Life Index બહાર પાડવામાં આવે છે.

## ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, ભરતી પરીક્ષા - ૨૦૨૨ જાહેર

TET-1 TET-2

STD: 9th & 10th

STD: 11th & 12th

SURAT

# TET/TAT

Online Form 21st Oct. To 5th Dec - 2022

Govt. Jobs

શૈક્ષણિક
મનોવિજ્ઞાન તેમજ
વિષયવસ્તુ નું નિષ્ણાતો
દ્વારા સંપૂર્ણ પરીક્ષાલક્ષી
માર્ગદર્શન

ADMISSION OPEN

- English
- ગુજરાતી
- Maths
- Reasoning
- સામાન્યજ્ઞાન
- શૈક્ષણિક મનોવિજ્ઞાન

જેવા વિષયો પર
વિશેષ ભારણ

તૈયારી માટેના નવા વર્ગો

**21st November થી શરૂ**

**અનુભવી ફેકલ્ટીઓ દ્વારા તમામ વિષયોની તૈયારી**

આજે જ આપની નજીકની શાખાનો સંપર્ક કરો...

(Creating A Way For Govt. Jobs)

**Banking Academy**

(Preparation for All Types of Competitive Exams)

**Join Demo Class**

| સુરત (ઉધના) | સુરત (વરાછા) | નવસારી | વ્યારા |
|---|---|---|---|
| Ph. : 70461 40555 | Ph. : 70464 16555 | Ph. : 70466 41555 | Ph. : 90998 64658 |

# 5 આંતરરાષ્ટ્રીય

## વૈશ્વિક કૌશલ્ય સમિટ (Global Skill Summit) - 2022 નું ઉદ્ઘાટન

- તાજેતરમાં કેન્દ્રીય શિક્ષણ અને કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન દ્વારા નવી દિલ્હી ખાતે 13 મી Federation of Indian Chambers of Commerce & Industry (FICCI) ની Global Skill Summit – 2022 નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે.
- આ સમિટની થીમ 'Education to Employability - Making it happen' છે.
- આ સમિટ મુજબ ભારતની અર્થવ્યવસ્થાને વધુ ઉત્પાદક અને મજબૂત બનવા માટે કર્મચારીઓને વધુ ઉત્પાદક બનાવવું જોઈએ.
- આ સમિટ અનુસાર શ્રમ કાયદાઓનું સરળીકરણ અને એપ્રેન્ટિસશીપ જેવી પહેલના લીધે કર્મચારીઓને વધુ ગતિશીલ બનાવવામાં મદદ મળશે.




**Federation of Indian Chambers of Commerce & Industry (FICCCI) વિશે...**

**સ્થાપના** : વર્ષ 1927 (બિઝનેસ સંસ્થા છે.)
**વડુમથક** : નવી દિલ્હી
**હેતુ** : વેપારી સમુદાય અને સરકાર વચ્ચે 'Healthy Interface' ને પ્રોત્સાહન આપવું.

## 50 આઈકોનિક ટેક્સ્ટાઈલ હસ્તકલાની યાદી જાહેર

- તાજેતરમાં United Nations Educational, Scientific and Cultural Organisation (UNESCO) દ્વારા દેશની 50 વિશિષ્ટ અને પ્રતિષ્ઠિત હેરિટેઝ કાપડ હસ્તકલાની યાદી બહાર પાડવામાં આવી છે.
- આ 50 વિશિષ્ટ અને પ્રતિષ્ઠિત હેરિટેજ કાપડ હસ્તકલાની યાદીમાં કેટલાક મહત્વપૂર્ણ હસ્તકલાઓ છે જે નીચે મુજબ છે.



(1) તમિલનાડુની ટોડા ભરતકામ અને સુંગુંડી
(2) હૈદરાબાદની હિમરૂ વણાટ
(3) ઓડિશામાં સંબલપુરની બાંધા ટાઈ અને ડાઈ વણાટ
(4) કુંબી વણાટ (ગોવા)
(5) મહારાષ્ટ્રથી હિમરૂ
(6) પશ્ચિમ બંગાળથી ગરડ – કોરિયલ
(7) કર્ણાટકની ઈલકલ અને લોબડી અથવા બંજારા ભરતકામ
(8) તમિલનાડુની સિંકલનાયકનપેંટ કલામકારી
(9) હરીયાણાની ખેસ
(10) હિમાચલ પ્રદેશની ચમ્બા રૂમાલ
(11) લદાખની થીગમા અને વુલ ટાઈ
(12) ગુજરાતમાંથી મશરૂ વણાટ અને પટોળા
(13) વારાણસીથી અવધ જામદાની

**United Nations Educational, Scientific and Cultural Organisation (UNESCO) વિશે...**

**સ્થાપના** : વર્ષ 1945 (લંડન, UK)
**વડુમથક** : પેરિસ, ફ્રાન્સ
**હેઠળ** : સંયુક્ત રાષ્ટ્રંઘ (United nations)
**હેતુ** : શિક્ષણ, કલા, વિજ્ઞાન અને સંસ્કૃતિમાં આંતરરાષ્ટ્રીય સહયોગ દ્વારા વિશ્વશાંતિ અને સુરક્ષાને પ્રોત્સાહન આપવાનો છે.

## સંયુકત આરબ અમીરાત (UAE) ના નવા વિઝા નિયમો જાહેર




- તાજેતરમાં United Arab Emirates (UAE) દ્વારા પ્રવાસીઓ તેમજ UAE માં કામ કરવા અથવા રહેવા માંગતા લોકોને આકર્ષવા માટે નવા વિઝા નિયમો જાહેર કરવામાં આવ્યો છે.
- આ નવા વિઝા નિયમોને ત્રણ કેટેગરી જેમકે Entry Visa, green Visa and Golden Visa માં જાહેર કરવામાં આવ્યા છે.
- આ નવા વિઝા નિયમ મુજબ UAE એ પ્રથમ વખત પ્રવેશ વિઝા રજૂ કર્યો છે, જેમાં મુલાકાતીઓ માટે હોસ્ટ અથવા પ્રાયોજકની જરૂર નથી.
- આ નવા વિઝા નિયમો અનુસાર એન્ટ્રી વિઝા અથવા ટૂરિસ્ટ વિઝા વર્તમાનથી સિંગલ અથવા મલ્ટિપલ એન્ટ્રી માટે ઉપલબ્ધ રહેશે, જેની અવધી 60 દિવસ માટે માન્ય રહેશે, જે અગાઉ 30 દિવસ માટે માન્ય હતો.
- આ નવા નિયમો મુજબ ગ્રીન વિઝા એ Renewable residence વિઝાનો એક પ્રકાર છે, જે વિદેશીઓને તેમના વિઝાને સ્પોન્સર કરવા માટે UAE ના નાગરિક અથવા નિયોકતા પર આધાર રાખ્યા વગર 5 વર્ષ માટેની મંજૂરી આપે છે, જે અગાઉ ફકત બે વર્ષ માટે માન્ય હતું.
- આ નવા નિયમો મુજબ ગોલ્ડન વિઝા ધારકોને 10 વર્ષ સુધીના લાબાગાળાના Renewable Residence વિઝા આપે છે, જેમાં રોકાણકારો, ઉદ્યોગસાહસિકો, પ્રતિભા ધરાવતા વ્યકિતઓ જેમ કે સંશોધકો, તબીબી વ્યવસાયિકો, વૈજ્ઞાનિક અને જ્ઞાનના ક્ષેત્રોમાં રહેલા ઉતકૃષ્ટ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.
- આ નવા નિયમો મુજબ કુશળ વ્યવસાયિકો લાંબાગાળાના સમય માટે રહેઠાણ મેળવી શકે છે, જો તેમને UAE દિરહામ 30,000 દર મહિને લઘુત્તમ માસિક પગારની જરૂરત હોય.
- આ નવા નિયમો અનુસાર રોકાણકારો ઓછામાં ઓછા UAE દિરહામ 20 લાખની મિલ્કત ખરીદી કરે તો તેમને વિઝા મળી શકે છે.

**United Arab Emirates (UAE) વિશે...**

| | | |
|---|---|---|
| **રાજધાની** | : | આબુ ધાબી (મધ્ય એશિયાઈ દેશ) |
| **ચલણ** | : | દિરહામ |
| **વડાપ્રધાન** | : | મોહમ્મદ બિલ રાશીદ અલ મકતુમ |
| **સંસદ** | : | ફેડરલ નેશનલ કાઉન્સિલ |

## International Finance Corporation (IFC) દ્વારા વૈશ્વિક ખાદ્ય સુરક્ષા પ્લેટફોર્મ લોન્ચ કરવામાં આવ્યું




- તાજેતરમાં World Bank ની ખાનગી ક્ષેત્રની શાખા International Finance Corporation (IFC) વૈશ્વિક ખાદ્ય સંકટનો સામનો કરવા અને ખાદ્ય ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે વૈશ્વિક ખાદ્ય સુરક્ષા પ્લેટફોર્મ (Global Food Security Platform) લોન્ચ કરવામાં આવ્યું છે.
- આ પ્લેટફોર્મ વિશ્વ બેંકની ચાલી રહેલી 30 બિલયન ડૉલર પહેલનો એક ભાગ છે, જે ખાદ્ય અસુરક્ષા ઘટાડવા માટે શરૂ કરવામાં આવી હતી.
- આ પ્લેટફોર્મ ખાનગી સંસ્થાઓને સંસ્થાઓને ઉભરતા બજારોમાં સ્થાનિક ખાદ્ય પ્રણાલીઓ પર નવા અને લાંબાગાળાના રોકાણ કરવામાં મદદ કરશે, જેથી તેમને વધુ ટકાઉ અને ઉત્પાદક બનાવી શકાશે.
- આ પ્લેટફોર્મનો ઉદ્દેશ ખેડૂતો, ફૂડ પ્રોસેસર્સ, કોમોડિટી ટ્રેડર્સ અને અન્ય હિસ્સેદારો કે જેઓ અચાનક ફુગવાને કારણે ભંડોળની અછતનો સામનો કરી રહયો છે તેમના માટે Emergency Funding દ્વારા ખોરાકની અસ્થિરતાને ઘટાડવાનો છે.
- આ પ્લેટફોર્મ યુક્રેનને પાક ઉત્પાદન, ખાદ્ય સંગ્રહ, ખાદ્ય પ્રક્રિયા અને લોજિસ્ટિકસ પુનઃ સ્થાપિત કરવા માટે પણ મદદ કરશે.
- આ પ્લેટફોર્મ મુખ્ય પાકોના સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપશે.
- આ પ્લેટફોર્મ પાક ઉત્પાદન પધ્ધતિમાં સુધારો, નાના ઉત્પાદકોની ક્ષમતમાં વધારો અને બને સલામત અને પૌષ્ટિક ખોરાકની એકસેસ સરળ બનાવશે.

**World Bank (COB) વિશે...**

| | | |
|---|---|---|
| **સ્થાપના** | : | વર્ષ 1944 |
| **વડુમથક** | : | વાશિંગ્ટન ડીસી (યુનાઈટેડ સ્ટેટ્સ) |
| **સભ્ય** | : | 189 સભ્ય દેશો |
| **અધ્યક્ષ** | : | ડેવિડ માલ પાસ |
| **ઉદ્દેશ** | : | ગરીબી ઘટાડવા અને ગરીબ લોકો માટે સમૃદ્ધિ વધારવાનો ઉદ્દેશ છે. |

## સપ્તકોશી હાઈડેમ પ્રોજેક્ટને મંજૂરી



- તાજેતરમાં ભારત અને નેપાળ વધુ એક અભ્યાસ 'સપ્તકોશી હાઈડેમ પ્રોજેક્ટ' (Saptakoshi High Dam Project) ને આગળ વધારવા માટે સંમત થાય છે.
- બંને પક્ષોના વરિષ્ઠ અધિકારીઓ દ્વારા 'મહાકાલી સંધિ' ના અમલીકરણ સહિત દ્વિપક્ષીય જળ – ક્ષેત્રના સહયોગની મુલાકાત અને સમીક્ષા કરવામાં આવી હતી.

### ❖ સપ્તકોશી હાઈડેમ પ્રોજેક્ટ વિશે..

- આ પ્રોજેક્ટે નેપાળની સપ્તકોશી નદી (ભારતમાં કોસી નદી તરીકે ઓળખાય છે.) પર બાંધવામાં આવેલ બહુહેતુક પ્રોજેક્ટ (Multi Purpose Project) છે.
- આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ દક્ષિણ–પૂર્વ નેપાળ અને ઉત્તર બિહારમાં પૂરને નિયંત્રિત કરવા અને હાઈડ્રોપાવર ઉત્પાદન કરવાનો છે.
- આ પ્રોજેક્ટ બંને દેશોમાં સિંચાઈ પૂરી પાડશે, પૂરને નિયંત્રિત કરશે અને 3000 Mw (Megawatt) વીજળીનું ઉત્પાદન પણ કરશે.

### ❖ મહાકાલી સંધિ વિશે

- સારદા બેરેજ, ટનકપુર બેરેજ અને પંચેશ્વર પ્રોજેક્ટ સહિત મહાકાલી નદીના સંકલિત વિકાસ માટે વર્ષ 1996 માં મહાકાલિ સંધિ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
- મહાકાલી નદીને ઉત્તરાખંડમાં શારદા નદી અથવા કાલી ગંગા તરીકે પણ ઓળખવામાં આવે છે.
- મહાકાલી નદી ઉત્તર પ્રદેશમાં ઘાગરા નદીમાં જોડાય છે, જે ગંગા નદીની ઉપનદી છે.

### ❖ કોસી નદી પ્રણાલી વિશે

- કોસી એક સીમા પાર નદી છે, જે તિબેટ, નેપાળ અને ભારતમાંથી વહે છે.
- કોસી નદીનો સ્ત્રોત તિબેટમાં છે, જેમાં વિશ્વની સૌથી ઊંચી જમીનનો સમાવેશ થાય છે.
- કોસી નદીની ત્રણ મુખ્ય ઉપનદીઓ સોન કોસી, અરૂણ અને તામુર છે, જે હિમાલયની તળેટીમાંથી કપાયેલ 10 કિ.મી.ની ઘાટીના ઉપર એક બિદુ પર મળે છે.
- કોસી નદી ઉત્તરબિહારમાં વહે છે. જ્યાં તે બિહારના કટિહાર જિલ્લામાં કુર્સેલા નજીક ગગા નદીમાં પ્રવેશ કરતા પહેલા વિતરિત નદીઓમાં વિભાજિત થાય છે.
- ભારતમાં કોસી નદી બ્રહમાપુત્રા પછી સૌથી વધુ કાંપ અને રેતીનું વહન કરે છે.
- કોસી નદીને બિહારનો શોક અથવા દુ:ખ તરીકે પણ ઓળખવામાં આવે છે, કારણકે, બિહારમાં વાર્ષિક પૂર લગભગ 21,000 Squar KM વિસ્તારને અસર કરે છે.

## The World University Ranking 2023 જાહેર




| Rank 2023 | Rank 2022 | Institution | Country/ region |
|---|---|---|---|
| 1 | 1 | University of Oxford | United Kingdom |
| 2 | =2 | Harvard University | United States |
| =3 | =5 | University of Cambridge | United Kingdom |
| =3 | 4 | Stanford University | United States |
| 5 | =5 | Massachusetts Institute of Technology | United States |
| 6 | =2 | California Institute of Technology | United States |
| 7 | 7 | Princeton University | United States |
| 8 | 8 | University of California, Berkeley | United States |
| 9 | 9 | Yale University | United States |
| 10 | 12 | Imperial College London | United Kingdom |

- તાજેતરમાં Times Higher Education દ્વારા The World University rankings 2023 બહાર પાડવામાં આવી હતી.
- આ રેન્કિંગ માંપદડો આધારે આપવામાં આવે છે જેમકે શિક્ષણ (30%), સંશોધન (30%), આદેશો (Citations) (30%), ઈન્ટરનેશનલ આઉટલૂક (7.5) અને ઉદ્યોગ પરિણામ (2.5%) હોય છે.
- આ રેન્કિંગ અનુસાર 75 દેશોની યુનિવર્સિટીઓમાં ભારત 6 સૌથી વધુ પ્રતિનિધિ ધરાવતો દેશ છે.
- આ રેન્કિંગ અનુસાર વિશ્વમાં ઓકસફોર્ડ યુનિવર્સિટી 104 દેશોની 1799 યુનિવર્સિટીઓમાં શ્રેષ્ઠ સંસ્થા તરીકે પ્રથમ ક્રમાંકે છે.
- આ રેન્કિંગ મુજબ ભારતીય સંસ્થાઓમાં ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ સાયન્સ (IISC) ટોચના સ્થાને છે, જેને વૈશ્વિક સ્તરે 251-300 ક્રમમાં મૂકવામાં આવ્યો છે.
- આ રેન્કિંગ અનુસાર ભારતીય સંસ્થાઓમાં હિમાચલ પ્રદેશ સ્થિત શૂલિની યુનિવર્સિટી ઓફ બાયોટેકનોલોજી એન્ડ મેનેજમેન્ટ સાયન્સ બીજા ક્રમે છે, જેને વૈશ્વિક સ્તરે 951-400 ના ક્રમમાં મૂકવામાં આવ્યો છે.
- આ રેન્કિંગ મુજબ ભારતીય સંસ્થાઓમાં તમિલનાડુની અલગપ્પા યુનિવર્સિટી ત્રીજા ક્રમે છે.

### Times Higher Education વિશે...

- Times Higher Education જે પહેલા Times Higher Education Supplement (THES) તરીકે ઓળખાતું હતું, જે એક મેગેઝિન છે, તે ખાસ કરીને ઉચ્ચ શિક્ષણ સંબંધિત સમાચારો અને મુદ્દાઓ પર અહેવાલ આપે છે.
- આ રેન્કિંગમાં 104 દેશો અને 1799 યુનિવર્સિટીઓનો સમાવેશ થાય છે.
- આ રેન્કિંગ 13 પ્રદર્શન સૂચકાંકો પર આધારિત હોય છે.

## World Economic Outlook – 2022 જાહેર




- તાજેતરમાં International Monetray Fund (IMF) દ્વારા World Economic Outlook (WEO) 2022 રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો છે.
- આ આઉટલુક મુજબ વૈશ્વિક વૃદ્ધિ વર્ષ 2021 માં 6% થી ઘટીને વર્ષ 2022 માં 3.2% અને વર્ષ 2023 માં 2.7% થવાની ધારણા છે.
- આ આઉટલુક અનુસાર વર્ષ 2022 માં ભારતના GDP (Gross Domestic Product) વૃદ્ધિ માટેનું અનુમાન ઘટાડીને 6.8% કરવામાં આવ્યું છે, જે એપ્રિલ 2022 માં 7.4 હતું.
- આ આઉટલુક રિપોર્ટ મુજબ વર્ષ 2023 માટે ભારતનો વિકાસ દર 6.1 રહેવાનો અંદાજ છે.
- આ આઉટલુક અનુસાર વૈશ્વિક સ્તરે ફુગાવો (Intiation) વર્ષ 2021 માં 4.7% થી વધીને વર્ષ 2022 માં 8.8% થવાની ધારણા છે, પરંતુ વર્ષ 2023 માં ઘટીને 6.5% અને વર્ષ 2024માં 4.1% સુધી થવાની ધારણા છે.

### International Monetory Fund (IMF) વિશે...

**સ્થાપના** : જુલાઈ 1944
**વડુમથક** : વાશિંગ્ટન ડીસી (USA)
**સભ્ય દેશ** : 190 દેશો
**હેતુ** : તેના તમામ 190 સભ્ય દેશો માટે ટકાઉ વૃદ્ધિ અને સમૃદ્ધિ હાસંલ કરવી.

## ભારતમાં United Nation Security Council (UNSC) ની કાઉન્ટર ટેરીરિઝમ કમિટીની બેઠકનું આયોજન.

- તાજેતરમાં ભારતે ક્રિપ્ટો કરન્સી દ્વારા આતંકવાદ ફન્ડિંગ અને નવા યુગમાં આતંકવાદી ગતિવિધિઓ માટે ડ્રોનના ઉપયોગ અંગે ચર્ચા કરવા માટે સંયુકત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC) ની Counter Terrorism Committiee (CTC) ની 2 દિવસીય વિશેષ બેઠકનું આયોજન નવી દિલ્હી અને મુંબઈમાં કરવામાં આવ્યું છે.
- આ બેઠકની થીમ Countering the Use of New and Emerging Technologies for Terrorist Purpose છે.
- વર્ષ 2001 માં UNSC – CTC ની સ્થાપના પછી ભારતમાં તેની આ પ્રકારની બેઠક પ્રથમ હશે.
- યુનાઈટેડ નેશન્સ (UN) માં ભારતના કાયમી પ્રતિનિધિ (રુચિરા કંબોજ) વર્ષ 2022 માટે CTC ના અધ્યક્ષ તરીકે સેવા આપશે.




### Counter Terrorism Committee (CTC) વિશે...

**રચના** : 28 સપ્ટેમ્બર 2001 (United States માં 9/11 આંતકવાદી હુમલાના પગલે)
**સભ્યો** : 15 દેશો (પાંચ કાયમી સભ્યો જેમાં ફ્રાન્સ, ચીન, રશિયા, યુનાઈટેડ કિંગડમ, યુનાઈટેડ સ્ટેટસ અને 10 બિન કાયમી સભ્યો જનરલ એસેમ્બલી દ્વારા 2 વર્ષની મૂદત માટે ચૂંટાયેલા હોય છે.)

- આ બેઠકમાં ભારત દ્વારા પાંચ પોઈન્ટસની યાદી (list) આપવામાં આવી છે જે નીચે મુજબ છે.
  (1) ટેરર ફન્ડિંગનો સામનો કરવા માટે અસરકારક અને સતત પ્રયાસો
  (2) UN ના સામાન્ય પ્રયાસોને Finacial Action Task Force (FATF) જેવા અન્ય મંચો સાથે સંકલન કરવાની જરૂર છે.
  (3) સુરક્ષા પરીષદની પ્રતિબંધોની વ્યવસ્થા રાજકીય કારણોસર બિન અસરકારક નથી તેની ખાતરી કરવી.
  (4) આતંકવાદીઓ અને તેમના પ્રાયોજકોની વિરુધ્ધ આંતરરાષ્ટ્રીય સહયોગ તથા આતંકવાદીઓના સુરક્ષિત આશ્રયસ્થાનોનો નાશ કરવો.
  (5) આંતકવાદીઓની ઓળખ, શસ્ત્રો અને ગેરકાયદેસર ડ્રગ હેરફેર જેવા આંતરરાષ્ટ્રીય સંગઠિત અપરાધ સાથે આંતકવાદના કનેકશનને તોડવા માટે બહુપક્ષીય પ્રયાસોને મજબૂત બનાવવો.

**Finacial Action Task Force (FATF) વિશે...**

**સ્થાપના** : વર્ષ 1989 (પેરિસમાં યોજાયેલી G – 7 સમિટ દ્વારા FATF ની સ્થાપના કરવામાં આવી. )
**વડુમથક** : પેરિસ (ફ્રાન્સ)
**સભ્યો** : 39 સભ્યો (જેમાં 37 દેશો અને 2 પ્રાદેશિક સંગઠનો જેમકે European Commission અને Gulf Cooperation Council (GCC) )
**હેતુ** : મની લોન્ડ્રિંગ અને આંતકવાદી ફન્ડિંગને અટકાવવાનો ઉદ્દેશ્ય છે.

- FATF નો એકમાત્ર નિરિક્ષક દેશ ઈન્ડોનેશિયા છે.
- વર્ષ 2006 માં ભારત નિરિક્ષક દેશ તરીકે FATF માં જોડાયો હતો ત્યારબાદ વર્ષ 2010 માં ભારત FATF નો સભ્ય દેશ બની ગયો.
- FATF ની બે લિસ્ટ છે જેમાં ગ્રે લિસ્ટ અને બ્લેક લિસ્ટનો સમાવેશ થાય છે.

## 7 મી ASEAN મંત્રી સ્તરીય બેઠકનું વર્ચ્યુઅલ રીતે આયોજન.




- તાજેતરમાં કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી નરેન્દ્ર સિંહ તોમરની અધ્યક્ષતામાં કૃષિ અને વનીકરણ (Agriculture and Forestry) પર 7 મી ASEAN મંત્રી સ્તરીય બેઠકનું વર્ચ્યુઅલ રીતે આયોજન કરવામાં આવ્યું છે.
- આ બેઠકમાં બ્રુનેઈ દારુસલામ, કંબોડિયા, ઈન્ડોનેશિયા, લાઓસ, મલેશિયા, મ્યાનમાર, ફિલિપાઈન્સ, સિંગાપોર, થાઈલેન્ડ અને વિયેતનામના કૃષિમંત્રીઓએ ભાગ લીધો છે.
- આ બેઠકમાં બધા ASEAN દેશોમાં કૃષિ વિકાસ માટે ટકાઉ અને વૃદ્ધિ સુનિશ્ચિત કરવા ASEAN સાથે પરસ્પરના નજીકના પ્રાદેશિક સહયોગ પર ભાર મૂકવામાં આવ્યો છે.
- આ બેઠક અનુસાર ભારત લોકોના સ્વાસ્થ્ય અને પોષણ માટે પૌષ્ટિક અનાજ ઉત્પાદનોને પ્રોત્સાહન આપશે.
- આ બેઠકમાં કૃષિ અને વનસંવર્ધન ક્ષેત્રે આસિયાન – ભારત સહયોગની પ્રતિબદ્ધતાઓની પુનઃપુષ્ટિ કરવામાં આવી છે.

**Association of Southeast Asian Nations (ASEAN) વિશે...**

**સ્થાપના** : ઓગસ્ટ 1967 (બેંગકોક, થાઈલેન્ડમાં)
**વડુમથક** : જકાર્તા (ઈન્ડોનેશિયાની રાજધાની)
**સભ્યદેશ** : 10 દેશો (બ્રુનેઈ દારુસલામ, કંબોડિયા, ઈન્ડોનેશિયા, લાઓસ, મલેશિયા, મ્યાનમાર, ફિલિપાઈન્સ, સિંગાપોર, થાઈલેન્ડ અને વિયેતનામ) છે.
**સભ્યપદ** : સભ્ય રાજયોના અંગ્રેજી નામોના મૂળાક્ષરોના ક્રમના આધારે તેનું અધ્યક્ષપદ વાર્ષિક ધોરણે કરે છે.
**હેતુ** : આર્થિક, રાજકીય અને સુરક્ષા સહયોગને પ્રોત્સાહન આપવું

- ASEAN ના 'Free Trade Partner' દેશોમાં ઓસ્ટ્રેલિયા, ચીન, રિપબ્લિક ઓફ કોરિયા, જાપાન, ભારત અને ન્યુઝીલેન્ડ છે.

सब्र और सहनशीलता किसी की कमज़ोरी नहीं होती, बल्कि ये वो ताकत है जो हर किसी के पास नहीं होती..

# વનરક્ષક

863 જગ્યાઓ

# કોન્સ્ટેબલ

# PSI



ગુજરાત સરકાર દ્વારા 2023 માં જાહેર થનાર

**9500 થી વધુ જગ્યાઓ**

નવા વર્ગો 21st November થી શરૂ

- સામાન્ય જ્ઞાન
- ગુજરાતી
- English
- Maths
- Reasoning
- કાયદો
- પર્યાવરણ જેવા

વિષયો પર વિશેષ ભાર

Govt. Jobs

ADMISSION OPEN

પ્રાથમિક કસોટી | Physical Test

મુખ્ય પરીક્ષાની (PSI)

અનુભવી ફેકલ્ટીઓ દ્વારા સંપૂર્ણ તૈયારી

આજે જ આપની નજીકની શાખાનો સંપર્ક કરો...

(Creating A Way For Govt. Jobs)

**Banking Academy**

(Preparation for All Types of Competitive Exams)

Join Demo Class

| સુરત (ઉધના) | સુરત (વરાછા) | નવસારી | વ્યારા |
|---|---|---|---|
| Ph. : 70461 40555 | Ph. : 70464 16555 | Ph. : 70466 41555 | Ph. : 90998 64658 |

# 6 અર્થવ્યવસ્થા

## Logistics Ease Across Different States (LEADS) – 2022 સર્વેક્ષણ જાહેર

- તાજેતરમાં વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા 'Logistics Ease Accross Different States (LEADS) -2022 ' સર્વેક્ષણ બહાર પાડવામાં આવ્યો છે.
- આ સર્વે લોજિસ્ટિકસ સેક્ટરની વેલ્યુ ચેઈન સાથે સંકળાયેલા વિવિધ વપરાશ કર્તાઓ અને હિતધારકોના મંતવ્યોનું મૂલ્યાંકન કરે છે.
- આ સર્વેક્ષણ લોજિસ્ટિકસ ઈકોસિસ્ટમમાં સર્મથકો, અવરોધો અને તફાવતોને ઓળખીને હાથ ધરવામાં આવે છે.
- આ વાર્ષિક સર્વેક્ષણ હિતધારકો, રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશો પાસેથી પ્રાપ્ત ડેટાનો ઉપયોગ કરીને સમગ્ર ભારતમાં દરેક રાજય અને કેન્દ્રશાસિત પ્રદેશોની લોજિસ્ટિકસ ઈકોસિસ્ટમને રેન્ક આપે છે.
- આ સર્વેને અગાઉ 2021 ના સર્વેના સંસ્કરણ (Edition) થી વિપરીત તૈયાર કરવામાં આવ્યું છે, જેમાં રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોને ચાર વ્યાપક શ્રેણીઓમાં વર્ગીકૃત કરવામાં આવ્યો છે, જેમકે દરિયાકાંઠાના રાજયો; લેન્ડલોકડ રાજયો, ઉત્તરપૂર્વી રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશો વગેરે.
- આ સ્વેદેશી ડેટા સર્વેક્ષણ 36 રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં લોજિસ્ટિકલ ઈન્ફ્રાસ્ટ્રકચર સેવાઓ અને માનવ સંસાધનોનું મૂલ્યાંકન કરે છે.
- આ સર્વે ત્રણ શ્રેણીઓમાં હોય છે, જેમકે (1) Achivers 90% કે તેથી વધુ પ્રાપ્ત કરનારા રાજયો અથવા કેન્દ્રશાસિત પ્રદેશ (2) Fast Movers (80 થી 90 ટકા વચ્ચે સ્કોર કરનારા રાજયો અથવા કેન્દ્રશાસિત પ્રદેશો) અને (3) Aspirers (80% થી નીચે સ્કોર કરનારા રાજયો અથવા કેન્દ્રશાસિત પ્રદેશ) વગેરે.
- આ સર્વેક્ષણમાં Achievers તરીકે વર્ગીકૃત કરાયેલા 15 રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશ છે, જેમાં આંધ્રપ્રદેશ, આસામ, ચંદીગઢ, દિલ્હી, ગુજરાત, હરીયાણા, હિમાચલપ્રદેશ, કર્ણાટક, મહારાષ્ટ્ર, ઓડિશા, પંજાબ, તેલંગણા, તમિલનાડુ, ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડ છે.




- આ સર્વેક્ષણમાં Fast Movers તરીકે વર્ગીકૃત કરાયેલ 6 રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશ છે, જેમાં કેરળ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, પુડુચેરી, સિક્કિમ અને ત્રિપુરા છે.
- આ સર્વેક્ષણમાં Aspires તરીકે વર્ગીકૃત કરાયેલા 15 રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશો છે, જેમાં બિહાર, છત્તીસગઢ, ગોવા, મિઝોરમ, આંદામાન અને નિકોબાર ટાપુઓ, લક્ષદીપ, લદ્દાખ, નાગાલેન્ડ
- આ સર્વેક્ષણનો હેતુ સમગ્ર ભારતમાં લોજિસ્ટિક કામગીરીને પ્રોત્સાહન આપવાનો છે. જે વ્યવહારોની કિંમત ઘટાડવા અને આંતરરાષ્ટ્રીય તેમજ સ્થાનિક વેપારને વધારવા માટે મહત્વપૂર્ણ છે.

## 75 ડિજિટલ બેંકિંગ યુનિટ્સનું ઉદ્ઘાટન

- તાજેતરમાં ભારતના વડા પ્રધાન દ્વારા 16 ઓકટોબર 2022 ના રોજ 75 ડિજિટલ બેંકિંગ યુનિટ્સનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે.
- ભારત સરકારે કેન્દ્રીય બજેટ 2022-23 માં અનુસૂચિત વાણિજ્યબેંકો દ્વારા સમગ્ર ભારતમાં 75 જિલ્લાઓમાં 75 Digital Banking Units (DBUS) સ્થાપવાની જાહેરાત કરી હતી.
- આ સમારોહ ભારતીય સ્વતંત્રતાની 75મી વર્ષ ગાંઠની યાદમાં કરવામાં આવે છે.
- ડિજિટલ બેંકિંગ યુનિટસએ એક વિશિષ્ઠ 'brick and mortar' બિઝનેસ યુનિટ છે, જે ડિજિટલ બેંકિંગ ઉત્પાદનો અને સેવાઓ પ્રદાન કરવા માટે ટેબલેટ અને ઈન્ટરનેટ સેવાઓ જેવા મૂળભૂત ઈન્ફ્રાસ્ટ્રકચરથી સજ્જ છે.
- આ યુનિટ કોઈ પણ સમયે સેલ્ફ સર્વિસ મોડમાં વર્તમાન નાણાકીય ઉત્પાદનો અને સેવાઓ સંબંધિત ડિજિટલ સેવાઓ પ્રદાન કરે છે.
- આ એકમો તમામ રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ડિજિટલ બેંકિંગ સેવાઓ પ્રદાન કરીને ભારતને નાણાકીય રીતે સક્ષમ બનાવશે.
- આ એકમો ડિજિટલ નાણાકીય સાક્ષરતાને પ્રોત્સાહન આપશે, જેમાં સાયબર સુરક્ષા જાગૃતિ અને સલામતી પર તથા ગ્રાહક શિક્ષણ પર વિશેષ ધ્યાન આપવામાં આવશે.
- આ યુનિટ બેંકિંગ ઉત્પાદનો અને સેવાઓને ઓછી ખર્ચાળ અને સમગ્ર વર્ષ દરમિયાન ગ્રાહકો માટે સુલભ બનાવશે.

- આ યુનિટ્સ દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓમાં વિવિધ યોજના હેઠળ બચતખાતા ખોલવા, બેલેન્સ ચેક, ફંડ ટ્રાન્સફર, ફિક્સ ડિપોઝિટમાં રોકાણ, લોન એપ્લિકેશન્સ, ગ્રાહકો માટે ડિજિટલ કિટ્સ, જાહેર કરાયેલા ચેક માટે સ્ટોપ– પેમેન્ટ સૂચનાઓ, ક્રેડિટ અને ડેબિટ કાર્ડ માટેની અરજીઓ, ટેક્સ અને બિલની ચૂકવણી, UPI અને QR કોડસ વગેરેનો સમાવેશ થાય છે.
- રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (RBI) દ્વારા એપ્રિલ 2022 માં DBUsની સ્થાપના માટેની માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી હતી.
- ડિજિટલ બેંકિંગ સેવાઓ પૂરી પાડવાનો ભૂતકાળનો અનુભવ ધરાવતી વાણિજ્યિક બેંકોને ટિયર1 થી 6 કેન્દ્રોમાં DBUs ખોલવાની મંજૂરી છે, તેમને આ એકમો સ્થાપવા માટે RBI ની પરવાનગીની જરૂર નથી.

**RBI વિશે...**

| | |
|---|---|
| **સ્થાપના** | : 1 એપ્રિલ, 1935 (કોલકાતા) |
| **વડુમથક** | : મુંબઈ |
| **પ્રકાર** | : દેશની મધ્યસ્થ બેંક |
| **ગવર્નર** | : શકિતકાંત દાસ (25મા ગવર્નર) – વર્ષ 2018થી |



# 7 યોજના,પોર્ટલ અને એપ્લીકેશન

## પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાનો સમયગાળો વધારવામાં આવ્યો.

- તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના (PM-GKAY) ને 3 મહિના માટે (ડિસેમ્બર 2022) સુધી લબાવવામાં આવી છે.
- આ યોજનાના સાતમા તબક્કા હેઠળ– કેન્દ્ર સરકાર ઓકટોબર થી ડિસેમ્બર 2022 સુધી 122 લાખ મેટ્રિક ટન અનાજની વહેચણી કરશે, જેના માટે સબસિડી તરીકે 44,762 કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવશે.
- આ યોજનાના છઠ્ઠા તબક્કામાં કેન્દ્ર સરકાર દ્વારા 3.45 લાખ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવ્યા છે.
- આ યોજનાને વર્ષ 2020 થી 25 મહિના માટે લાગુ કરવામાં આવી હતી.

### Pradhan Mantri Garib Kalyan Ann Yojna (PMGKAY) વિશે...

**શરૂઆત** : માર્ચ 2020 (Covid – 19 ના પ્રારંભિક તબક્કા દરમિયાન કેન્દ્ર સરકાર દ્વારા)

**મંત્રાલય** : ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિત્તરણ મંત્રાલય

**હેતુ** : જાહેર વિતરણ પ્રણાલી દ્વારા તમામ પ્રાથમિકતા ધરાવતા પરિવારોને અનાજ પુરુ પાડીને ભારતના સૌથી ગરીબ નાગરિકોને ખવડાવવાનો છે.

- શરૂઆત PMGKAY ને 3 મહિના માટે આયોજન કરવામાં આવ્યું હતુ.
- આ યોજના રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ – 2013 (NFSA) હેઠળ આવરી લેવામાં આવેલ દરેક વ્યકિતને વધારાના 5 કિલો અનાજ વિના મૂલ્યે આપવામાં આવે છે.
- આ યોજના હેઠળ 6 રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ઘંઉની ફાળવણી કરવામાં આવી છે અને બાકીના માટે ચોખાની ફાળવણી કરવામાં આવી છે.
- આ યોજનાનો લાભ તમામ ક્ષેત્રના 81.35 કરોડથી વધુ લોકો લાભ લઈ રહ્યા છે.




## Young, Upcomming and Versative Authors (Yuva) 2.0 યોજના શરૂ કરવામાં આવી.

- તાજેતરમાં કેન્દ્ર શિક્ષણ મંત્રાલય દ્વારા Young, upcoming and Versatile authors (Yuva) યોજનાની બીજી આવૃત્તિ આઝાદી કા અમૃત મહોત્સવ (AKAM) ના ભાગ રૂપે શરૂ કરવામાં આવી છે.
- આ યોજના 30 વર્ષની નીચેના યુવા અને ઉભરતા લેખકો માટે માર્ગદર્શનનો કાર્યક્રમ છે.
- આ યોજનાનો ઉદ્દેશ સમગ્ર ભારતમાં વાંચન અને લેખન સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાનો અને આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતીય લેખનનું પ્રદર્શન કરવાનો છે.
- આ યોજના 22 વિવિધ ભારતીય ભાષાઓ અને અંગ્રેજીમાં યુવા અને ઉભરતા લેખકોની મોટા પાયે ભાગીદારી સાથે YUVA 1.0 ની નોંધપાત્ર અસરને ધ્યાનમાં રાખીને Yuva 2.0 શરૂ કરવામાં આવી છે.




- આ યોજના હેઠળ તૈયાર કરાયેલા પુસ્તકો National Book Trust દ્વારા પ્રકાશિત કરવામાં આવશે, તથા સંસ્કૃતિ અને સાહિત્યના આદાનપ્રદાનને સુનિશ્ચિત કરવા માટે અન્ય ભારતીય ભાષાઓમાં પણ અનુવાદિત કરવામાં આવશે. જેનાથી 'એક ભારત શ્રેષ્ઠ ભારત' ને પ્રોત્સાહન મળશે.
- આ યોજના હેઠળ લેખકોને 1 લી માર્ચ 2023 થી 31 મી ઓગસ્ટ 2023 સુધી જાણીતા લેખકો અને માર્ગદર્શકો દ્વારા તાલીમ આપવામાં આવશે.

### Yuva યોજના વિશે...

**શરૂઆત** : 29 મે 2021

**મંત્રાલય** : કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય (મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન)

**અમલીકરણ એજન્સી** : નેશનલ બુક ટ્રસ્ટ

- લેખકોને 6 મહિના સમયગાળા માટે દર મહિને 50,000 રૂપિયાની શિષ્યવૃત્તિ આપવામાં આવશે અને તેમના પુસ્તકોના પ્રકાશન અને વેચાણ પર 10% રોયલ્ટી મળશે.

## બેટિયા બને કુશલ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

- તાજેતરમાં મહિલા અને બાળવિકાસ મંત્રાલય દ્વારા 11 ઓક્ટોબર 2022 ના રોજ આંતરરાષ્ટ્રીય બાલિકા નિમિત્તે બેટી બચાવો બેટી પઢાવો યોજના હેઠળ કન્યાઓ માટે બિન–પરંપરાગત આજીવિકાના કૌશલ્ય પર રાષ્ટ્રીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.
- બેટિયા બને કુશલ કાર્યક્રમનો હેતુ ભારતમાં કન્યાઓના કૌશલ્ય વિકાસ માટે વિવિધ સરકારી વિભાગો અને મંત્રાલયો વચ્ચેના સહયોગના મહત્વને ઉજાગર કરવાનો છે.
- આ કાર્યક્રમ સંબધિત વ્યવસાયો અને સંશોધનમાં તેમની ભાગીદારી વધારવા માટે STEM (Science, Technology, Engineering and Mathematics) ક્ષેત્રમાં છોકરીઓની ક્ષમતા અને કૌશલ્ય વધારવાના મહત્વ પર ભાર મૂકશે.
- આ કાર્યક્રમ દરમિયાન કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા (MSDE) અને લઘુમતી બાબતોના કેન્દ્રીય મંત્રાલયો દ્વારા યુવતીઓના કૌશલ્યને વધારવા માટે એક સમજૂતી પત્ર (MOU) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે, જેથી ખાસ કરીને યુવતીઓ સમાન અને સશકત રીતે કાર્યબળમાં ભાગ લઈ શકશે.
- આ કાર્યક્રમ દરમિયાન બંને મંત્રાલયો સાહસિકતા કૌશલ્ય , ડિજિટલ સાક્ષરતા, નાણાકીય સાક્ષરતા અને છોકરીઓ અને મહિલાઓની રોજગાર ક્ષમતાને વધારવા પર ધ્યાન કેન્દ્રીત કરવા માટે પ્રતિબદ્ધ થશે.
- આ કાર્યક્રમનું લાઈવ પ્રસારણ મહિલા અને બાળ વિકાસ મંત્રાલય (WCD) ની Youtube ચેનલ પર કરવામાં આવશે, જેમાં MSDE, લઘુમતી બાબતોમાં મંત્રાલય, WCD મંત્રાલય, શિક્ષણ મંત્રાલય, રમતગમત વિભાગ અને National Council For the Protection of Child Rights (NCPCR) જેવી વૈદ્યાનિક સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેશે.
- આ કાર્યક્રમ મિશન શકિત (Mission Shakti) ની માર્ગદર્શિકા હેઠળ કરવામાં આવેલા ફેરફારોના આધારે Beti Bachao Beti Padhao (BBBP) પહેલના અમલીકરણ માટે રાજયો અને જિલ્લાઓ માટે ઓપરેશન મેન્યુઅલના લોન્ચિંગનો પણ ભાગ બનશે.
- આ કાર્યક્રમ મુજબ બિન – પરંપરાગત આજીવિકા (Non – Traditional Livelihoods) માં મહિલાઓ અને છોકરીઓના ટકાઉ સમાવેશ પરના કેસ સ્ટડીનો પણ સમાવેશ થયો, જેમાં બિન – સરકારી સંસ્થા (NGO), નાગરિક સમાજ (Civil Society) અને ઉદ્યોગના માલિકોની ભાગીદારીના વાસ્તવિક સિદ્ધિઓનો સમાવેશ થાય છે.




**Beti Bachao Beti Padhao યોજના વિશે...**

**શરૂઆત** : 22 જાન્યુઆરી 2015 (વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા)
**મંત્રાલય** : કેન્દ્રીયમહિલા અને બાળવિકાસ મંત્રાલય (મંત્રી સ્મૃતિ ઈરાની)
**હેતુ** : નાગરિકોને લિંગ પૂર્વગ્રહ સામે શિક્ષિત કરવાનો અને અન્ય કન્યાઓ માટે કલ્યાણ સેવાઓની અસરકારકતામાં સુધારો કરવાનો છે.

## ભારત સરકાર દ્વારા Tele – Manas પહેલની શરૂઆત

- તાજેતરમાં વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ (ઓક્ટોબર 10) ના અવસર પર ભારત સરકારના કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય (મંત્રીમનસુખ માંડવિયા) દ્વારા 'Tele-Manas' પહેલની શરૂઆત કરવામાં આવી છે
- આ પહેલનું સંક્ષિપ્ત સ્વરૂપ 'Tele Mental Heatlh Assistance and Networking Across States (Tele-Manas) છે, જે 24 કલાક માનસિક સ્વાસ્થ્ય સેવા છે, જેનો હેતુ સમગ્ર ભારતમાં માનસિક સંભાળની એકસેસને વધારવાનો છે.
- આ પહેલ દેશવ્યાપી નેટવર્ક ઓફરિંગ કાઉન્સેલિંગ, નિષ્ણાતો સાથે પરામર્શ અને E- પ્રિસ્ક્રિપશન પ્રદાન કરીને સમગ્ર દેશમાં માનસિક આરોગ્ય સંભાળની એકસેસને પ્રોત્સાહન આપશે.
- આ પહેલનો ઉદ્દેશ દેશના સૌથી દૂરના પ્રદેશોમાં પણ માનસિક આરોગ્ય સંભાળ સેવાઓને સુલભ બનાવવાનો છે.
- આ પહેલની જાહેરાત સૌપ્રથમ કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ 2022 – 23 ના બજેટ દરમિયાન કરવામાં આવ્યો હતો, જયારે કોવિડ– 19 ના મહામારીના કારણે ભારતમાં માનસિક સ્વાસ્થ્ય સંકટ વધ્યો હતો.
- આ પહેલ શરૂઆતમાં 20 રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં શરૂ કરવામાં આવશે અને બાદમાં અન્ય રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશમાં શરૂ કરવામાં આવશે.
- આ પહેલ અંતર્ગત માનસિક સ્વાસ્થ્ય સેવાની હેલ્પલાઈન નંબર 14416 અને 1800914416 પર કોલ કરીને એકસેસ કરી શકાય છે.
- આ પહેલ હેઠળ કોઈ સૌપ્રથમ Interactive Voice Response (IVRS) સુધી પહોંચશે ત્યાર બાદ આ કોલ તેમના વિસ્તારોમાં પ્રશિક્ષિત કાઉન્સેલરને ટ્રાન્સફર કરવામાં આવશે.
- આ પહેલ અનુસાર જરૂરી હોય તો કોલ કરનારને માનસિક સ્વાસ્થ્ય નિષ્ણાતો (માનસિક સામાજિક કાર્યકરો, નર્સ, મનોચિકિત્સક અને કિલિનકલ સાયકોલોજિસ્ટ્સ) સાથે જોડવામાં આવશે.
- આ પહેલ મુજબ જો કોલરને વ્યકિતગત સેવાની જરૂર હોય તો તેને આરોગ્ય અને સુખાકારી કેન્દ્ર અથવા પ્રાથમિક આરોગ્ય સંભાળ કેન્દ્ર અથવા તૃતીય આરોગ્ય સંભાળ કેન્દ્રમાં મોકલવામાં આવશે.




- આ પહેલ રાષ્ટ્રીય માનસિક સ્વાસ્થ્ય કાર્યક્રમ (National Mental Health Programme) અને જિલ્લા માનસિક સ્વાસ્થ્ય કાર્યક્રમ (Districts Mental Health Programme) ની ડિજિટલ શાખા હશે.
- આ પહેલના અમલીકરણ માટે નોડલ એજન્સી National institute of Mental health and neuroscience હશે.
- આ પહેલ માટે ટેકનિકલ સ્પોર્ટ IIT Bombay દ્વારા આપવામાં આવશે.
- આ પહેલમાં પાંચ પ્રાદેશિક સંકલન કેન્દ્રો અને PGIMER, AIIMS અને દિલ્હી સ્થિત ઈન્સ્ટિટયૂટ ઓફ દુશ્મન બિહેવિયર અને એ લાઈડ સાયન્સ જેવી 23 માર્ગદર્શક સંસ્થાઓ પણ સામેલ રહેશે.

### National Institute of Mental Health and Neuro Science (NIHMANS) વિશે...

| | | |
|---|---|---|
| **સ્થાપના** | : | 27 ડિસેમ્બર 1974 |
| **મંત્રાલય** | : | કેન્દ્રીય સ્વાસ્થ અને પરિવાર કલ્યાણ મંત્રાલય (મંત્રી મનસુખ માંડવિયા) |
| **ઉદ્દેશ** | : | માનસિક સ્વાસ્થ્યના ક્ષેત્રમાં વ્યવસયિકો અને બિન વ્યવસાયિકો બનંને માટે આરોગ્ય શિક્ષણ સામગ્રી વિકસવી. |
| **વડુમથક** | : | બેંગલુરૂ (કર્ણાટક) |

## Prime Ministers Development Initiative for North East Region ને મંજૂરી આપવામાં આવી.




- તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટ દ્વારા ઉત્તરપૂર્વ ક્ષેત્રો (જેમકે આસામ, ત્રિપુરા, મેઘાલય, સિક્કિમ, મણિપુર, નાગાલેન્ડ, અરૂણાચલ પ્રદેશ અને મિઝોરમ) માટે Prime Ministers Developement Initiative for North East Region (PM-DEVINE) ને મંજૂરી આપવામાં આવી છે.
- આ પહેલની જાહેરાત નોર્થ ઈસ્ટરિજન (NER) માં વિકાસના અંતરાલ (GAP) ને દૂર કરવા માટે કેન્દ્રીય બજેટ 2022-23 દરમિયાન કરવામાં આવી હતી.
- આ પહેલ 100% કેન્દ્રીય ભંડોળ સાથે કેન્દ્રીય ક્ષેત્રની યોજના છે, જેનો અમલ ઉત્તર પૂર્વીય ક્ષેત્રના વિકાસ મંત્રાલયના કાઉન્સિલ અથવા એજન્સીઓ દ્વારા કરવામાં આવશે.
- આ યોજના અથવા પહેલને વર્ષ 2025-26 સુધીમાં પૂર્ણ કરવાના પ્રયાસો કરવામાં આવશે.
- આ પહેલ ઈન્ફ્રાસ્ટ્રકચર, સહાયક ઉદ્યોગો, સામાજિક વિકાસ પ્રોજેકટ્સ, યુવાઓ અને મહિલાઓ માટે આજીવિકાની પ્રવૃત્તિઓનું સર્જન કરશે, જે તે રોજગાર નિર્માણ તરફ દોરી જશે.
- આ પહેલ હેઠળ મંજૂર કરાયેલા પ્રોજેક્ટસનું પર્યાપ્ત સંચાલન અને જાળવણી સુનિશ્ચિત કરવા માટે પગલાં લેવામાં આવશે, જેથી તેને ટકાઉ બનાવી શકાય.

- આ પહેલના ઉદ્દેશ્યો નીચે મુજબ છે.
  - (I) PM ગતિ શકિતની ભાવનામાં એકીકૃત રીતે ફંડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર
  - (II) NER ની અનુભવાયેલી જરૂરિયાતને આધારે સામાજિક વિકાસ પ્રોજેક્ટ્સને સમર્થન આપવુ,
  - (III) યુવાનો અને મહિલાઓ માટે આજીવિકા પ્રવૃતિઓને સક્ષમ કરવુ
  - (IV) વિવિધ ક્ષેત્રોમાં વિકાસ કરવો
- આ પહેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સામાજિક વિકાસ પ્રોજેક્ટ્સને ટેકો આપશે જે કદમાં મોટા હોઈ શકે છે અને અલગ પ્રોજેક્ટ્સને બદલે 'End to End' ઉકેલ પણ પ્રદાન કરશે.
- આ પહેલ North East Region (NER) ના વિકાસ માટે ઉપલબ્ધ સંશાધનનાં જથ્થામાં વધારાની યોજના છે.

## પ્રધાનમંત્રી કિસાન સન્માન સંમેલન 2022 નું આયોજન




- તાજેતરમાં ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ઓકટોબર 17 ના રોજ Indian Agricultural Research Institute (IARI) નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી કિસાન સન્માન સંમેલન 2022 નું આયોજન કરવામાં આવ્યું છે.
- આ 2 દિવસીય પ્રધાનમંત્રી કિસાન સન્માન સંમેલનમાં ભારતભરના 13,500 થી વધુ ખેડુતો અને 1500 થી વધુ એગ્રી – સ્ટાર્ટઅપ્સઓએ ભાગ લીધો છે.
- આ સંમેલનમાં સંશોધકો, નીતિ નિર્માતાઓ અને અન્ય હિતધારકોએ ભાગ લીધો છે.
- આ સંમેલન દરમિયાન વડા પ્રધાન દ્વારા 600 પ્રધાનમંત્રી કિસાન સમૃદ્ધિ કેન્દ્રોનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું છે, જે કેન્દ્રીય રસાયણ અને ખાતર મંત્રાલયના નેજા હેઠળ કાર્ય કરશે.
- પ્રધાનમંત્રી કિસાન સમૃદ્ધિ કેન્દ્રો (PMKSK) નો ઉદ્દેશ ખેડુતોની વિવિધ જરૂરિયાતો પૂરી કરવાનો, ખાતર, બિયારણ અને ઓજારો તેમજ માટી માટે પરિક્ષણ સુવિધાઓ જેવી કૃષિ સામગ્રી પ્રદાન કરવાનો છે. અને વિવિધ સરકારી યોજનાઓ વિશે જાગરૂકતા પણ વધારવાનો છે.
- આ સંમેલનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ભારતીય જન ઉર્વરક યોજના 'One Nation One Fertilizer' પણ લોન્ચ કરવામાં આવી છે, જે મેન્યુફેકચરિંગ કંપનીઓને એક જ બ્રાન્ડના નામ ભારત હેઠળ ખાતરનું માર્કેટિંગ કરવાની મંજૂરી આપે છે.
- One Nation One Fertilizer પહેલ હેઠળ ભારત યુરિયા બેગ લોન્ચ કરવામાં આવશે.
- આ સંમેલન લગભગ 300 સ્ટાર્ટઅપ્સ તેમના નવીન ઉકેલો પ્રદર્શિત કર્યા છે, જેમાં ખેતી, લણણી પછી મૂલ્યવર્ધક ઉકેલ, સંલગ્ન કૃષિ, વેસ્ટ ટુ વેલ્થ, નાના ખેડુતો માટે મિકેનાઈઝેશન, સપ્લાય ચેઈન મેનેજમેન્ટ એન એગ્રીલોજિસ્ટિકસ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.
- આ સંમેલનમાં 'Indian Edge' નામના ખાતર પર ધ્યાન કેન્દ્રિત કરતું E-Magazine લોન્ચ કરવામાં આવશે, જે સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ખાતરના દશ્યો વિશે માહિતી પ્રદાન કરશે, જેમાં તાજેતરના વિકાસ, ભાવ વલણોનું વિશ્લેષણ, ઉપલબ્ધતા, વપરાશ અને ખેડુતોની સફળતાની વાર્તાઓની સમાવેશ થાય છે.
- આ સંમેલનમાં 16,000 કરોડ Direct Benifit Transfer (DBT) દ્વારા પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ હેઠળ 12 માં હપ્તા તરીકે જાહેર કરવામાં આવશે.

# 8 પર્યાવરણ, વિજ્ઞાન અને ટેકનોલોજી

## જિમ કોર્બેટ ટાઈગર રિઝર્વમાં ટાઈગર સફારી પ્રોજેક્ટ પર FSI રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો

- તાજેતરમાં Forest Survey of India ના રિપોર્ટમાં જણાવ્યા મુજબ ઉત્તરાખંડ સરકાર દ્વારા સફારી પ્રોજેક્ટના અમલીકરણ માટે જિમ કોર્બેટ ટાઈગર રિઝર્વમાં હજારો વૃક્ષો ગેરકાયદેસર રીતે કાપવામાં આવ્યા હતા.
- ફોરેસ્ટ સર્વે ઓફ ઈન્ડિયા (FSI) દ્વારા કરવામાં આવેલા સર્વેમાં જાણવા મળ્યું છે કે પાખરો વાઘ સફારી પ્રોજેક્ટ માટે કોર્બેટ ટાઈગર રિઝર્વમાં ગેરકાયદેસર રીતે 6,093 વૃક્ષો કાપવામાં આવ્યા હતા.




- આ સફારી પ્રોજેક્ટ માટે માત્ર 163 વૃક્ષોને જ સાફ કરવાની મંજૂરી આપવામાં આવી હતી.
- એક પર્યાવરણ કાર્યકર્તા દ્વારા નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરિટીને ફરિયાદ કરવામાં આવ્યા બાદ FSI એ સર્વે શરૂ કર્યો હતો જેમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે પ્રોજેક્ટ વિસ્તારોમાં અને તેની આસપાસ હજારો વૃક્ષો કપાઈ રહ્યા છે.
- ઉત્તરાખંડ ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટે તાજેતરમાં બહાર પાડવામાં આવેલા FSI રિપોર્ટ દ્વારા કરવામાં આવેલા તારણો સ્વીકાર્યા નથી અને કાપવામાં આવેલા વૃક્ષોની સંખ્યાની ગણતરી કરવાની પદ્ધતિ અંગે સ્પષ્ટતા માંગી રહી છે.
- FSI ઉપરાંત, નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરિટી અને કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયને પણ પ્રોજેક્ટના અમલીકરણમાં ગેરરીતિઓ જોવા મળી હતી. તેઓએ આ ગેરરીતિઓની તપાસ માટે તપાસ સમિતિઓની રચના કરી હતી.

### Jim Corbett National Park વિશે...

- જિમ કોર્બેટ નેશનલ પાર્કની સ્થાપના 1936 માં હેલી નેશનલ પાર્ક તરીકે કરવામાં આવી હતી અને બાદમાં આ રાષ્ટ્રીય ઉદ્યાનની સ્થાપનામાં મુખ્ય ભૂમિકા ભજવનાર પ્રખ્યાત પ્રકૃતિવાદી જીમ કોર્બેટના માનમાં તેનું નામ બદલવામાં આવ્યું હતું. પ્રોજેક્ટ ટાઈગર હેઠળ આવનારો તે પહેલો રાષ્ટ્રીય ઉદ્યાન હતો.
- જિમ કોર્બેટ નેશનલ પાર્ક અને સોનનદી મળીને જિમ કોર્બેટ ટાઈગર રિઝર્વ બનાવે છે. તે વિશ્વની સૌથી વધુ ગીચતા ધરાવતા વાઘની વસ્તી માટે પ્રખ્યાત છે. તેમાં 230 વાઘ છે, જેમાં પ્રતિ 100 ચોરસ કિમીમાં 14 વાઘ છે.

## સુકાપાઈકા નદીને પુનઃજીવિત કરવામાં આવશે

- નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલે (NGT) ઓડિશા રાજય સરકારને મહાનદીની સહાયક નદી સુકાપાઈકા નદીને 6 મહિનાની અંદર પુનઃજીવિત કરવાનો નિર્દેશ આપ્યો છે અને આ નદીના પુનઃજીવિત માટે સમર્પિત ફંડ બનાવવાનો નિર્દેશ આપ્યો છે.




- NGT એ જણાવ્યું કે કટક જિલ્લામાં સુકાપાઈકા નદી વર્ષ 1950 માં લુપ્ત થઈ ગઈ હતી.
- કટક જિલ્લાના આયાતુર ગામના ખેડૂતો બટાટા, ટામેટા, કોબીજ વગેરેની ખેતી કરતા હતા અને માછીમારી સાથે સંકળાયેલા હતા. પરંતુ સુકાપાઈકા નદી લુપ્ત થયા પછી અથવા નદી સૂકાઈ ગયા પછી તમામ આર્થિક પ્રવૃત્તિઓ બંધ થઈ હતી જે હજી સુધી ચિંતાનો વિષય છે.
- વર્ષ 1952 માં, ઓડિશા સરકારે સુકાપાઈકાના ડેલ્ટામાં પુરને રોકવા માટે નદીના પ્રારંભિક બિંદુને પાળા સાથે અવરોધિત કર્યો અને વર્ષ 1957 માં, પુરને રોકવા માટે મહાનદી પર બે મોટા પ્રોજેક્ટ્સ – હીરાકુડ ડેમ અને નારાજ બેરેજ – બનાવવામાં આવ્યા હતા.
- જો કે, સુકાપાઈકા નદીના પ્રારંભિક બિંદુ પરનો પાળો દૂર કરવામાં આવ્યો ન હતો, જેના કારણે ડિસ્ટ્રીબ્યુટરી સંપૂર્ણપણે વરસાદી પાણી પર નિર્ભર હતી અને તે લગભગ આખું વર્ષ સૂકી રહી જાય છે.
- સુકાપાઈકા નદી કટક જિલ્લાના આયાતુર ગામમાંથી નીકળે છે અને તે જ જિલ્લામાં મહાનદીમાં પુનઃ જોડાતા પહેલા લગભગ 40 કિમી વહે છે.

## OneWeb અને New Space India પાર્ટનરશિપની મદદથી 36 ઉપગ્રહો લોન્ચ કરવામાં આવશે

- OneWeb અને New Space India ની પાર્ટનરશિપ મુજબ OneWeb ના 36 Gen 1 ઉપગ્રહો ISRO ના GSLV-Mk III પર લોન્ચ કરવામાં આવશે.
- આ પાર્ટનરશિપ લંડન સ્થિત સેટેલાઈટ કોમ્યુનિકેશન સેટેલાઈટ કંપની OneWeb એ ન્યૂસ્પેસ ઈન્ડિયા લિમિટેડ સાથે એપ્રિલ 2022માં કરી હતી.
- આ કરારના ભાગરૂપે, કંપનીના LEO ઉપગ્રહોનું પ્રક્ષેપણ GSLV-Mk III દ્વારા કરવામાં આવશે.
- GSLV-Mk III ભારતીય અવકાશ એજન્સીનું સૌથી ભારે રોકેટ છે.
- આ ઉપગ્રહોને શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટર (SDSC) થી લોન્ચ કરવામાં આવશે.




**New Space India Ltd વિશે :**

- ન્યૂસ્પેસ ઈન્ડિયા લિમિટેડ (NSIL) એ ઈસરોની વ્યાપારી શાખા છે જે માર્ચ 2019 માં સ્થાપિત કરવામાં આવી હતી.
- આ કંપની ભારત સરકારના અવકાશ વિભાગ (DOS) ના નેજા હેઠળ આવે છે. તેનો હેતુ સ્પેસ સેકટરમાં વ્યાપારી માંગને સાકાર કરવાનો છે.
- તેમાં ભારતીય કંપનીઓ સાથે સહયોગ દ્વારા સ્વદેશી પ્રક્ષેપણ વાહનોનું નિર્માણ, ટેકનોલોજી ટ્રાન્સફર, પ્રક્ષેપણ સેવાઓ, સેટેલાઈટ બિલ્ડીંગ અને અન્ય ગ્રાઉન્ડ સેવાઓ તેમજ સેટેલાઈટ આધારિત સેવાઓનો સમાવેશ થાય છે.
- તેનો મુખ્ય ઉદ્દેશ્ય અંતરિક્ષ સંબંધિત પહેલ માટે ભારતને ઉચ્ચ–તકનીકી ઉત્પાદન કેન્દ્ર બનાવવાનો છે.

## ઉત્તરપ્રદેશમાં નવા ટાઈગર રિઝર્વને મંજૂરી આપવામાં આવી

- તાજેતરમાં ઉત્તર પ્રદેશ એ ચિત્રકૂટ જિલ્લામાં રાણીપુર વન્યજીવ અભયારણ્યને રાજ્યના ચોથા ટાઈગર રિઝર્વ તરીકે મંજૂરી આપી છે.
- આ ભારતનું 54મું ટાઈગર રિઝર્વ હશે આ અગાઉ છત્તીસગઢનું ગુરુ ઘાસીદાસ રાષ્ટ્રીય ઉદ્યાન એ ભારતનું 53મું ટાઈગર રિઝર્વ જાહેર કર્યું હતું.
- આ વિસ્તારમાં વાઘના સંરક્ષણ માટે રાણીપુર ટાઈગર કન્ઝર્વેશન ફાઉન્ડેશનની સ્થાપના કરવામાં આવશે.




- **રાણીપુર વન્યજીવ અભયારણ્યના મુખ્ય આકર્ષણો :**
  - વર્ષ 1977માં સ્થાપિત રાણીપુર વન્યજીવ અભયારણ્ય પાસે એક પણ વાઘ નથી પરંતુ નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરિટી (NTCA)ના રિપોર્ટ મુજબ, તે વાઘની હિલચાલ માટે એક મહત્વપૂર્ણ કોરિડોર બની રહેશે.
  - રાણીપુર ટાઈગર રિઝર્વ એ ઉત્તરપ્રદેશનું ચોથું ટાઈગર રિઝર્વ હશે.
  - બુંદેલખંડ ક્ષેત્રમાં આ રાજ્યનું પ્રથમ વાઘ રિઝર્વ હશે.
  - અહીં કાળુ બતક, ચિંકારા, સાંભર, ચિતલ, રીંછ, દીપડો, વરુ, જંગલી કૂતરો, નીલગાય વગેરે જોવા મળે છે.
- **ઉત્તરપ્રદેશના અન્ય વાઘ રિઝર્વ :**
  - દુધવા નેશનલ પાર્ક
  - પીલીભીત ટાઈગર રિઝર્વ
  - અમનગઢ ટાઈગર રિઝર્વ
  - રાણીપુર ટાઈગર રિઝર્વ

## International Civil Aviation Organization (ICAO) નું આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધનમાં જોડાણ.

- તાજેતરમાં આંતરરાષ્ટ્રીય નાગરીક ઉડ્ડયન સંગઠન (ICAO) એ કેનેડાના મોન્ટ્રીયલમાં ICAO કોન્ફરન્સના 42મા સત્ર દરમિયાન આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધન (International Solar Alliance-ISA) સાથે સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કર્યા હતા.
- ભારતમાં કોચીન ઈન્ટરનેશનલ એરપોર્ટ વર્ષ 2015માં વિશ્વનું પ્રથમ સંપૂર્ણ સૌર ઊર્જાથી ચાલતું એરપોર્ટ બન્યું હતું.
  - આ સમજૂતી કરાર મુજબ International Solar Allianceના વારસાને આગળ વધારવામાં આવશે.
  - આ કરાર મુજબ વૈશ્વિક નાગરિક ઉડ્ડયન ક્ષેત્રમાં સૌર ઊર્જાના ઉપયોગ માટે એક નવી શરૂઆત કરવામાં આવશે.
  - આ કરારથી ISAના તમામ સભ્ય દેશોમાં ઉડ્ડયન ક્ષેત્રનું સૌરીકરણ શક્ય બનશે.



Global aviation body ICAO signs MoU with International Solar Alliance

- તેનો હેતુ ઉડ્ડયન ક્ષેત્રમાં $CO_2$ ઉત્સર્જનની વૃદ્ધિને ચકાસવાનો છે, જેથી ભારત ચોખ્ખું શૂન્ય ઉત્સર્જન લક્ષ્ય હાંસલ કરી શકે.

➲ ભારતનું શુદ્ધ શૂન્ય કાર્બન લક્ષ્ય :
- ભારતે COP 26 માં વર્ષ 2070 સુધીમાં શુદ્ધ શૂન્ય કાર્બન લક્ષ્ય નક્કી કર્યું છે.
- ભારતે 175 ગીગાવોટ પુનઃપ્રાપ્ય ઊર્જા સ્થાપિત કરવાનો લક્ષ્યાંક નક્કી કર્યો છે, જેમાંથી 100 ગીગાવોટ સૌર ઊર્જા વર્ષ 2022 સુધીમાં હાંસલ કરવાની છે અને કાર્બન ઉત્સર્જનની તીવ્રતા વર્ષ 2030 સુધીમાં 33-35% સુધી ઘટાડવામાં આવશે, જેથી સૌર ઊર્જા બિનજોડાણ ધરાવતા ગામો અને સમુદાયો સુધી પહોંચાડવામાં આવશે.

### International Solar Alliance વિશે...

- સ્થાપના : વર્ષ 2015
- વડુમથક : ગુરુગ્રામ (હરિયાણા)
- વર્ષ 2015 દરમિયાન ભારત અને ફ્રાન્સ દ્વારા સહસ્થાપિત, ઈન્ટરનેશનલ સોલર એલાયન્સ (ISA) એ સૌર ઊર્જા ટેકનોલોજીના વિતરણને વધારવા માટે સક્રિય અને સભ્ય–સંચાલિત અને સહયોગ પ્લેટફોર્મ છે.
- તેનો મૂળ ઉદ્દેશ્ય ઊર્જા સુધી પહોંચની સુવિધા, ઊર્જા સુરક્ષા સુનિશ્ચિત કરવા અને તેના સભ્ય દેશોમાં ઊર્જા સંક્રમણને પ્રોત્સાહન આપવાનો છે.
- ઈન્ટરનેશનલ સોલર એલાયન્સ એ 'વન સન, વન વર્લ્ડ, વન ગ્રીડ' (OSOWOG)ને અમલમાં મૂકવા માટે નોડલ એજન્સી છે, જેનો હેતુ ચોક્કસ પ્રદેશમાં ઉત્પન્ન થતી સૌર ઊર્જાને અન્ય પ્રદેશની વીજળીની માંગમાં પૂર્ણ કરવા માટે રૂપાંતરિત કરવાનો છે.
- કુલ 109 દેશોએ ISA ફ્રેમવર્ક કરાર પર હસ્તાક્ષર કર્યા છે અને 90 દેશોએ તેને બહાલી આપી છે.

### International Civil Aviation Organization વિશે...

- સ્થાપના : વર્ષ 1944
- વડુમથક : મોન્ટ્રીયલ (કેનેડા)
- તે સંયુકત રાષ્ટ્ર (UN) ની વિશિષ્ટ એજન્સી છે. જેણે શાંતિપૂર્ણ નાગરિક ઉડ્ડયન ધોરણો અને પ્રક્રિયાઓનો પાયો નાખ્યો.
- 7 ડિસેમ્બર, 1944ના રોજ શિકાગોમાં આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન પર સંમેલનમાં હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. તેથી જ તેને શિકાગો સંમેલન પણ કહેવામાં આવે છે.
- શિકાગો કન્વેન્શને હવાઈ માર્ગે આંતરરાષ્ટ્રીય પરિવહનને મંજૂરી આપતા મુખ્ય સિદ્ધાંતોની સ્થાપના કરી અને ICAO ની રચના કરવામાં આવી.
- ભારત તેના 193 સભ્યોમાંથી એક છે.

## REC (Rural Electrification Corporation Limited) ને મહારત્નનો દરજ્જો આપવામાં આવ્યો

➲ તાજેતરમાં સેન્ટ્રલ પબ્લિક સેકટર એન્ટરપ્રાઈઝ (CPSE) Rural Electrification Corporation Limited (REC) ને 'મહારત્ન' નો દરજ્જો આપવામાં આવ્યો છે.

➲ REC લિમિટેડ મહારત્નનો દરજ્જો મેળવનારી દેશની 12મી કંપની છે.

**ભારતની 12 મહારત્ન કંપની**

| ક્રમ | કંપની | ક્રમ | કંપની |
|---|---|---|---|
| 1 | ભારત હેવી ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ (BHEL) | 7 | નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન (NTPC) |
| 2 | ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (BPCL) | 8 | ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ONGC) |
| 3 | કોલ ઈન્ડિયા લિમિટેડ (CIL) | 9 | પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા |
| 4 | ગેસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા લિમિટેડ (GAIL) | 10 | સ્ટીલ ઓથોરિટી ઓફ ઈન્ડિયા લિમિટેડ (SAIL) |
| 5 | હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (HPCL) | 11 | પાવર ફાઈનાન્સ કોર્પોરેશન લિમિટેડ |
| 6 | ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ (IOCL) | 12 | રૂરલ ઈલેકિટ્રફિકેશન કોર્પોરેશન લિમિટેડ (RES) |

➲ રૂરલ ઈલેકિટ્રફિકેશન કોર્પોરેશન (REC) એ નોન–બેંકિંગ ફાઈનાન્સિયલ કંપની (NBFC) છે, જેની સ્થાપના વર્ષ 1969 માં કરવામાં આવી હતી, જે સમગ્ર ભારતમાં પાવર સેકટરના ધિરાણ અને વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

➲ તેનો હેતુ ભારતના પાવર સેકટરના વિકાસ અને ધિરાણ પર ધ્યાન કેન્દ્રિત કરવાનો છે.

➲ આ કંપની વીજળી બોર્ડ, રાજય સરકારો, કેન્દ્ર અથવા રાજય ઉપયોગિતાઓ, સ્વતંત્ર વીજ ઉત્પાદકો, ગ્રામીણ ઈલેકિટ્રક સહકારી સંસ્થાઓ અને ખાનગી ક્ષેત્રની ઉપયોગિતાઓને નાણાકીય સહાય પૂરી પાડે છે.

➲ નાણાકીય વર્ષ 22 માં તેણે રૂા.10,046 કરોડનો અત્યાર સુધીનો સૌથી ચોખ્ખો નફો કર્યો હતો અને રૂા.50,986 કરોડની નેટવર્થ સુધી પહોંચી હતી.

- આ કંપનીને નીચે મુજબ ભારત સરકારની મુખ્ય યોજનાઓ માટે તેને નોડલ એજન્સી તરીકે નિયુક્ત કરવામાં આવી છે.
  (1) પ્રધાનમંત્રી સહજ બિજલી હર ઘર યોજના
  (2) દીન દયાળ ઉપાધ્યાય ગ્રામ જયોતિ યોજના
- આ ઉપરાંત ઉજ્જવલ ડિસ્કોમ એશ્યોરન્સ યોજના (UDAY) ની દેખરેખમાં REC પાવર મંત્રાલયને પણ મદદ કરે છે.

असीमित ऊर्जा, अनन्त संभावनाएं
Endless energy. Infinite possibilities.

**MAHARATNAના દરજ્જા વિશે...**

- મહારત્નનો દરજ્જો વર્ષ 2010માં જાહેર ક્ષેત્રના મોટા સાહસોને વૈશ્વિક જાયન્ટ બનાવવાના ઉદ્દેશ્ય સાથે રજૂ કરવામાં આવી હતી.
- મહારાત્નનો દરજ્જો એવી કંપનીઓને આપવામાં આવે છે જેણે સતત ત્રણ વર્ષ માટે રૂા. 5000 કરોડથી વધુનો ચોખ્ખો નફો નોંધાવ્યો હોય અથવા સતત ત્રણ વર્ષ સુધી સરેરાશ રૂા. 25,000 કરોડનું ટર્નઓવર નોંધ્યું હોય.
- આ દરજ્જો મેળવવા માટે કંપની પાસે ત્રણ વર્ષ માટે સરેરાશ 15,000 કરોડ રૂપિયાની વાર્ષિક નેટવર્થ હોવી જોઈએ.
- ભારતના સ્ટોક એકસચેન્જમાં સૂચિબદ્ધ થવા માટે 'સેન્ટ્રલ પબ્લિક સેકટર એન્ટરપ્રાઈઝિસ' માટે નવરત્નનો દરજ્જો મેળવવો ફરજિયાત છે.

## 'POWER-EX-2022' એકસરસાઈસ્નું આયોજન કરવામાં આવ્યું

- તાજેતરમાં CERT-in (The Indian Computer Emergency Response Team) અને CSIRT (Computer Security Incident Response Team) એ 'Power – Ex – 2022' નામની સાયબર સુરક્ષા કવાયતનું આયોજન કર્યુ હતું.




- સાયબર સિકયોરિટી એકસરસાઈસ્ 'Power Ex' ને CERT- in ના સિમ્યુલેશન પ્લેટફોર્મ પર આયોજીત કરવામાં આવ્યું હતું.
- આ કવાયતમાં ભાગ લેવા માટે 193 પાવર સેકટર યુટિલિટીઝને આમંત્રિત કરવામાં આવ્યાં હતા.
- આ સાયબર સુરક્ષા કવાયતનો ઉદ્દેશ "IT અને OT" સિસ્ટમમાં સાયબર ઘટનાને ઓળખવા વિશ્લેષણ કરવા અને પ્રતિસાદ આપવાનો છે.
- આ કવાયતની થીમ : "Defending Cyber Induced disruption in IT & OT Infrastructure" છે.
- ઓકટોબર 2021 માં કેન્દ્ર સરકાર દ્વારા પાવર સેકટરમાં સાયબર સિકયુરિટી અંગેની માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી હતી.

**The Indian Computer Emergency Response Team (CERT-in) વિશે...**

**સ્થાપના** : વર્ષ 2004 (ઈન્ફોર્મેશન ટેકનોલોજી એકટ, 2000 અંતર્ગત)
- આ એક નોડલ એજન્સી છે જે કેન્દ્રીય ઈલેકટ્રોનિક અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય અંતર્ગત કામ કરે છે.
- આ એજન્સી હેકિંગ અને ફિશિંગ જેવા સાયબર સુરક્ષા – સંબંધિત પ્રવૃતિઓ પર કામ કરે છે.

## ચીને પ્રથમ અવકાશ આધારિત સૌર ટેલિસ્કોપ લોન્ચ કર્યું

- તાજેતરમાં ચીનનું અવકાશ – આધારિત સૌર ટેલિસ્કોપ 'એડવાન્સ્ડ સોલર ઓબ્ઝર્વેટરી' – સ્પેસ (ASO-S) લોન્ચ કરવામાં આવ્યું.
- આ 'એડવાન્સ્ડ સોલાર ઓબ્ઝર્વેટરી (ASO-S) ટેલિસ્કોપ ચીનના ઉત્તરપશ્ચિમ ભાગમાં આવેલા Jiuquan સેટેલાઈટ લોન્ચ સેન્ટર પર થી 'લોંગ માર્ચ – 2D કેરિયર' રોકેટ દ્વારા લોન્ચ કરવામાં આવ્યું હતું.



- આ ટેલિસ્કોપને 'કુઆકુ–1' નામ આપવામાં આવ્યું છે.
- આ સૌર ટેલિસ્કોપ લગભગ 4 વર્ષ સુધી સેવા આપશે, તેના મદદથી વૈજ્ઞાનિકોને "સૌર મહત્તમ" (જયારે સૂર્યમાં સૌથી વધુ સંખ્યામાં સૂર્યના ધબ્બા હોય તે સ્થિતિને સૌર મહત્તમ કહેવાય છે) સ્થિતિ દરમિયાન સૂર્યની અગાઉની અભૂતપૂર્વ છબીઓ મેળવવા અને અભ્યાસ કરવામાં સક્ષમ બનાવશે. વર્ષ 2025 ની આસપાસ સૌર મહત્તમ થવાની ધારણા છે.
- ASO-S એ ચીનનો પ્રથમ ફુલ – સ્કેલ ઉપગ્રહ (Full scale satellite) છે જે સૂર્ય પર સંશોધન કરવા માટે સમર્પિત છે.
- આ વિશ્વનું પ્રથમ સૌર ટેલિસ્કોપ છે જે એકસાથે સૌર જવાળાઓ અને કોરોનલ માસ ઈજેકશન એમ બંને પર નજર રાખવામાં સક્ષમ છે. તે પૃથ્વીની સપાટીથી 720 કિમીની ભ્રમણકક્ષામાંથી સૂર્યનો અભ્યાસ કરશે.
- આ મિશન NASAના પાર્કર સોલર પ્રોબ અને ESA ના સોલર ઓર્બિટર જેવું જ છે.
- ભારત સૌર વાતાવારણ પર સંશોધન કરવા માટે 2023 માં આદિત્ય – L1 નામનું સમાન સૌર મિશન શરૂ કરવાની યોજના બનાવી રહયું છે.

Largest Recruitment in Govt. Banks

Mission

# IBPS

PO | CLERK

Batch - 2023

Highest

2570+

Selections in Gujarat till Now.....

ADMISSION OPEN

Then Why Wait?

Visit Our Branch for more Inquiry

(Creating A Way For Govt. Jobs)

Banking Academy

(Preparation for All Types of Competitive Exams)

NEW CLASS START FROM

21st November

| સુરત (ઉધના) | સુરત (વરાછા) | નવસારી | વ્યારા |
|---|---|---|---|
| Ph. : 70461 40555 | Ph. : 70464 16555 | Ph. : 70466 41555 | Ph. : 90998 64658 |

## INS અરિહંત પરથી 'સબમરીન લોન્ચ બેલિસ્ટિક મિસાઈલ' (SLBM) લોન્ચ કરવામાં આવી.

- તાજેતરમાં બંગાળની ખાડીમાં ભારતની પ્રથમ સ્વદેશી ન્યુક્લિયર સબમરીન INS અરિહંત પરથી સબમરીન લોન્ચ બેલિસ્ટિક મિસાઈલનું પરીક્ષણ કરવામાં આવ્યુ હતું.
- આ મિસાઈલ પરીક્ષણ, ભારતના પરમાણુ બેલિસ્ટિક સબમરીન પ્રોગ્રામનું એક મહત્વપૂર્ણ ભાગ છે, જે ભારતની પરમાણુ પ્રતિરોધક ક્ષમતાને સુનિશ્ચિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.
- સબમરીનમાંથી પરમાણુ શસ્ત્રો લોન્ચ કરવાની ક્ષમતા સાથે ભારત 'ન્યુક્લિયર ટ્રાયડ' દેશ બનશે.
- ન્યુક્લિયર ટ્રાયડ દેશ એટલે જમીન, એરક્રાફ્ટ અને સબમરીનમાંથી પરમાણુ મિસાઈલ લોન્ચ કરવાની ક્ષમતા ધરાવતું ત્રિ–પાંખીય લશ્કરી બળ માળખું હાંસલ કરવાવાળો દેશ.




### સબમરીન લોંચ્ડ બેલિસ્ટિક મિસાઈલ (SLBM) વિશે...

- SLBM ને સામાન્ય રીતે K ફેમિલી ઓફ મિસાઈલ તરીકે ઓળખવામાં આવે છે, જેનું કોડનેમ એ.પી.જે. અબ્દુલ કલામના નામ પરથી રાખવામાં આવ્યું છે.
- SLBM ને DRDO (Defence research & Development Organisation) દ્વારા વિકસાવવામાં આવી છે.

### INS Arihant વિશે...

- INS અરિહંત એ ભારત દ્વારા વિકસાવવામાં આવેલી સ્વદેશી સબમરીન છે, જે પરમાણુ સંચાલિત બેલિસ્ટિક મિસાઈલ લોન્ચ કરવામાં સક્ષમ છે.
- વર્ષ 1990 માં શરૂ કરવામાં આવેલ 'એડવાન્સ ટેકનોલોજીકલ વેસલ પ્રોજેકટ' હેઠળ INS અરિહંતનું નિર્માણ કરવામાં આવેલ છે.
- INS અરિહંતને વર્ષ 2016 માં કાર્યરત કરવામાં આવ્યું હતું.
- INS અરિહંત 6000 ટનની સબમરીન છે જેની લંબાઈ 110 મીટર અને પહોળાઈ 11 મીટર છે.
- તે યુરેનિયમ બળતણ સાથે 83 મેગાવોટ પેશરાઈઝ્ડ લાઈટ વોટર ન્યુક્લિયર રિએક્ટર દ્વારા સંચાલિત છે.

## ગીધ સંરક્ષણ માટે તમિલનાડુની રાજ્ય–સ્તરની સમિતિ

- તમિલનાડુ સરકારે ગીધ સંરક્ષણ માટે એકશન પ્લાન (APVC – Action Plan for Vulture Conservation) વર્ષ 2020-2025 ના અમલીકરણ માટે રાજ્ય – સ્તરીય સમિતિ State Level Committee for Vulture Conservation (SLCVC) ની રચના કરી છે.
- ગીધ સંરક્ષણ માટે રાજ્ય–સ્તરીય સમિતિ (SLCVC) ની રચના માટેની દરખાસ્ત કેન્દ્ર સરકાર દ્વારા ભારતમાં ગીધના સંરક્ષણ માટે રાષ્ટ્રીય કાર્યવાહી દ્વારા પ્રસ્તાવિત કરવામાં આવી હતી, જેમાં 1993 અને 2003 વચ્ચે 96 ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો.
- આ દરખાસ્તને અનુરૂપ, તમિલનાડુ સરકારે રાજ્યમાં ગીધના સંરક્ષણ માટે સંસ્થાકીય માળખું બનાવવા માટે SLCVC ની સ્થાપના કરી છે.
- આ સમિતિનું નેતૃત્વ રાજ્યના વન સંરક્ષક વિભાગના અધ્યક્ષ કરશે. અન્ય સભ્યોમાં પશુપાલન વિભાગના ડિરેકટર અને ડ્રગ કંટ્રોલરના ડિરેકટર, ફૂડ સેફટી એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન વિભાગ અને વન્યજીવન સંરક્ષણ પર ધ્યાન કેન્દ્રીત કરતી બિન–લાભકારી સંસ્થાઓના મુખ્ય સભ્યોનો સમાવેશ થાય છે.
- આ સમિતિ ગીધ માટે ઝેરી હોય તેવી દવાઓ, ખાસ કરીને નોન–સ્ટીરોઈડલ એન્ટી –ઈન્ફ્લેમેટરી દવાઓ (NSAIDS) કે જે ગીધ એકશન પ્લાન (2020-25) હેઠળ પ્રતિબંધિત છે તેના પર પ્રતિબંધ માટે નિયમો બનાવવા માટે કામ કરશે.




- આ સમિતિ તમિલનાડુમાં ગીધ માટે વધુ સંવર્ધન જગ્યાઓ અને બચાવ કેન્દ્રો બનાવવા તેમજ દક્ષિણ રાજયમાં ગીધ વસ્તીની નિયમિત દેખરેખ માટે પણ જવાબદાર રહેશે.
- આ સમિતિ રાષ્ટ્રીય સ્તરની ગીધ વસ્તી ગણતરીમાં પણ ભાગ લેશે અને સર્વેક્ષણ હાથ ધરવા અને રાજ્યમાં "ગીધ સલામત ઝોન" બનાવવા માટે સ્થાનોની ઓળખ કરશે.
- આ સમિતિ દ્વારા ગીધ સંરક્ષણ માટેના એકશન પ્લાનનો વાર્ષિક અહેવાલ પણ બનાવવામાં આવશે.

## આસામ સરકાર દ્વારા "TOFI (trees outside forests in India)" કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો

- તાજેતરમાં 'આસામ' રાજ્ય અને 'US Agency for International Development' (USAID) દ્વારા સંયુક્ત રીતે "ભારતમાં જંગલોની બહારના વૃક્ષો" (TOFI- trees outside forests in India) કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે.
- આ પહેલ ઉત્તરપૂર્વીય રાજ્યમાં પરંપરાગત જંગલ વિસ્તારોની બહાર વૃક્ષોના કવરેજને વિસ્તૃત કરવા માટે સંયુક્ત રીતે શરૂ કરવામાં આવ્યો હતો.
- તેનો ઉદ્દેશ્ય પર્યાવરણીય પહેલ સાથે ઉત્પાદકતા અને નફાકારકતાને સંકલિત કરવા માટે આધુનિક પદ્ધતિઓ અપનાવીને રાજ્યમાં કૃષિ વનીકરણની પરંપરાગત પ્રથાને પ્રોત્સાહન આપવા અને તેનું પ્રમાણ આપવા માટે ખાનગી સંસ્થાઓ સાથે જોડાણ કરવાનો છે.
- તે કાર્બન ક્રેડિટના વેચાણને વેગ આપવા, નોકરીની વૃદ્ધિને પ્રોત્સાહન આપવા, આવક વધારવામાં અને લોકોને રોગચાળાની આર્થિક અસરને દૂર કરવામાં મદદ કરશે.
- તે કાર્બન સિક્વેસ્ટ્રેશનને વધારશે, કૃષિની આબોહવા સ્થિતિસ્થાપકતાને મજબૂત કરશે અને ભારતના રાષ્ટ્રીય લક્ષ્યો, આંતરરાષ્ટ્રીય પ્રતિબદ્ધતાઓને સમર્થન આપશે અને "પર્યાવરણ માટેની જીવનશૈલી" ચળવળને પ્રોત્સાહન આપશે.


The Assam government and the USAID launches the trees outside forest in india

## સ્વદેશી રીતે વિકસિત LCH (Light Combat Helicopter) પ્રચંડને ભારતીય વાયુસેનામાં સામેલ કરવામાં આવ્યું

- તાજેતરમાં સ્વદેશી રીતે વિકસિત મલ્ટિ–રોલ લાઈટ કોમ્બેટ હેલિકોપ્ટર (LCH), પ્રચંડને ઔપચારિક રીતે ભારતીય વાયુસેનામાં સામેલ કરવામાં આવ્યું છે, જે ઊંચાઈવાળા યુદ્ધ ક્ષેત્રોમાં કામગીરી માટે યોગ્ય છે.



❖ **Light Combat Helicopter – પ્રચંડ હેલિકોપ્ટર વિશે :**

- LCH એ વિશ્વનું એકમાત્ર લડાયક હેલિકોપ્ટર છે જે 5,000 મીટરની ઉંચાઈ પર શસ્ત્રો અને ઈંધણના નોંધપાત્ર ભાર સાથે લેન્ડિંગ અને ટેક – ઓફ કરવામાં સક્ષમ છે.
- આ હેલિકોપ્ટર રડાર સિગ્નલો સામે રક્ષણ આપવા માટે રડાર – શોષણ ટેકનિકનો ઉપયોગ કરે છે જેમાં ક્રેશ– પ્રૂફ સ્ટ્રક્ચર અને લેન્ડિંગ ગિયરનો સમાવેશ થાય છે.
- હેલિકોપ્ટર કાઉન્ટરમેજર ડિસ્પેન્સિંગ સિસ્ટમથી સજ્જ છે જે તેને દુશ્મનના રડાર અથવા દુશ્મન મિસાઈલથી સુરક્ષિત કરે છે.
- LCH એ હિન્દુસ્તાન એરોનોટિકસ લિમિટેડ (HAL) દ્વારા ઉત્પાદિત બે ફ્રેન્ચ મૂળના શકિત એન્જિનો દ્વારા સંચાલિત છે.
- વર્ષ 1999 ના કારગીલ યુદ્ધ દરમિયાન પ્રથમ વખત 'સ્વદેશી લાઈટ કોમ્બેટ હેલિકોપ્ટર' ની જરૂરિયાત અનુભવવામાં આવી હતી જે તમામ ભારતીય યુદ્ધ ક્ષેત્રને પરિસ્થિતિઓમાં ચોકસાઈથી હુમલો કરી શકે.
- તેનો અર્થ એ હતો કે એક એવું હેલિકોપ્ટર બનાવવું જે રણની તીવ્ર ગરમી અને ભારે ઠંડી વાળા ખૂબ ઉંચાઈવાળા વિસ્તારોમાં, બળવા – વિરોધી પરિસ્થિતિઓ, યુદ્ધની સ્થિતિમાં કામ કરી શકે.
- ભારત ચેતક અને ચિત્તાનો ઉપયોગ કરી રહ્યું છે, જે હિન્દુસ્તાન એરોનોટિકસ લિમિટેડ (HAL) દ્વારા ઉત્પાદિત સબ 3-ટન કેટેગરીના હેલિકોપ્ટર છે.
- આમાંના મોટાભાગના સિંગલ –એન્જિન વાહનો ઉપયોગી હેલિકોપ્ટર હતા.
- ભારતીય વાયુસેના હાલમાં રશિયન મૂળના MI-17 અને તેના વેરિઅન્ટ્સ MI-17 અને MI-17 V5 નો ઉપયોગ કરે છે, જેનો મહત્તમ Take Off Weight 13 ટન છે, જે 2028 સુધીમાં તબક્કાવાર દૂર કરવામાં આવશે.
- સરકાર દ્વારા ઓક્ટોબર, 2006 માં LCH પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી હતી અને HAL ને તેને વિકસાવવાનું કામ સોંપવામાં આવ્યું હતું.
- LCH માં દુશ્મનની હવાઈ સંરક્ષણ પ્રણાલીઓને નાબૂદ કરવા, સંશોધન અને બચાવ, ટેન્ક વિરોધી અને કાઉન્ટર સરફેર ફોર્સ ઓપરેશન વગેરે જેવી ભૂમિકાઓ કરવાની ક્ષમતા છે.

## બે ભારતીય દરિયાકિનારાને 'બ્લુફ્લેગ' ટેગ મળ્યો.

- તાજેતરમાં લક્ષદ્વીપના બે દરિયાકિનારાને આંતરરાષ્ટ્રીય ઈકો–લેબલ 'બ્લુ ફ્લેગ' પ્રાપ્ત થયું છે, જેમાં 'મિનિકોય થુંડી બીચ' અને કદમત બીચનો સમાવેશ થાય છે.
- આ નવા બ્લુ ફ્લેગ દરિયાકિનારા સાથે ભારતમાં કુલ 12 દરિયાકિનારા (બીચ) છે. જેમને બ્લુ ફ્લેગ સર્ટિફિકેશન મળ્યું છે.




❖ **ભારતના બ્લુ ફ્લેગ બીચની યાદી :–**

| ક્રમ | દરિયાકિનારાનું નામ | રાજય / કેન્દ્રશાસિત પ્રદેશ |
|---|---|---|
| 1 | શિવરાજપુર | ગુજરાત |
| 2 | ઘોઘલા | દીવ |
| 3 | કાસરકોડ | કર્ણાટક |
| 4 | પદુબિદ્રી | કર્ણાટક |
| 5 | કપડ | કેરળ |
| 6 | ગોલ્ડન બીચ | ઓડિશા |

| ક્રમ | દરિયાકિનારાનું નામ | રાજય / કેન્દ્રશાસિત પ્રદેશ |
|---|---|---|
| 8 | રાધાનગર | આંદામાન અને નિકોબાર |
| 9 | કોવલમ | તમિલનાડુ |
| 10 | એડન | પુડુચેરી |
| 11 | મિનિકોય થુંડીબીચ | લક્ષદ્વીપ |
| 12 | કદમત બીચ | લક્ષદ્વીપ |

- ઓડિશા રાજયના પુરી શહેરમાં આવેલ ગોલ્ડન બીચ એશિયાનો પ્રથમ બીચ હતો જેણે બ્લુ ફ્લેગનું પ્રમાણપત્ર મેળવ્યું હતું.
- વર્ષ 2021 માં તમિલનાડુ કોવલમ બીચ અને પુડુચેરીના ઈડન બીચને બ્લુ ફ્લેમ પ્રમાણપત્ર મળ્યું હતું.
- હાલમાં ચેન્નાઈ શહેરના મરીના બીચનો 30 કિમીનો વિસ્તારને બ્લુફ્લેગ બીચ પ્રમાણપત્ર મેળવવા માટે વિકસાવવામાં આવી રહયો છે.

### Blue Flag Certificate વિશે...

- શરૂઆત : 1985
- બ્લુ ફ્લેગ પ્રોગ્રામ ચાર મુખ્ય માપદંડો સાથે શરૂઆત કરવામાં આવી હતી. જે નીચે પ્રમાણે છે.
  (1) પાણીની ગુણવત્તા (2) પર્યાવરણીય વ્યવસ્થાપન (3) પર્યાવરણીય શિક્ષણ (4) પર્યાવરણીય સરંક્ષણ
- બ્લુ ફ્લેગ સર્ટિફિકેશન એ બિન–લાભકારી 'Foundation For environmental Education' (FEE) દ્વારા આપવામાં આવતું ઈકો–લેબલ છે.

## ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા જલદૂત એપ્લિકેશન (Jaldoot Application) લોન્ચ કરવામાં આવી

- તાજેતરમાં ગ્રામીણ વિકાસ મંત્રાલયે ભૂગર્ભ જળ સ્તરના વધુ સારા અંદાજ માટે 'જલદૂત એપ' અને 'જલદૂત એપ ઈ–બ્રોશર' લોન્ચ કર્યુ છે.
- જલદૂત એપ ગ્રામીણ વિકાસ મંત્રાલય અને પંચાયતી રાજ મંત્રાલય દ્વારા સંયુકત રીતે વિકસાવવામાં આવી છે.
- આ એપનો ઉપયોગ દેશભરના દરેક ગામમાં પસંદગીના 2-3 કૂવાના પાણીના સ્તરનો અંદાજ કાઢવા માટે કરવામાં આવશે.
- આ એપ ઓનલાઈન અને ઓફલાઈન બંને મોડમાં કામ કરશે આથી, પાણીના સ્તરનો અંદાજ ઈન્ટરનેટ કનેકિટવિટી વિના પણ કરી શકાય છે અને મૂલ્યાંકન કરાયેલ ડેટા મોબાઈલમાં સંગ્રહિત કરવામાં આવશે અને જયારે વિસ્તારમાં મોબાઈલ કનેકિટીવિટી ઉપલબ્ધ હશે. ત્યારે ડેટા સેન્ટ્રલ સર્વર સાથે સિંક્રોનાઈઝ કરવામાં આવશે.



- જલદૂત એપ દ્વારા પ્રાપ્ત થતો નિયમિત ડેટા નેશનલ વોટર ઈન્ફોર્મેટિક્સ સેન્ટર (NWIC) ના ડેટાબેઝ સાથે સંકલિત કરવામાં આવશે. જેનો ઉપયોગ હિસ્સેદારોના લાભ માટે વિવિધ ઉપયોગી અહેવાલોના વિશ્લેષણ અને પ્રદર્શન માટે કરી શકાય છે.
- આ એપ સમગ્ર દેશમાં પાણીના સ્તરની માહિતી મેળવવાની સુવિધા પૂરી પાડશે અને પરિણામી ડેટાનો ઉપયોગ ગ્રામ પંચાયત વિકાસ યોજના અને MANREGA માટે કરી શકાશે.
- આ એપ દેશભરના ગામડાઓમાં પસંદ કરેલા કુવાના પાણીના સ્તરનું મૂલ્યાંકન કરવા માટે લોન્ચ કરવામાં આવી છે.
- જલદૂત એપ ગ્રામ રોજગાર સહાયકને વર્ષમાં બે વાર ચોમાસા પહેલા અને ચોમાસા પછી કૂવાના પાણીના સ્તરે માપવા માટે પરવાનગી આપશે.
- આ એપ પંચાયતોને મહત્વને માહિતી મેળવવાનું સરળ બનાવશે જેનો ઉપયોગ પાછળથી કામોના આયોજન માટે વધુ સારી રીતે થઈ શકશે.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતમાં 5G સેવાઓની શરૂઆત કરી.




- નવી દિલ્હીના પ્રગતિ મેદાન ખાતે આયોજિત ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસ 2022 માં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા 5G ઈન્ટરનેટ સેવા શરૂ કરવામાં આવી હતી.
- શરૂઆતમાં તેને ભારતના 13 શહેરોમાં લોન્ચ કરવામાં આવશે તેમાં દિલ્હી, બેંગ્લુરૂ, મુંબઈ, ચેન્નાઈ, અમદાવાદ, ચંદીગઢ, ગાંધીનગર, હેદરાબાદ, કોલકાતા, લખનૌ, પૂણે, જામનગર અને ગુરૂગ્રામનો સમાવેશ થાય છે.
- જેમાં ચેન્નાઈ, મુંબઈ, દિલ્હી અને કોલકાતા જેવા મહત્વના મેટ્રો શહેરો 5G સેવા મેળવનારા પ્રથમ શહેર હશે.

### 5G Technology વિશે...

- 5G એ પાંચમી પેઢીનું મોબાઈલ નેટવર્ક છે. 1G, 2G, 3G અને 4G નેટવર્ક પછી તે નવું વૈશ્વિક વાયરલેસ સ્ટાન્ડર્ડ છે.
- 5G એ 4G નેટવર્ક કરતા 10 ગણી વધુ ઝડપી ઈન્ટરનેટની ઝડપ પૂરી પાડે છે.
- 5G ના હાઈ–બેન્ડ સ્પેક્ટ્રમમાં ઈન્ટરનેટ સ્પીડ 20 Gbps તરીકે ચકાસવામાં આવી છે. જયારે 4G માં નોંધાયેલ મહત્તમ ઈન્ટરનેટ ડેટા સ્પીડ મોટાભાગના કિસ્સાઓમાં 1 Gbps છે.
- આ ઉચ્ચ ડેટા દર વિશ્વસનીય સંદેશાવ્યવહાર અને ઓછી વિલંબ સુનિશ્ચિત કરે છે.
- 5G મુખ્યત્વે 3 બેન્ડ્સ (લો, મિડ અને હાઈ બેન્ડ સ્પેક્ટ્રમ) માં કામ કરે છે, જેમાં દરેક બેન્ડમાં અમુક ચોક્કસ ઉપયોગો અને અમુક ચોક્કસ મર્યાદાઓ હોય છે.
- આ બેન્ડનો ઉપયોગ ઉદ્યોગો અને વિશિષ્ટ ફેક્ટરી એકમો દ્વારા કેપ્ટિવ નેટવર્ક બનાવવા માટે થઈ શકે છે. જે તે ચોક્કસ ઉદ્યોગોની જરૂરિયાતોને અનુરૂપ થઈ શકે છે.

## 'પ્રસ્થાન અભ્યાસ' અપતટીય સુરક્ષા કવાયત હાથ ધરવામાં આવી

- ક્રિષ્ના ગોદાવરી બેસિન અપતટીય ડેવલપમેન્ટ ઝોન ખાતે 11 અને 12 ઓક્ટોબર દરમિયાન 'પ્રસ્થાન અભ્યાસ' નું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ કવાયત ભારતીય નૌકાદળના પૂર્વીય નેવલ કમાન્ડના નેજા હેઠળ હાથ ધરવામાં આવી હતી.




- પ્રસ્થાન એક અપતરટીય સુરક્ષા અભ્યાસ (Offshore Security Exercise) છે અને જે દર 6 મહિને હાથ ધરવામાં આવે છે.
- તેમનો મુખ્ય ઉદ્દેશ ઓફશર સંરક્ષણમાં સામેલ તમામ હિસ્સેદારોના પ્રયત્નોને એકીકૃત કરવાનો છે.
- આ અભ્યાસમાં ONGC, રિલાયન્સ લિમિટેડ, વેદાંત અને દરિયાઈ સુરક્ષા સાથે સંકળાયેલા અન્ય ઓઈલ ઓપરેટરોની ભાગીદારી જોવા મળી હતી.
- આ ઉપરાંત આંધ્રપ્રદેશના મરીન પોલીસ અને ફિશરીઝ વિભાગ તેમજ ભારતીય કોસ્ટ ગાર્ડે પણ ભાગીદારી કરી હતી.
- તેનો ઉદ્દેશ્ય અપતટીય વિકાસ ક્ષેત્રમાં કટોકટી દરમિયાન એકંદર સલામતી અને સજ્જતાનું મૂલ્યાંકન કરવાનો છે.
- તે ઓઈલ ઓપરેટરોને વિવિધ ODA આકસ્મિક પરિસ્થિતિઓ માટે નિર્ધારિત તેમની સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOPs) ને માન્ય કરવા સક્ષમ બનાવે છે.
- આ અભ્યાસમાં આતંકવાદી ઘૂસણખોરી, બોમ્બ વિસ્ફોટ, આગ, ખોદકામ, શોધ અને બચાવ, મોટા પાયે સ્થળાંતર અને તેલ ફેલાવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

## મંગળયાન મિશનનો અંત

- ISROએ તાજેતરમાં પૃષ્ટિ કરી છે કે મંગળ ઓર્બિટરનો સંપર્ક તૂટી ગયો છે અને પુનઃપ્રાપ્ત કરી શકાતો નથી. આથી મંગળયાન મિશનનો અંત આવ્યો છે.
  - મંગળયાનના ઉદ્દેશ નીચે મુજબ છે :
    - (a) મંગળના વાતાવરણનો અભ્યાસ કરવો
    - (b) સ્વદેશી વૈજ્ઞાનિક સાધનોનો ઉપયોગ કરીને મંગળની સપાટીના લક્ષણો, ખનિજો, આકાર અને વાતાવરણનું સંશોધન કરવું.
    - (c) માર્શ ઓર્બિટ મિશન નો એક મહત્વનો ઉદ્દેશ્ય આંતરગ્રહીય મિશનના આયોજન, ડિઝાઈન, સંચાલન અને સંચાલનમાં જરૂરી ટેકનોલોજી વિકસાવવાનો હતો.




- ટેકનોલોજી ડેમોનસ્ટ્રેટર તરીકે છ મહિનાના આયુષ્ય માટે ડિઝાઈન કરવામાં આવ્યુ હોવા છતા માર્સ ઓર્બિટર મિશન (mom) લગભગ આઠ વર્ષની મંગળની ભ્રમણકક્ષામાં હતું.

❖ **Marsh Orbit Mission (MOM) સમાપ્ત થવાનું કારણ**

- પ્રોપેલન્ટ (ઈંધણ) ના અભાવના કારણે ઈચ્છિત સતત વીજ ઉત્પાદન પ્રાપ્ત થઈ શક્યું ન હતું. અને તેનો ગ્રાઉન્ડ સ્ટેશન સાથેનો સંપર્ક તૂટી ગયો હતો.
- તાજેતરમાં એક પછી એક ગ્રહણ જોવા મળ્યા હતા, જેમાંથી એક સાડા સાત કલાક ચાલ્યુ હતું.
- સેટેલાઈટ બેટરી માત્ર 1 કલાક 40 મિનિટની ગ્રહણ અવધીને હેન્ડલ કરવા માટે ડિઝાઈન કરવામાં આવી હોવાથી, લાંબો ગ્રહણ સમયગાળો બેટરીની સલામતી માટે હાનિકારક હતો.

❖ **Marsh Orbit Mission (MOM)**

- માર્સ ઓર્બિટર મિશન કે જેની કિંમત રૂા. 450 કરોડ છે તે PSLV –C25 દ્વારા 5 નવેમ્બર, 2013 ના રોજ લોન્ચ કરવામાં આવ્યું હતું.
- ત્યારબાદ માર્સ ઓર્બિટર મિશન (mom) સપ્ટેમ્બર 2014 માં તેના પ્રથમ પ્રયાસમાં મંગળની ભ્રમણકક્ષામાં સફળતાપૂર્વક મૂકવામાં આવ્યું હતું.
- મંગળયાન એ ભારતનું પ્રથમ આંતરગ્રહીય મિશન હતું.
- રોસ્કોમોસ (રશિયન સ્પેસ એજન્સી), NASA અને યુરોપિયન સ્પેસ એજન્સી પછી આ મિશનને ભારતને મંગળ ગ્રહ પર પહોંચનાર પ્રથમ એશિયન અને વિશ્વનો ચોથો દેશ બન્યો હતો.
- તે માર્સ કલર કેમેરા (MCC) સહિત 850 કિલોગ્રામ ઈંધણ અને 5 વૈજ્ઞાનિક પેલોડ લઈ ગયું હતું.
- MOM અત્યંત લંબગોળ ભ્રમણકક્ષાની ભૂમિતિએ MCC ને તેના સૌથી દૂરના બિંદૂએ મંગળની 'સંપૂર્ણ ડિસ્ક' ના સ્નેપશોટ લેવા અને નજીકના બિંદુ પરથી સુંદર વિગતો મેળવવા માટે સક્ષમ બનાવ્યું હતું.
- MCC એ 1000 થી વધારે ફોટા લીધા છે. અને મંગળ એટલાસ પ્રકાશિત કર્યા છે.
- આ ઉપરાંત અન્ય સાધનો થર્મલ ઈન્ફ્રારેડ ઈમેજિંગ સ્પેક્ટ્રોમીટર (TIS), મિથેન સેન્સર ફોર માર્સ (MSM), માર્સ એકસોસ્ફેરિક ન્યુટ્રલ કમ્પોઝિશન એનાલાઈઝર (MENCA) અને લાયમેન આલ્ફા ફોટોમીટર (LAP) નો સમાવેશ થાય છે.

## ISRO એ Next – Gen Launch Vehicle વિકસાવી રહ્યું છે.

- ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO) પોલાર સેટેલાઈટ લોન્ચ વ્હીકલ (PSLV) જેવી ઓપરેશનલ સિસ્ટમને બદલવા માટે 'નેકસ્ટ – જનરેશન લોન્ચ વ્હીકલ (NGLV)' વિકસાવી રહયું છે.
- અવકાશયાનને અવકાશમાં લઈ જવા માટે પ્રક્ષેપણ વાહનનો ઉપયોગ થાય છે.
- ભારત પાસે બે ઓપરેશનલ લોન્ચર્સ છે. – (1) PSLV (Pollar Satelight Launch Vehicle (2) GSLV (Geosynchronous Satellite Launch Vehicle).




❖ **Next Gen Launch Vehicle**

- ઈસરો NGLV માટે જીઓસ્ટેશનરી ટ્રાન્સફર ઓર્બિટ (GTO) માં દસ ટનની પેલોડ ક્ષમતા સાથે ખર્ચ – અસરકારક, ત્રણ તબક્કાનું, ફરીથી વાપરી શકાય તેવું હેવી – લિફ્ટ વાહન બનાવવાનું વિચારી રહયુંછે.
- તે બૂસ્ટર તબક્કાઓ માટે અર્ધ–ક્રાયોજેનિક પ્રોપેલ્શન (પ્રવાહી ઓકિસજન (ઓકિસડાઈઝર તરીકે) સાથે બળતણ તરીકે શુદ્ધ કેરોસિન) ની સુવિધા હશે.
- તેનો સંભવિત ઉપયોગ સંચાર ઉપગ્રહો, ડીપ સ્પેસ મિશન, ભાવી માનવ અવકાશ ઉડાન અને કાર્ગો મિશન લોન્ચ કરવા માટે હશે.

**Indian Space Research Organisation (ISRO) વિશે....**

**સ્થાપના** – 15 ઓગસ્ટ, 1969
**વડુમથક** – બેંગ્લોર, કર્ણાટક
**અધ્યક્ષ** – શ્રીધરા પાનીકર સોમનાથ

## IBSAMAR-VII સમુદ્રી અભ્યાસનું આયોજન કરવામાં આવ્યું

- તાજેતરમાં 10 અને 12 ઓકટોબર 2022 દરમિયાન ભારત, બ્રાઝિલ અને દક્ષિણ આફ્રિકાની નૌકાદળ વચ્ચે સંયુક્ત બહુરાષ્ટ્રીય મેરીટાઈમ એકસરસાઈઝ (IBSAMAR) ની સાતમી આવૃત્તિ યોજાઈ હતી.
- આ અભ્યાસમાં ભાગ લેવા માટે ભારતનું INS તારકશ દક્ષિણ આફ્રિકાના પોર્ટ ગેકબેરહા (પોર્ટએલિઝાબેથ) પહોંચ્યું હતું.




❖ **IBSAMAR**

- IBSAMAR એ ભારત, બ્રાઝિલ એ દક્ષિણ આફ્રિકાની નૌકાદળ વચ્ચેની સંયુક્ત બહુરાષ્ટ્રીય કવાયત છે.
- આ અભ્યાસમાં ભારતીય નૌકાદળનું પ્રતિનિધિત્વ તેગ કલાસ ગાઈડેડ મિસાઈલ ફ્રિગેટ, INS તારકશ, ચેતક હેલિકોપ્ટર અને મરીન કમાન્ડો ફોર્સ (MARCOS) ના કર્મચારીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.
- IBSAMAR VII ના પોર્ટ તબક્કામાં નુકસાન નિયંત્રણ અને અગ્નિશામક અભ્યાસો, VBSS/ ક્રોસ બોર્ડિંગ ચર્ચા અને વિશેષ દળો વચ્ચેની ક્રિયાપ્રતિક્રિયા જેવા વ્યવસાયિક વિનિમયોનો સમાવેશ થાય છે.
- સંયુક્ત દરિયાઈ કવાયત દરિયાઈ સુરક્ષા, સંયુક્ત ઓપરેશનલ તાલીમ, શ્રેષ્ઠ પ્રેક્ટિસની વહેંચણી અને સામાન્ય દરિયાઈ જોખમોને સંબોધવા માટે આંતર – સંચાલન ક્ષમતાને મજબૂત બનાવશે.
- IBSAMAR – એ IBSA ત્રિપક્ષીય સંરક્ષણ સહયોગનો એક ભાગ છે.

## "અગ્નિ પ્રાઈમ" (અગ્નિ – P) બેલિસ્ટિક મિસાઈલનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું.

- તાજેતરમાં ભારતીય સેના દ્વારા અગ્નિ પ્રાઈમ બેલેસ્ટિક મિસાઈલનું ઓડિશાના દરિયાકાંઠે સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું હતું. અગ્નિ પ્રાઈમ મિસાઈલનું આ સતત ત્રીજું પરીક્ષણ હતું.
- આ પરીક્ષણનો ઉદેશ્ય સ્વદેશી મિસાઈલ સિસ્ટમની સચોટતા અને વિશ્વસનીયતાની ચકાસણી કરવાનો હતો.
- અગ્નિ પ્રાઈમનું પ્રથમ ફલાઈટ પરીક્ષણ જૂન 2021 માં હાથ ધરવામાં આવ્યું હતું, જયારે બીજું પરીક્ષણ ડિસેમ્બર 2021 માં થયું હતું. આ બે પરીક્ષણો પરથી કહી શકાય કે મિસાઈલ ઉચ્ચ સ્તરની ચોકસાઈ સાથે મિશનના ઉદ્દેશ્યોને સફળતાપૂર્વક પૂર્ણ કરે છે.
- આ ત્રણે સફળ પરીક્ષણો સાથે, મિસાઈલને હવે સ્ટ્રેટેજિક ન્યુકિલયર કમાન્ડ દ્વારા યુઝર ટ્રાયલ્સમાં મુકવામાં આવશે.
- આ ટ્રાયલ પૂર્ણ થયા પછી, અગ્નિ– P ને સત્તાવાર રીતે સ્ટ્રેટેજિક ફોર્સીસ કમાન્ડ શસ્ત્રાગારમાં સામેલ કરવામાં આવશે.
- એકવાર સામેલ કર્યા પછી, આ મિસાઈલ 1,000 થી 2,000 કિમીની રેન્જ સાથે ભારતની મુખ્ય ન્યુકિલયર મિસાઈલોમાં આ મિસાઈલનો સમાવેશ થશે.




### AGNI PRIME (AGNI- P) વિશે...

- અગ્નિ પ્રાઈમ અથવા અગ્નિ–P એ પરમાણુ–સક્ષમ નેક્સ્ટ જનરેશન (NG) ની અગ્નિ વર્ગની મિસાઈલ છે.
- અગ્નિ–1 અને અગ્નિ–2 મિસાઈલોને બદલવા માટે DRDO દ્વારા આ મધ્યમ રેન્જની મિસાઈલ વિકસાવવામાં આવી હતી.
- આ મિસાઈલ 10 – મીટર લાંબી બે તબક્કાની કેનિસ્ટરાઈઝ્ડ મિસાઈલની મહત્તમ રેન્જ 2,000 કિલોમીટર છે.
- આ મિસાઈલ નું વજન અગ્નિ 3 મિસાઈલોના 50 ટકાથી ઓછું છે.

# 9 રમત-જગત, નિમણૂક, વ્યક્તિ, પુસ્તક અને નિધન

## લાલ બહાદુર શાસ્ત્રીજીની 118મી જન્મ જયંતિ

- લાલ બહાદુર શાસ્ત્રીનો જન્મ 2 ઓકટોબર, 1904ના રોજ ઉત્તર પ્રદેશના મુગલસરાયમાં થયો હતો. ગાંધીજીએ અસહયોગ આંદોલનમાં સામેલ થવા માટે પોતાના દેશવાસીઓને આહ્વાન કર્યું હતું. આ સમયે લાલ બહાદુર શાસ્ત્રી માત્ર 16 વર્ષના હતા. તેમણે મહાત્મા ગાંધીના આ આહ્વાન પર પોતાનું ભણતર છોડી દેવાનો નિર્ણય કરી લીધો હતો.
- શાસ્ત્રીજીની અટક આમ તો શ્રીવાસ્તવ, પણ કાશી વિદ્યાપીઠમાં 1926માં દર્શનશાસ્ત્રનો અભ્યાસ કરી 'શાસ્ત્રી'ની ઉપાધિ મેળવી ત્યારથી લાલબહાદુર 'શાસ્ત્રી' તરીકે જ ઓળખાતા રહ્યા.
- તેમણે કાશી વિદ્યાપીઠ ખાતેથી તત્વજ્ઞાન વિષય સાથે સ્નાતકની ડિગ્રી મેળવી હતી. તેઓ લાલા લજપતરાય દ્વારા શરૂ કરાયેલ 'સર્વન્ટ્સ ઓફ પીપલ્સ સોસાયટી'માં જોડાયા હતા અને મેરઠ જિલ્લામાં જઈ હરિજન સેવાની પ્રવૃત્તિ હાથ ધરી હતી.
- તેમના કાર્યકાળ દરમિયાન વર્ષ 1965માં ભારત અને પાકિસ્તાન વચ્ચે બીજું યુદ્ધ થયું હતું. આ યુદ્ધ દરમિયાન તેમણે 'જય જવાન જય કિસાન' નો નારો આપ્યો હતો. જેમાં ભારતની જીત થઈ હતી.




- વર્ષ 1965ના ભારત–પાકિસ્તાન યુદ્ધ બાદ 10 જાન્યુઆરી, 1966ના રોજ રશિયાના (હાલના ઉઝબેકિસ્તાન) તાશ્કંદ ખાતે સોવિયત સંઘ (રશિયા)ની મધ્યસ્થી દ્વારા પાકિસ્તાનના રાષ્ટ્રપતિ આયુબ ખાન સાથે તાશ્કંદ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.
- ભારતની આઝાદી પછી તેઓ ઉત્તરપ્રદેશમાં સંસદીય સચિવના રૂપમાં નિયુક્ત થયા હતા. જ્યાં તેમને મુખ્યમંત્રી ગોવિંદ વલ્લભ પંતના મંત્રીમંડળમાં પોલીસ તેમજ પરિવહન મંત્રાલય સોંપવામાં આવ્યું હતું. આ સમય દરમિયાન તેમણે બસ કંડકટરના પદ પર ભારતમાં પ્રથમવાર મહિલાને નિયુકત કરી હતી.
- વર્ષ 1951માં જવાહરલાલ નેહરુના નેતૃત્વમાં તેઓ અખિલ ભારત કોંગ્રેસ કમિટિના મહાસચિવ નિયુકત થયા હતા.
- તેઓ વર્ષ 1951-56 દરમિયાન નહેરુની સરકારમાં રેલવે મંત્રી તરીકે અને વર્ષ 1961-63 દરમિયાન ગૃહમંત્રી તરીકેના પદ પર રહ્યા હતા.
- ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુના અવસાન બાદ તેઓ 9 જૂન, 1964ι રોજ ભારતના બીજા વડાપ્રધાન બન્યા હતા.
- તેમના કાર્યકાળ દરમિયાન નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (NDDB-1965) ની સ્થાપના થઈ હતી.
- 11 જાન્યુઆરી, 1966 ના રોજ તાશ્કંદ ખાતે તેમનું નિધન થયું હતું.
- તેમને વર્ષ 1966માં મરણોપરાંત ભારત સરકારના સર્વોચ્ચ 'ભારતરત્ન' પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેઓ મરણોપરાંત ભારતરત્ન પુરસ્કાર મેળવનાર પ્રથમ વ્યકિત હતા.
- તેમનું સમાધિ સ્થળ 'વિજયઘાટ' (નવી દિલ્હી) તરીકે ઓળખાય છે.

## મહાત્મા ગાંધીજીની 153મી જન્મજયંતિ ઉજવવામાં આવી



- મહાત્મા ગાંધીજીનો જન્મ 2 ઓકટોબર, 1869 અથવા તો ભાદરવા વદ 12ને સંવત 1925ના રોજ પોરબંદર ખાતે થયો હતો.
- ગાંધીજીનો જન્મ બારસને દિવસે થયો હોવાથી તેમનો જન્મ દિન 'રેંટિયા બારસ' તરીકે પણ ઉજવાય છે.
- મહાત્મા ગાંધીજીનો જન્મદિવસ 2 ઓકટોબર દર વર્ષે સમગ્ર વિશ્વમાં 'વિશ્વ અહિંસા દિન' તરીકે ઉજવાય છે.
- આ માટે 15 જૂન, 2007ના રોજ સંયુકત રાષ્ટ્રની મહાસભામાં મતદાન થયું હતું.
- જેમાં મહાસભાના તમામ સભ્યોએ 2 ઓકટોબરના રોજ 'વિશ્વ અહિંસા દિવસ'ની ઉજવણી કરવા માટે સહમતિ આપી હતી.
- ત્યારબાદ 2 ઓકટોબર, 2007થી સમગ્ર વિશ્વમાં દરવર્ષે આ દિવસે 'વિશ્વ અહિંસા દિન'ની ઉજવણી કરવામાં આવે છે.
- મહાત્મા ગાંધીજીનું પૂરું નામ મોહનદાસ કરમચંદ ગાંધી હતું.
- મહાત્મા ગાંધીજીનું 6 વર્ષ સુધીનું બાળપણ પોરબંદરમાં જ વીત્યું હતું. તેમના પિતા પોરબંદર થી રાજકોટ રાજસ્થાનિક કોર્ટના સભ્ય તરીકે રાજકોટ ટ્રાન્સફર થયા ત્યારે ગાંધીજીની ઉંમર સાત વર્ષની હતી.
- મહાત્મા ગાંધીજીએ રાજકોટમાં સૌપ્રથમ રાજકોટની ગામઠી નિશાળ શાળા નં. 5માં બાલમંદિરથી ત્રીજા ધોરણ સુધીનો અભ્યાસ કર્યો હતો.

- ત્યારબાદ તેમણે રાજકોટની પરા નિશાળ શાળા નં. 1માં એક વર્ષ અભ્યાસ કર્યો હતો અને હાઈસ્કૂલનું શિક્ષણ રાજકોટની જ શ્રી આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં મેળવ્યું હતું.
- મહાત્મા ગાંધીજી જ્યારે હાઈસ્કૂલના પ્રથમ વર્ષમાં હતા ત્યારે કેળવણીખાતાના ઈન્સ્પેક્ટર જાઈલ્સ તેમની શાળાની તપાસ માટે આવ્યા હતા.
- ગાંધીજીને સંસ્કૃતનું શિક્ષણ શ્રી કૃષ્ણાશંકર માસ્તરે આપ્યું હતું.
- ગાંધીજીને હાઈસ્કૂલના શિક્ષણના બીજા વર્ષમાં એટલે કે પાંચમાં ધોરણમાં માસિક ચાર રૂપિયા અને હાઈસ્કૂલના ત્રીજા વર્ષમાં એટલે કે છઠ્ઠા ધોરણમાં માસિક દસ રૂપિયા શિષ્યવૃત્તિ મળી હતી.
- ગાંધીજીએ કોલેજનો અભ્યાસ મુંબઈ કરતા ભાવનગરનો ખર્ચ ઓછો હોવાથી ભાવનગરની શામળદાસ કોલેજમાં કર્યો હતો.
- ગાંધીજીનું મૃત્યુ 30 જાન્યુઆરી, 1948 ના રોજ બિરલા હાઉસ (નવી દિલ્હી) ખાતે થયું હતું.
- ભારતમાં નવી દિલ્હી ખાતે આવેલી મહાત્મા ગાંધીજીની સમાધિને 'રાજઘાટ' નામ આપ્વામાં આવ્યું છે.
- મહાત્મા ગાંધીજીના સમાધિ સ્થળ 'રાજઘાટ' ઉપરાંત ગુજરાતમાં કચ્છ જિલ્લાના ગાંધીધામ – આદિપુર ખાતે પણ ગાંધીજીની એક સમાધિ આવેલી છે.
- ગાંધીધામ – આદિપુર ખાતે આવેલી આ ગાંધી સમાધિમાં મહાત્મા ગાંધીજીના અસ્થિફૂલ સચવાયેલા હોવાથી આ ગાંધી સમાધિનું પણ વિશેષ મહત્વ છે.
- ગુજરાતમાં કચ્છ જિલ્લાના માંડવી તાલુકાના કોટડી ગામમાં 1948માં ગાંધીજીના નિધન બાદ ભારતના પ્રથમ ગાંધી મંદિરનું નિર્માણ થયું હતું.

## મૈસુર દશારા ઉત્સવ ઉજવવામાં આવ્યો.

- કર્ણાટક રાજ્યમાં આ વર્ષે 26 સપ્ટેમ્બરથી 5 ઓકટોબર સુધી મૈસુર દશારા ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી.
- મૈસુર દશારા એ દસ દિવસીય તહેવાર છે, જે નવરાત્રી સાથે શરૂ થાય છે અને વિજ્યાદશમી દરમિયાન સમાપ્ત થાય છે.
- મૈસુર દશારા ઉત્સવ સામાન્ય રીતે અશ્વિનના હિંદુ કેલેન્ડર મહિનાની 10મી તારીખે જોવા મળે છે, જે સામાન્ય રીતે સપ્ટેમ્બર અને ઓકટોબરમાં આવે છે.

**મૈસુર દશારા ઉત્સવ વિશે...**

- મહિષાસુર સામે ચામુંડા પર્વતમાળાની દેવી ચામુંડેશ્વરીના વિજયની ઉજવણી કરવા માટે આ તહેવાર મનાવવામાં આવે છે. મહિષાસુરના વધથી શહેરનું નામ મૈસુર પડયું.
- મૈસુર રાજ્યની ઉત્પત્તિ વિજયનગર સામ્રાજ્યના શાસન દરમિયાન 15મી સદીમાં જોઈ શકાય છે.
- વિજયનગર સામ્રાજ્યના પતન પછી મૈસુર દશારાની ઉજવણી અટકાવવામાં આવી હતી અને 17મી સદીની શરૂઆતમાં રાજા વોડેયાર પ્રથમ દ્વારા વર્ષ 1610માં પુનઃ ઉજવણીની શરૂઆત કરવામાં આવી હતી.




## ભારતના 50મા મુખ્ય ન્યાયાધીશ તરીકે જસ્ટિસ ધનંજય યશવંત ચંદ્રચુડની નિમણૂંક

- જસ્ટિસ ધનંજય યશવંત ચંદ્રચુડ નવેમ્બર2022 માં ભારતના 50 મા મુખ્ય ન્યાયાધીશ (CJI) બનવાના છે.




- ભારતના વર્તમાન ચીફ જસ્ટિસ ઉદય ઉમેશ લલિતને 11 ઓકટોબર, 2022 ના રોજ આયોજિત સુપ્રીમ કોર્ટના અન્ય ન્યાયાધીશોને સામેલ કરતી મીટિંગ દરમિયાન જસ્ટિસ ડી.વાય. ચંદ્રચુડને તેમના અનુગામી તરીકે નામાંકિત કર્યા હતા.
- સરકારને CJI ની ભલામણ ભારતના 50 મા મુખ્ય ન્યાયાધીશની નિમણુક માટેની પ્રક્રિયા શરૂ કરશે.
- જો આ નિમણૂકને કેન્દ્ર સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવે છે, તો જસ્ટિસ ડી.વાય. ચંદ્રચુડ ભારતના પ્રથમ બીજી પેઢીના મુખ્ય ન્યાયાધીશ હશે.
- જસ્ટિસ ડી.વાય. ચંદ્રચુડના પિતા – જસ્ટિસ વાયવી ચંદ્રચુડ – ભારતના 16 મા મુખ્ય ન્યાયાધીશ હતા.
- જસ્ટિસ વાયવી ચંદ્રચુડ 1978 માં CJI બન્યા. તેમણે સાત વર્ષના સૌથી લાંબા કાર્યકાળ માટે આ પદ સંભાળ્યું તેમના પુત્ર, જસ્ટિસ ડી.વાય. ચંદ્રચૂડ, બે વર્ષથી સુપ્રીમ કોર્ટના જસ્ટિસ રહયા છે.
- ડીવાય ચંદ્રચુડ સાથે સંકળાયેલા અન્ય સીમાચિહ્નરૂપ ચુકાદાઓમાં ઈચ્છામૃત્યુ, સબરીમાલામાં મહિલાઓના પ્રવેશ સમલૈંગિકતા, ગર્ભપાત અધિકારો, હાદિયા કેસ, મેડિકલ કોલેજના કેસ અને સિનેમા હોલમાં ફરજિયાતપણ રાષ્ટ્રગીત વગાડવાની પીઆઈએલનો સમાવેશ થાય છે.

**Supreme Court (SC) વિશે...**

- ભારતમાં સુપ્રિમ કોર્ટની સ્થાપના 28 જાન્યુઆરી, 1950માં કરવામાં આવી હતી.
- સુપ્રિમ કોર્ટના પ્રથમ ન્યાયધીશ હરીલાલ જે. કનિયા હતા.
- ભારતના બંધારણ ભાગ–5માં અનુચ્છેદ 124 થી 147 માં સર્વોચ્ચ ન્યાયાલય અંગેની જોગવાઈ કરવામાં આવી છે.

## સમાજવાદી પાર્ટીના સ્થાપક મુલાયમસિંહ યાદવનું નિધન

- સમાજવાદી પાર્ટીના સ્થાપક અને ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી મુલાયમસિંહ યાદવનું 82 વર્ષની વયે નિધન થયું છે.



- ભારતીય રાજનેતા, સમાજવાદી વ્યકિત અને સમાજવાદી પાર્ટીના સ્થાપક મુલાયમ સિંહ યાદવનો જન્મ 22 નવેમ્બર, 1939 ના રોજ ઉત્તરપ્રદેશ રાજયના ઈટાવા જિલ્લાના સૈફઈ ગામમાં થયો હતો.
- રાજકીય ક્ષેત્રે જોડાતા પહેલા મુલાયમ સિંહ યાદવ અધ્યાપન ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા. તેઓ કરહાલ, મૈનપુરી માં જૈન – ઈન્ટર કોલેજમાં શિક્ષક હતા.
- મુલાયમસિંહ યાદવ સૌપ્રથમ વર્ષ 1967 માં વિધાનસભાના સભ્ય તરીકે ચૂંટાયા હતા.
- વર્ષ 1975 માં જયારે ઈમર્જન્સી લાદવામાં આવી હતી ત્યારે તેમની ધરપકડ કરવામાં આવી હતી અને 19 મહિના સુધી કસ્ટડીમાં રાખવામાં આવ્યા હતા.
- તેઓ સૌપ્રથમ 1977 માં રાજયકક્ષા મંત્રી બન્યા હતા. ત્યારબાદ 1980 માં તેઓ ઉત્તરપ્રદેશમાં લોકદળ (પીપલ્સ પાર્ટી) ના પ્રમુખ બન્યા હતા. આ પાર્ટી પાછળથી જનતા દળનો એક ભાગ બન્યો હતો.
- 1982 માં તેઓ ઉત્તરપ્રદેશ વિધાન પરિષદ માં વિપક્ષના નેતા તરીકે ચૂંટાયા હતા એ 1985 સુધી તે પદ સંભાળ્યું હતું.
- જયારે લોકદળ પાટીનું વિભાજન થયું ત્યારે ક્રાંતિકારી મોરચા પાર્ટીની શરૂઆત કરી હતી.
- વર્ષ 1992 માં મુલાયમસિંહ યાદવે 'સમાજવાદી પાર્ટી'ની સ્થાપના કરી હતી.
- તેમણે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી તરીકે ત્રણ ટર્મ સેવા આપી હતી.
- આ ઉપરાંત તેમણે ભારત સરકકારના સંરક્ષણ મંત્રી તરીકે પણ સેવા આપી હતી.

## ભારતના નવા એટર્ની જનરલ તરીકે આર.વેંકટરમણીની નિમણૂંક

- સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ આર વેંકટરમણીને ત્રણ વર્ષના સમયગાળા માટે ભારતના એટની જનરલ તરીકે નિયુકત કરવામાં આવ્યા છે.




- આર.વેંકટરમણી એક વકીલ છે જેમને ભારતની સર્વોચ્ચ અદાલતમાં 42 વર્ષનો અનુભવ છે.
- તેમણે 1977માં બાર કાઉન્સિલ ઓફ તમિલનાડુમાં પ્રવેશ મેળવ્યો હતો.
- 1982માં, તેમણે સુપ્રીમ કોર્ટમાં વકિલાતની શરૂઆત કરી અને 1997માં તેમને સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ તરીકે નામ આપવામાં આવ્યું.
- તેમણે કાયદાની વિવિધ શાખાઓનો અભ્યાસ કર્યો છે, જેમા બંધારણીય કાયદો, પરોક્ષ કરનો કાયદો, માનવ અધિકાર કાયદો, નાગરિક અને ફોજદારી કાયદો, ગ્રાહક કાયદો અને સેવાઓ સંબંધિત કાયદો વગેરેનો સમાવેશ થાય છે.
- વરિષ્ઠ વકીલ આર, વેંકટરમણી આફ્રો–એશિયન પ્રદેશમાં ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસની પ્રવૃત્તિઓમાં પણ સામેલ હતા.
- તેઓ 2010માં લો કમિટીના ફરીથી 2013માં બીજી ટર્મ માટે સભ્ય બન્યા. હવે તેમને કે.કે. વેણુગોપાલનની જગ્યાએ ભારતના નવા એટર્ની જનરલ તરીકે નિયુકત કરવામાં આવ્યા છે.

## ડૉ. દિલીપ મહાલનાબીસનું નિધન

- ચિકિત્સક, ડૉ.દિલીપ મહાલનાબીસ, જેમણે પ્રખ્યાત ઓરલ રીહાઈડ્રેશન સોલ્યુશન (ORS) ની શરૂઆત કરી હતી, તાજેતરમાં ફેફસાના ચેપ અને અન્ય વય–સંબંધિત બિમારીઓને કારણે 87 વર્ષની વયે અવસાન પામ્યા હતા.




- ડૉ.દિલિપ મહાલનાબીસનો જન્મ 12 નવેમ્બર, 1934 ના રોજ પશ્ચિમ બંગાળમાં થયો હતો. તેઓ 1960 ના દાયકામાં કોલકાતામાં જોન્સ હોપકિન્સ યુનિવર્સિટી ઈન્ટરનેશનલ સેન્ટર ફોર મેડિકલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગમાં જોડાયા, જયાં તેમણે ઓરલ રિહાઈડ્રેશન થેરાપીમાં સંશોધન કર્યુ.
- કોલેરા જેવા અતિસારના રોગોથી પીડિત શિશુઓ અને નાના બાળકોમાં મૃત્યુનું મુખ્ય કારણ ડિહાઈડ્રેશન છે.
- ઓરલ રિહાઈડ્રેશન સોલ્યુશન – પાણી, ગ્લુકોઝ અને ક્ષારનું મિશ્રણ – આવા મૃત્યુને રોકવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે.
- તે 1971 ના બાંગ્લાદેશ મુકિત યુદ્ધ દરમિયાન શરણાર્થી શિબિરોમાં કામ કરતા હતા ત્યારે ડૉ. મહાલનાબીસે તેની શોધ કરી હતી.

- શરણાર્થી શિબિરોમાં કોલેરા અને ઝાડાનાં વધતા જતા કેસો સાથે, નસમાં પ્રવાહીનો જથ્થો ઝડપથી ઘટી રહયો હતો અને IV સારવાર માટે પૂરતા પ્રશિક્ષિત કર્મચારીઓ પણ ન હતા ત્યારે તેમણે શોધી કાઢ્યું કે ખાંડ અને મીઠાનું સોલ્યુશન શરીરની પાણી શોષવાની ક્ષમતા વધારી શકે છે, ડિહાઈડ્રેશન થતું અટકાવે છે.

## દુલીપ ટ્રોફી 2022-23માં વેસ્ટ ઝોન વિજેતા

- તાજેતરમાં યોજાયેલી દુલીપ ટ્રોફી 2022-23 માં સાઉથ ઝોનને 294 રનથી હરાવીને વેસ્ટ ઝોન ચેમ્પિયન બન્યુ છે.
- વર્ષ 2022-23 એ દુલીપ ટ્રોફીની 59મી સીઝન હતી.
- વર્ષ 2022-23 ની આ દુલીપ ટ્રોફી તમિલનાડુ અને પુડુચેરીમાં રમાઈ હતી.
- દુલીપ ટ્રોફી 2022-23 ની ફાઈનલ મેચ SNR કોલેજ ક્રિકેટ ગ્રાઉન્ડ,કોઈમ્બતુર ખાતે યોજાઈ હતી.
- જેમાં પ્લેયર ઓફ ધ મેચ યશસ્વી જયસ્વાલ બન્યા હતા.
- જયારે પ્લેયર ઓફ ધ સિરીઝ જયદેવ ઉનડકટ બન્યા હતા.
- દુલીપ ટ્રોફી 2023 માં સૌથી વધુ 497 રન યશસ્વી જયસ્વાલએ ફટકાર્યા હતા.
- સૌથી વધુ વિકેટ રવિ શ્રીનિવાસ સાઈ કિશોરએ 17 વિકેટ ઝડપી હતી.




## BCCIના 36મા પ્રમુખ તરીકે રોજર બિન્ની ચૂંટાઈ આવ્યા.

- BCCI ની વાર્ષિક સામાન્ય સભામાં બોર્ડમાં નવા પ્રમુખ તરીકેની ચૂંટણી યોજાઈ હતી.
- જેમાં રોજર બિન્નીને સર્વાનુમતે નવા પ્રમુખ તરીકે ચૂંટી કાઢવામાં આવ્યા છે.
- રોજર બિન્ની BCCI ના 36 મા પ્રમુખ તરીકે ચૂંટાઈ આવ્યા છે.
- તેઓ સૌરવ ગાંગુલીનું સ્થાન લેશે.
  - **રોજર બિન્ની**
  - રોજર બિન્નીનો જન્મ 19 જુલાઈ, 1955 ના રોજ બેંગ્લોર ખાતે થયો હતો.
  - તેઓ 1983 ના ક્રિકેટ વર્લ્ડ કપ વિજેતા ભારતીય ટીમના ભાગ હતા.
  - તેઓ ઓલરાઉન્ડર ક્રિકેટર હતા, 1983 ના વર્લ્ડકપમાં તેમની પ્રભાવશાળી બોલિંગ માટે જાણીતા હતા.
  - તેમના પુત્ર સ્ટુઅર્ટ બિન્ની પણ ક્રિકેટર છે.
  - તેમણે કર્ણાટક સ્ટેટ ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ તરીકે પણ સેવા આપી છે.




### Board of Cricket for Control in India (BCCI) વિશે...

- સ્થાપના : વર્ષ 1928
- વડુમથક : મુંબઈ (વાનખેડે સ્ટેડિયમ)
- BCCI એ સમગ્ર વિશ્વમાં સૌથી ધનાઢ્ય ક્રિકેટ બોર્ડ છે.
- આર.ઈ (raymond Eustace) ગ્રાન્ટ ગોવન BCCI ના પ્રથમ પ્રમુખ હતા.

## ભારતના ચીફ ઓફ ડીફેન્સ સ્ટાફ તરીકે લેફટનન્ટ જનરલ અનિલ ચૌહાણની નિમણૂક

- તાજેતરમાં કેન્દ્ર સરકારે પૂર્વ આર્મી કમાન્ડર લેફટનન્ટ જનરલ અનિલ ચૌહાણ ને નવા ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (CDS) તરીકે નિયુકત કર્યા છે.



- ડિસેમ્બર 2021 માં પ્રથમ CDS જનરલ બિપિન રાવતે હેલિકોપ્ટર દુર્ઘટનામાં જીવ ગુમાવ્યો ત્યારથી ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફનું પદ 9 મહિનાથી વધુ સમયથી ખાલી હતું.
- જનરલ અનિલ ચૌહાણ પાસે 40 વર્ષથી વધુનો અનુભવ છે કારણ કે તેમણે અનેક મુખ્ય કમાન્ડ, સ્ટાફ અને ઈન્સ્ટુમેન્લ એપોઈન્ટમેન્ટ સંભાળ્યા છે.
- લેફટનન્ટ જનરલ ચૌહાણ નેશનલ ડિફેન્સ એકેડમી, ખડકવાસલા અને ઈન્ડિયન મિલિટરી એકેડમી, દેહરાદૂનના ભૂતપૂર્વ વિદ્યાર્થી હતા.
- તેમણે ભારતીય સેનાની 11મી ગોરખા રાઈફલ્સના ભાગ તરીકે સેવા આપી હતી.
- મેજર જનરલના પદ પર, તેમણે જમ્મુ અને કાશ્મીરમાં બારામુલા સેકટરમાં પાયદળ વિભાગની કમાન સંભાળી હતી.

- જયારે તેઓ લેફ્ટનન્ટ જનરલ બન્યા, તેમણે ઉત્તર પૂર્વમાં કોર્પ્સની કમાન્ડ કરી અને પછી સપ્ટેમ્બર 2019 માં પૂર્વીય આર્મી કમાન્ડર બન્યા.
- તેમણે 31 મે, 2021 ના રોજ તેમની નિવૃત્તિ સુધી પૂર્વીય આર્મી કમાન્ડનું નેતૃત્વ કર્યું.
- તેમની નિવૃત્તિ પછી, તેઓ ઓક્ટોબર 2021 માં રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ સચિવાલય (NSCS) માં લશ્કરી સલાહકાર બન્યા.
- કમાન્ડિંગ હોદ્દા પર હોલ્ડિંગ ઉપરાંત, તેમણે મિલિટરી ઓપરેશન્સના મહાનિર્દેશક તરીકે પણ સેવા આપી હતી.

### Chief of Defence Staff (CDS) વિશે...

- ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ (CDS) ની પોસ્ટ ડિસેમ્બર 2019 માં બનાવવામાં આવી હતી.
- CDS સંરક્ષણ પ્રધાનના મુખ્ય લશ્કરી સલાહકાર અને ચીફ ઑફ સ્ટાફ કમિટી (COSC) ના કાયમી અધ્યક્ષ તરીકે કાર્ય કરશે.
- તેઓ ડિપાર્ટમેન્ટ ઓફ મિલિટરી અફેર્સ (DMA) ના એક્સ–ઓફિસિયો સેક્રેટરી છે, જે ડિફેન્સ મંત્રાલયના પાંચમા વિભાગ તરીકે બનાવવામાં આવ્યું હતું.
- CDS એટલે ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ એ ભારતીય સશસ્ત્ર દળની ત્રણેય સેવાઓના વડા છે.
- તેઓ ફોર સ્ટાર જનરલનો રેન્ક ધરાવતા ઓફિસર છે.
- તેઓ ભારત સરકારના સંરક્ષણ મંત્રાલય અંતર્ગતના સૈન્ય અથવા તો લશ્કરી બાબતો અંગેના વિભાગ (Department of Military Affairs) ના વડા છે.
- ભારતમાં ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફના હોદ્દાની મુદત 3 વર્ષ અથવા તો 65 વર્ષનું આયુષ્ય એ બેમાંથી પહેલા જે પૂરું થાય તે છે.

## ઋષિ સુનક યુનાઈટેડ કિંગડમ (UK) ના નવા વડાપ્રધાન તરીકે ચૂંટાયા

- તાજેતરમાં ઋષિ સુનકે યુનાઈટેડ કિંગડમના 57 મા વડાપ્રધાન તરીકે ચૂંટાયા છે.
- ઋષિ સુનક બોરિસ જોન્સન અને લિઝટ્રસ બાદ 50 દિવસની અંદર યુનાઈટેડ કિંગડમ ત્રીજા વડા પ્રધાન છે.




### ઋષિ સુનક વિશે...

- જન્મ : 12 મે 1980
- ઋષિ સુનકે વર્ષ 2019 થી 2020 સુધી ટ્રેઝરીના મુખ્ય સચિવ અને વર્ષ 2020 થી 2022 સુધી ટ્રેઝરીના ચાન્સેલર તરીકે સેવા આપી છે.
- ઋષિ સુનકે યુકેની સંસદ Richmond (Yorks) માં વર્ષ 2015 થી સંસદ મતવિસ્તારના સભ્ય રહ્યા હતા.

### United Kingdom વિશે...

**રાજધાની** : લંડન
**ચલણ** : The Pound Sterling

Up Coming

**45000+**

New Vacancy

# Golden Opportunities (Govt. Bank) Vacancy

GOVT. JOBS

# 2023

Then Why Wait?

## Govt. Bank માં

## Officer/Assistant બનવાની સુવર્ણ તક...

IBPS

RRB

SBI

BANK

ADMISSION OPEN

Join Demo Class

**Visit Our Nearest Branch For More Inquiry**

(Creating A Way For Govt. Jobs)

**Banking Academy**

(Preparation for All Types of Competitive Exams)

NEW CLASS START FROM

21st November

| સુરત (ઉધના) | સુરત (વરાછા) | નવસારી | વ્યારા |
| --- | --- | --- | --- |
| Ph. : 70461 40555 | Ph. : 70464 16555 | Ph. : 70466 41555 | Ph. : 90998 64658 |

# 10 એવોર્ડ અને પુરસ્કાર

## એન્જેલા મર્કેલને 'નેન્સેન રેફયુજી એવોર્ડ' થી સન્માનિત કરવામાં આવ્યા.

- તાજેતરમાં ભૂતપૂર્વ જર્મન ચાન્સેલર એન્જેલા મર્કેલને UNHCR (United Nation High Commission for Refugee) દ્વારા 'નેન્સેન રેફયુજી એવોર્ડ' (Nansen Refugee Award) આપવામાં આવ્યો.
- એન્જેલા મર્કેલ જ્યારે ચાન્સેલર હતા ત્યારે તેમને વર્ષ 2015 અને 2016 માં સિરીયાથી આવેલા 1.2 મિલિયન શરણાર્થીઓને આવકાર્યા હતા.
- UNHCR એ આશ્રય શોધનારા શરણાર્થીઓને રક્ષણ કરવાના એન્જેલા મર્કેલના નિર્ધારને માન્યતા આપી આ એવોર્ડથી સન્માનિત કર્યા.




**Nansen Refugee Award વિશે...**

- આ એવોર્ડની શરૂઆત વર્ષ 1954 થી કરવામાં આવી છે.
- UNHCR ના પ્રથમ કમિશનર Fridtj of Nansen ના માનમાં આ એવોર્ડ આપવામાં આવે છે.
- શરણાર્થીઓ અને વિસ્થાપિત લોકોની સહાયતામાં વ્યક્તિ અથવા સંસ્થાના યોગદાનને માન્યતા આપવા માટે દર વર્ષે સંયુક્ત રાષ્ટ્રના શરણાર્થીઓ માટેના ઉચ્ચ કમિશન UNHCR દ્વારા આ એવોર્ડ આપવામાં આવે છે.

## રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારની જાહેરાત કરવામાં આવી.

- રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ નવી દિલ્હીમાં 30 સપ્ટેમ્બર 2022 ના રોજ રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો રજૂ કર્યા. વર્ષ 2020 માટેનો દાદા સાહેબ ફાળકે એવોર્ડ પ્રખ્યાત અભિનેત્રી આશા પારેખને એનાયત કરવામાં આવ્યો હતો.



- બેસ્ટ ફીચર ફિલ્મનો એવોર્ડ તમિલ ફિલ્મ સૂરારાઈ પોત્રુને મળ્યો. હિન્દી ફિલ્મ તાનાજી: ધ અનસંગ વોરિયરને ઓવરઓલ એન્ટરટેઈનમેન્ટ માટે બેસ્ટ પોપ્યુલર ફિલ્મનો એવોર્ડ આપવામાં આવ્યો હતો.
- અજય દેવગન અને સુરૈયાને તાનાજી: ધ અનસંગ વોરિયર અને સૂરરાય પૌત્રુ માટે શ્રેષ્ઠ અભિનેતાનો એવોર્ડ મળ્યો હતો.
- અર્પણા બાલામુરલીએ સૂરારાય પોટ્ટુ માટે શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ જીત્યો હતો. સચ્ચિદાનંદ કે. આર. મલયાલમ ફિલ્મ એક અચ્ચપનમ કોશ્યમ માટે શ્રેષ્ઠ દિગ્દર્શકનો એવોર્ડ.
- મરાઠી ફિલ્મ સુમી માટે સર્વશ્રેષ્ઠ ચિલ્ડ્રન ફિલ્મનો એવોર્ડ અને હિન્દી ફિલ્મ સાયના માટે શ્રેષ્ઠ ગીતનો એવોર્ડ મનોજ મુન્તાસીરને મળ્યો.
- રાહુલ દેશપાંડે મરાઠી ફિલ્મમી બસંતરાવ માટે શ્રેષ્ઠ પુરુષ પ્લેબેક સિંગરનો એવોર્ડ મળ્યો હતો અને મલયાલમ ફિલ્મ એકે અય્યપ કોશ્યમ માટે નાનચમ્બાએ શ્રેષ્ઠ પ્લેબેક સિંગરનો એવોર્ડ જીત્યો હતો.
- આ ઉપરાંત કન્નડ ફિલ્મ તાલેદાદાને પર્યાવરણ સંરક્ષણ પરની શ્રેષ્ઠ ફિલ્મનો એવોર્ડ, સુપ્રતિમ્ભોલને બંગાળી ફિલ્મ એન્જિનિયર માટે શ્રેષ્ઠ સિનેમેટોગ્રાફીનો એવોર્ડ આપવામાં આવ્યો હતો.

## નોબેલ પ્રાઈઝ – 2022 પુરસ્કારની જાહેરાત કરવામાં આવી.

- તાજેતરમાં વર્ષ 2022 ના નોબેલ પ્રાઈઝ વિજેતાઓના નામ જાહેર કરવામાં આવ્યા હતા. નોબેલ પ્રાઈઝ 6 ક્ષેત્રમાં આપવામાં આવે છે જે નીચે પ્રમાણે છે.

❖ **તબીબી (મેડિસિન) (Physiology or Medicine)**




- નોબેલ એસેમ્બલી, કારાલિન્સકા ઈન્સ્ટિટ્યૂટ દ્વારા મેડિસિન ક્ષેત્રે મહત્વનું પ્રદાન કરનાર સ્વિડિશ વૈજ્ઞાનિક સ્વાંતે પાબો (Svante Paabo) ને વર્ષ 2022 માટેનું નોબેલ પ્રાઈઝ આપવામાં આવ્યું છે.
- તેમને વિલુપ્ત થયેલ 'હોમિનિન' તથા માનવ ઉત્ક્રાંતિ જીનોમ સંબંધિત શોધખોળ માટે નોબેલ પારિતોષિકથી સન્માનિત કરવામાં આવ્યા છે.
- તેઓ જાપાનની ઓકિનાવા ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી ખાતે પ્રોફેસર અને જર્મનીના લિપઝિગ ખાતે આવેલ મેક્સપ્લાન્ક ઈન્સ્ટિટ્યૂટ ફોર ઈવોલ્યુશનરી એન્થ્રોપોલોજી સંસ્થાના ડિપાર્ટમેન્ટ ઓફ જિનેટિકસમાં ડિરેક્ટર

તરીકે કાર્યરત છે.

❖ **ભૌતિકશાસ્ત્ર (Physics)**

- રોયલ સ્વિડીશ એકેડમી ઓફ સાયન્સ દ્વારા ક્વોન્ટમ મિકેનિક્સના ક્ષેત્રમાં નોંધપાત્ર યોગદાન પ્રદાન કરનાર ત્રણ સંશોધકોને સંયુક્ત રીતે વર્ષ 2022 માટેનું નોબેલ પ્રાઈઝ આપવામાં આવ્યું.
- વર્ષ 2022 માટે ભૌતિકશાસ્ત્રનો નોબેલ પ્રાઈઝ ક્વોન્ટમ ઈન્ફોર્મેશન સાયન્સ અને ફોટોન પર સંશોધન કરવા માટે અલેન એસ્પેક્ટ, જહોન એફ. ક્લાઉસર અને એન્ટોન ઝિલિંગર આપવામાં આવ્યો છે.
- વર્તમાનમાં અલેન એસ્પેક્ટ ઈકોલે પોલિટેકનિક તેમજ પેરિસ સેક્લે યુનિવર્સિટી સાથે સંકળાયેલા છે. જયાર જહોન એફ. ક્લોસર કેલિફોર્નિયાની જે. એફ. ક્લાઉસર એન્ડ એસોસિએટ્સ તેમજ એન્ટોન ઝિલિંગર યુનિવર્સિટી ઓફ વિયેના સાથે જોડાયેલા છે.
- ભૌતિકશાસ્ત્ર માટેની નોબેલ સમિતિના અધ્યક્ષ થોર્સ હેન્સ હેન્સન છે.
- ભૌતિકશાસ્ત્રનો નોબલ જીતનાર સૌપ્રથમ વ્યકિત વિલ્હેમ રોંગટન અને સૌપ્રથમ મહિલા મેડમ મેરી ક્યુરી (1903) હતા.




| ભૌતિકશાસ્ત્રના નોબેલ પ્રાઈઝ વિજેતાઓ | | |
|---|---|---|
| ક્રમ | સંશોધકનું નામ | દેશ |
| (1) | અલેન એસ્પેટક (Alain Aspect) | ફ્રાન્સ |
| (2) | જ્હોન એફ. ક્લાઉસર (John F. Clauser) | અમેરિકા |
| (3) | એન્ટોન ઝિલિંગર (Anton Zeilinger) | ઓસ્ટ્રિયા |

❖ **રસાયણશાસ્ત્ર (Chemistry)**

- રોયલ સ્વિડીશ એકેડમી ઓફ સાયન્સ દ્વારા રસાયણશાસ્ત્ર ક્ષેત્રે મહત્વનું પ્રદાન કરનાર ત્રણ વૈજ્ઞાનિકોને સંયુક્ત રીતે વર્ષ 2022 માટેનું નોબેલ પ્રાઈઝ આપવામાં આવ્યું છે.




- આ ત્રણ વૈજ્ઞાનિકોએ ક્લિક કેમેસ્ટ્રી અને બાયોઓર્થોગોનલ કેમેસ્ટ્રી (Click Chemestry Bioorthogonal Chemestry) ની શોધ કરી હતી.
- કેરોલીન. આર. બર્ટોઝી અને સ્ટેનડ ફોર યુનિવર્સિટી , મોર્ટન મેલ્ડલ એ યુનિવર્સિટી ઓફ કોપનહેગન અને કે. બેરી શાર્પલેસ એ સ્ક્રીપસ રિસર્ચ ઈન્સ્ટિટયૂટમાં પ્રોફેસર છે.

| રસાયણશાસ્ત્રના નોબેલ પ્રાઈઝ વિજેતાઓ | | |
|---|---|---|
| ક્રમ | સંશોધકનું નામ | દેશ |
| (1) | કેરોલીન.આર. બર્ટોઝી | અમેરિકા |
| (2) | મોર્ટન મેલ્ડલ | ડેનમાર્ક |
| (3) | કે.બેરી શાર્પલેસ | અમેરિકા |

❖ **સાહિત્ય ક્ષેત્ર (Literature)**

- સ્વિડીશ એકેડમી દ્વારા સાહિત્ય ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન પ્રદાન કરનારાઓને નોબેલ પ્રાઈઝથી સન્માનિત કરવામાં આવે છે.
- વર્ષ 2022 માટેનું સાહિત્ય નોબેલ પ્રાઈઝ ફ્રાન્સના લેખિકા અને રોજનીશીકાર એની ઓરેક્સ (Annie Ernaux) આપવામાં આવ્યું છે.
- તેમનો જન્મ વર્ષ 1940 મા ફ્રાન્સનાં નોર્મન્ડી ખાતે થયો હતો. તેમની લેખનશૈલીમાં જીવનનાં વિવિધ પાસાને લૈગિંક, ભાષાકીય તેમજ વર્ગ આધીરત અસમાનતાની દ્રષ્ટિએ શ્રેષ્ઠ રીતે દર્શાવવામાં આવ્યા છે. તેઓ પોતાને કાલ્પનિક વાર્તાકારને બદલે માનવજાત વિજ્ઞાનના અભ્યાસકર્તા તરીકે દર્શાવે છે.
- વર્ષ 2021 માં તેમની આંતરરાષ્ટ્રીય લેખકોની રોયલ સોસાયટી ઓફ લિટરેચર, લંડન ખાતે નિમણૂક કરવામાં આવી હતી.




❖ **અર્થશાસ્ત્ર ક્ષેત્ર**

- આ વર્ષે, અર્થશાસ્ત્ર માટે નોબેલ પુરસ્કાર બેન બર્નાન્કે, ડગ્લાસ ડાયમંડ અને ફિલિપ ડાયબવિગને એનાયત કરવામાં આવ્યો હતો.
- 2022 નો અર્થશાસ્ત્ર નોબેલ પુરસ્કાર એવા કાર્યોને માન્યતા આપે છે જેણે અર્થતંત્રમાં બેંકોની ભૂમિકા વિશે વિશ્વની સમજમાં નોંધપાત્ર સુધારો કર્યો છે, ખાસ કરીને નાણાકીય કટોકટીના સમયમાં.

- બેન બર્નાન્કે, ડગ્લાસ ડાયમંડ અને ફિલિપ ડાયબવિગ દ્વારા કરવામાં આવેલા સંશોધનમાં જાણવા મળ્યું છે કે બેંકોનું પતન અટકાવવું શા માટે મહત્વપૂર્ણ છે.




- ડાયબવિગ અને ડાયમંડ દ્વારા કરવામાં આવેલા સંશોધનમાં બેંકોના પતનને રોકવા માટે ભલામણો આપવામાં આવી હતી.
- બેંકો ઉધાર લેનારાઓને લાંબા ગાળાની લોન ઓફર કરવાની અને ડિપોઝિટ સ્વીકારવાની અને સંબંધિત ગ્રાહકો સુધી તેમની પહોંચની મંજૂરી આપવાની પ્રવૃત્તિઓના સંયોજનમાં સામેલ છે.
- આ પ્રવૃત્તિઓનું સંયોજન બેંકોને તેમના નિકટવર્તી પતનની અફવાઓ માટે સંવેદનશીલ બનાવે છે, જે બચત ખાતામાંથી ઝડપી ઉપાડ તરફ દોરી જાય છે અને બેંકોના અંતિમ પતન તરફ દોરી જાય છે.
- ડાયબવિગ, ડાયમંડ અને બર્નાન્કેની આંતરદૃષ્ટિએ ગંભીર આર્થિક કટોકટી અને ખર્ચાળ બેલઆઉટ બંનેને ટાળવાની વિશ્વની ક્ષમતાને સુધારવામાં મદદ કરી.
- તેમના સંશોધને નીતિ નિર્માતાઓને COVID-19 રોગચાળાને નવા હતાશા પેદા કરવાથી રોકવામાં મદદ કરી જેણે સમગ્ર વિશ્વમાં આર્થિક પરિસ્થિતિઓને વધુ ખરાબ કરી છે.

❖ **શાંતિ (Peace) ક્ષેત્રે**

- વર્ષ 2022 માટેનો નોબેલ શાંતિ પુરસ્કાર બેલારુસના માનવાધિકાર હિમાયતી શ્રી એલેસ બિયાલિયાત્સકી, રશિયન માનવાધિકાર સંગઠન ‘મેમોરિયલ’ અને યુક્રેનની માનવાધિકાર સંસ્થા ‘સેન્ટર ફોર સિવિલ લિબર્ટીઝને એનાયત કરવામાં આવ્યો હતો.




- એવોર્ડ વિજેતાઓ બેલારુસ, યુક્રેન અને રશિયાના હોવાથી, હાલમાં ચાલી રહેલા રશિયા – યુક્રેન સંઘર્ષ વિશે ગર્ભિત સંદેશ મોકલવામાં આવ્યો છે.
- શ્રી એલેસ બિયાલિયાત્સકી 1980 ના દાયકાના મધ્યમાં બેલારુસમાં લોકશાહી ચળવળના આરંભ કરનારાઓમાંના એક હતા.
- રશિયન માનવ અધિકાર સંગઠન ‘મેમોરિયલ’ ની સ્થાપના 1987 માં ભૂતપૂર્વ સોવિયત યુનિયનમાં માનવાધિકાર કાર્યકર્તાઓ દ્વારા કરવામાં આવી હતી.
- યુક્રેનિયન માનવાધિકાર સંસ્થા સેન્ટર ફોર સિવિલ લિબર્ટીઝની સ્થાપના 2007 માં ‘યુક્રેનમાં માનવ અધિકારો અને લોકશાહીને આગળ વધારવાના ઉદ્દેશ્ય’ સાથે કરવામાં આવી હતી.

### Nobal Price વિશે...

- નોબેલ પ્રાઈઝની શરૂઆત સ્વિડીશ રસાયણશાસ્ત્રી આલ્ફ્રેડ નોબેલએ કરી હતી.
- સ્વિડનના મહાન રસાયણશાસ્ત્રી આલ્ફ્રેડ નોબેલે ઈ.સ. 1866 માં ડાયનેમાઈટની શોધ કરી હતી.
- ઈ.સ. 1901ના વર્ષથી આ નોબેલ પ્રાઈઝ નિયમિતપણે એનાયત કરવામાં આવે છે. ઈ.સ.1901 માં સાહિત્ય, તબીબી (મેડીસીન), ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને શાંતિ માટે આપવામાં આવેલ હતું. અર્થશાસ્ત્ર માટેનું નોબેલ પ્રાઈઝ ઈ.સ. 1969 થી શરૂ કરવામાં આવેલ છે.
- નોબેલ પ્રાઈઝના સમારોહનું આયોજન દર વર્ષે 10 ડિસેમ્બરના રોજ આલ્ફ્રેડ નોબેલની મૃત્યુતિથિના રોજ કરવામાં આવે છે.
- અત્યાર સુધીમાં મેડમ મેરી કયુરી, લિનસ પુલિંગ, જે બોર્ડીન, એફ, સેંગરને બે બે વાર નોબેલ પુરસ્કાર આપવામાં આવ્યા છે.
- રેડક્રોસ સંસ્થાને સૌથી વધુ વખત (ત્રણ વખત) નોબેલ પુરસ્કાર મળ્યો છે.

## બુકર પ્રાઈઝ 2022 જાહેર.




- તાજેતરમાં શેહાન કરુણાતિલાકાને તેમની નવલકથા “ધ સેવન મૂન્સ ઓફ માલી અલ્મેડા” માટે 2022 નું બુકર પ્રાઈઝ મળ્યું હતું.
- આ સાથે શેહાન કરુણાતિલાકા **આ** પ્રતિષ્ઠિત સાહિત્ય પુરસ્કાર મેળવનાર બીજા શ્રીલંકન બન્યા.
- આ પુરસ્કાર મેળવનાર પ્રથમ શ્રીલંકન માઈકલ ઓન્ડાત્જે છે, જેમણે 1992 માં તેમના કામ “ધ ઈંગ્લિશ પેશન્ટ” માટે એવોર્ડ જીત્યો હતો.

### Booker Prize વિશે...

- બુકર પ્રાઈઝ એ એક સાહિત્યિક પુરસ્કાર છે જે દર વર્ષે અંગ્રેજીમાં લખાયેલી અને યુનાઈટેડ કિંગડમ અથવા આયલેન્ડમાં પ્રકાશિત થયેલી શ્રેષ્ઠ નવલકથાને ઓળખવા માટે આપવામાં આવે છે. શરૂઆતમાં, આ પુરસ્કાર માત્ર કોમનવેલ્થ દેશો, આયર્લેન્ડ અને દક્ષિણ આફ્રિકાના લેખકો દ્વારા લખવામાં આવેલી નવલકથાઓને જ માન્યતા આપવામાં આવે છે. 2014 માં, તેને કોઈપણ અંગ્રેજી ભાષાની નવલકથાનો સમાવેશ કરવા માટે વિસ્તૃત કરવામાં આવી હતી.

## વર્લ્ડ ગ્રીન સિટી એવોર્ડ 2022 જાહેર

- તાજેતરમાં હૈદરાબાદે પેરિસ, બોગોટા, મેક્સિકો સિટી, મોન્ટ્રીયલ અને ફોર્ટાલેઝા જેવા શહેરોને હરાવીને વર્લ્ડ ગ્રીન સિટી એવોર્ડ 2022 પ્રાપ્ત કર્યો છે.
- હૈદરાબાદને ઈન્ટરનેશનલ એસોસિએશન ઓફ હોર્ટિકલ્ચર પ્રોડ્યુસર્સ (AIPH) 2022 માં એવોર્ડ મળ્યો હતો.
- દક્ષિણ કોરિયાના જેજુમાં આયોજિત IUCN લીડર્સ ફોરમમાં છ કેટેગરીના ભવ્ય વિજેતાઓની જાહેરાત કરવામાં આવી હતી.
- પુરસ્કારની છ શ્રેણીઓ છે જૈવવિવિધતા માટે લિવિંગ ગ્રીન, ક્લાઈમેટ ચેન્જ માટે લિવિંગ ગ્રીન, હેલ્થ એન્ડ વેલબીઈંગ માટે લિવિંગ ગ્રીન, લિવિંગ ગ્રીન ફોર વોટર, લિવિંગ ગ્રીન ફોર સોશિયલ કોહેશન અને લિવિંગ ગ્રીન ફોર ઈકોનોમિક રિકવરી અને ઈન્કલુસિવ ગ્રોથ.
- હૈદરાબાદે AIPH ઈવેન્ટ દરમિયાન "લીવિંગ ગ્રીન ફોર ઈકોનોમિક રિકવરી એન્ડ ઈન્કલુઝિવ ગ્રોથ" જીત્યું.
- "આર્થિક પુનઃપ્રાપ્તિ અને સર્વસમાવેશક વૃદ્ધિ માટે લિવિંગ ગ્રીન" શ્રેણી એવી સિસ્ટમ્સ અને સોલ્યુશન્સ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે જે શહેરના તમામ રહેવાસીઓને આર્થિક તંગી દૂર કરવા અને વૃદ્ધિ કરવાની મંજૂરી આપે છે.
- આ કેટેગરીમાં હૈદરાબાદના નોમિનેશન માટે આઉટર રિંગ રોડની ગ્રીનિંગ સબમિટ કરવામાં આવી હતી.
- શહેરની રચના, સ્વરૂપ અને કાર્ય માટે પ્રકૃતિ – લક્ષી અભિગમમાં શહેરને વૈશ્વિક અગ્રણી તરીકે ઓળખવામાં આવ્યું હતું.



# 11 મહત્વના દિવસો

## 01 ઓકટોબર : આંતરરાષ્ટ્રીય વૃદ્ધ વ્યકિતઓનો દિવસ (International Day of Older Persons)

- દર વર્ષે 1 ઓકટોબરને 'આંતરરાષ્ટ્રીય વૃદ્ધ વ્યકિતઓનો દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસને 'વિશ્વ પ્રૌઢ દિવસ' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- સંયુકત રાષ્ટ્રસંઘ (UN) ની સામાન્ય સભાએ 14 ડિસેમ્બર, 1990 માં ઠરાવ પસાર કરી 1 ઓકટોબરના દિવસને આંતરરાષ્ટ્રીય વૃદ્ધ વ્યકિતઓના દિવસ તરીકે ઉજવવાની સત્તાવાર જાહેરાત કરી હતી.
- વર્ષ 2022માં આ દિવસની થીમ : Resilience of Older Persons In A Changing World છે.
- આ દિવસનો ઉદ્દેશ્ય વૃદ્ધ વ્યકિતઓના અધિકાર અને સ્વતંત્રતા તેમજ વૃદ્ધ વ્યકિતઓ સમાજના કાર્યોમાં ભાગ લઈ શકે અને તેમનું સન્માન જળવાઈ રહે તે માટેનો છે.




- વૃદ્ધ નાગરિકોની સામાજિક સુરક્ષા સુનિશ્ચિત કરવા સરકાર દ્વારા મે, 2017 'પ્રધાનમંત્રી વય વંદના' યોજના શરૂ કરવામાં આવી છે.

## 04 ઓકટોબર : વિશ્વ પ્રાણી દિવસ (World Animal Day)

- દર વર્ષે 4 ઓકટોબરને 'વિશ્વ પ્રાણી દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.
- મે, 1931 માં ઈટાલીના ફલોરેન્સ ખાતે યોજાયેલ આંતરરાષ્ટ્રીય પશુ સંરક્ષણ સંમેલનમાં 4 ઓકટોબરને વિશ્વ પ્રાણી દિવસ તરીકે ઉજવવાનો સ્વીકાર કરવામાં આવ્યો હતો. વર્ષ 1931 માં સૌપ્રથમવાર આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ લુપ્ત થતાં પ્રાણીઓને બચાવવાનો અને તેમના સંરક્ષણ માટે સમાજમાં જાગૃતિ લાવવાનો છે.
- વન્યજીવોના સંરક્ષણ હેતુ ભારત સરકારે વર્ષ 1972 માં વન્યજીવ સુરક્ષા અધિનિયમ (WildLife Protection Act) પસાર કર્યો હતો.
- વિલુપ્ત થતી પ્રજાતિ વર્ગ (Red List) માં પ્રાણીઓની સંખ્યા વધારવા પ્રોજેકટ ટાઈગર (1973), મગર પ્રજનન યોજના (1975), રાઈનો પ્રોજેકટ (1987) જેવા પ્રોજેકટ શરૂ કરવામાં આવ્યા છે.
- PETA (People for the Ethical Treatment of Animals) એક પશુ અધિકાર સંગઠન છે. જે પશુઓની સાથે નૈતિક વ્યવહારની તરફેણ કરતાં લોકોનો સમૂહ છે. જેનું વડુમથક અમેરિકાના વર્જિનિયાના નોર્ફોલ્ક ખાતે આવેલ છે.




## 05 ઓકટોબર : વિશ્વ શિક્ષક દિવસ (World Teacher Day)

- દર વર્ષે 5 ઓકટોબરને 'વિશ્વ શિક્ષક દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.
- વર્ષ 2022માં આ દિવસની થીમ : The Transformation of Education Begins With Teachers છે.




- વર્ષ 1966 માં પેરિસ ખાતે યોજાયેલ આંતરરાષ્ટ્રીય પરિષદમાં શિક્ષકોની સ્થિતિ, અધિકારો અને જવાબદારીઓ અંગે UNESCO (United Nations Educational, Scientific and Cultural Organzation) અને ILO (International Labour Organization) ની ભલામણો સ્વીકારવાની યાદમાં 5 ઓકટોબરને વિશ્વ શિક્ષક દિવસ તરીકે ઉજવવામાં આવે છે.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ શિક્ષણના મહત્વ પર ભાર મૂકવાનો અને વ્યકિતના જીવનમાં રહેલ શિક્ષકના મહત્વપૂર્ણ યોગદાન અંગે લોક જાગૃત્તિ લાવવાનો છે.
- ભારતમાં 'રાષ્ટ્રીય શિક્ષક દિવસ' ની ઉજવણી ભારતના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણના જન્મદિવસ નિમિત્તે 5 સપ્ટેમ્બરના રોજ ઉજવવામાં આવે છે.

- ભારતમાં 'રાષ્ટ્રીય શિક્ષણ દિવસ' ની ઉજવણી ભારતના પ્રથમ શિક્ષણ મંત્રી મૌલાના અબુલ કલામ આઝાદના જન્મદિવસ નિમિત્તે 11 નવેમ્બરના રોજ ઉજવવામાં આવે છે.

## 04 થી 10 ઓકટોબર : વિશ્વ અવકાશ સપ્તાહ (World Space Week)




- સમગ્ર વિશ્વમાં દર વર્ષે 4 થી 10 ઓકટોબર સુધી 'વિશ્વ અવકાશ સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવે છે.
- વર્ષ 2022માં આ સપ્તાહની થીમ : 'Space and Sustainability'
- આ સપ્તાહ ઉજવવાનો ઉદ્દેશ લોકોને અવકાશીય પ્રવૃત્તિઓથી માહિતગાર કરવાનો, શિક્ષણમાં અવકાશ અંગેનું મહતવ સમજાવવાનો અને વિદ્યાર્થીઓની વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રમાં રૂચિ વધે તે માટેનો છે.
- સંયુકત રાષ્ટ્રસંઘ (UN) ની સામાન્ય સભા દ્વારા 6 ડિસેમ્બર, 1999ના રોજ 4 ઓકટોબર થી 10 ઓકટોબરને વિશ્વ અવકાશ સપ્તાહ તરીકે ઉજવવાની જાહેરાત કરવામાં આવી હતી.
- 4 ઓકટોબર, 1957 ના રોજ રશિયા દ્વારા પ્રથમ કૃત્રિમ ઉપગ્રહ સ્પુટનિક – 1 અવકાશમાં મૂકવામાં આવ્યો હતો અને 10 ઓકટોબર, 1967 ના રોજ અવકાશમાં પ્રવેશ તથા અન્ય આંતરિક અને બાહ્ય પ્રવૃત્તિઓ કરવા માટે સંધિ કરવામાં આવી હતી. આ બંને મહત્વપૂર્ણ ઘટનાનાં ભાગરૂપે 4 ઓકટોબર થી 10 ઓકટોબર ના રોજ આ સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે.
- વિશ્વ અવકાશ સપ્તાહ દુનિયાનો સૌથી મોટો વાર્ષિક અવકાશ કાર્યક્રમ છે. આ સપ્તાહ દરમિયાન અવકાશ એજન્સીઓ, એરોસ્પેસ કંપનીઓ, શાળાઓ અને ખગોળવિજ્ઞાન કલબો દ્વારા અવકાશ શિક્ષણને લગતા કાર્યક્રમો યોજવામાં આવે છે.

## 07 ઓકટોબર : વિશ્વ કપાસ દિવસ (World Cotton Day)




- દર વર્ષે 7 ઓકટોબરને 'વિશ્વ કપાસ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.
- જુદી જુદી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સંયુકત રાષ્ટ્ર (UN), ઈન્ટરનેશનલ ટ્રેડ સેન્ટર (ITC), ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન (FAO), સંયુકત રાષ્ટ્ર વ્યાપાર અને વિકાસ સંમેલન (UNCTAD) અને ઈન્ટરનેશનલ કોટન એડવાઈઝરી કમિટી (ICAC) નો સહયોગથી વર્લ્ડ ટ્રેડ ઓર્ગનાઈઝેશન (WTO) દ્વારા વર્ષ 2019 માં સૌપ્રથમવાર આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- વિશ્વના 75 દેશોમાં કપાસનું ઉત્પાદન કરવામાં આવે છે. જેમા ચીન, ભારત, બ્રાઝિલ અને અમેરિકા કપાસનુ ઉત્પાદન કરતા ટોચના દેશો છે.
- ભારત વિશ્વનો સૌથી મોટો કપાસ ઉત્પાદક દેશ છે. ચીન બીજા નંબરનો સૌથી મોટો કપાસ ઉત્પાદક દેશ છે.
- ગુજરાતમાં કપાસ સંશોધન કેન્દ્ર હાંસોટ(ભરૂચ) ખાતે આવેલું છે અને કેન્દ્રીય કપાસ સંશોધન કેન્દ્ર નાગપુર ખાતે આવેલું છે.
- કપાસ એ રોકડિયો પાક છે. કપાસમાંથી સુતરાઉ કાપડ બને છે. કપાસ ટેક્ષટાઈલ ઉદ્યોગોને કાચો માલ પૂરો પાડે છે.
- કપાસના પાકને કાળી જમીન અનુકૂળ આવે છે. જેને રેગુર તરીકે ઓળખવામાં આવે છે. કપાસના પાક માટે 21 થી 25 ડિગ્રી તાપમાન અને 210 હિમરહિત દિવસો તેમજ 50-100 સે.મી. સુધીનો વરસાદ અનુકુળ છે.

## 08 ઓકટોબર : ભારતીય વાયુસેના દિવસ (Indian Air Force Day)

- દર વર્ષે 8 ઓકટોબરને 'ભારતીય વાયુસેના દિવસ' તરીકે ઊજવવામાં આવે છે. આ વર્ષે ભારતીય વાયુસેનાના 90માં સ્થાપના દિનની ઉજવણી કરવામાં આવી રહી છે. વાયુસેનાનું મુખ્ય મથક નવી દિલ્હી ખાતે આવેલું છે.




- 8 ઓકટોબર, 1932 ના રોજ બ્રિટિશ સરકાર દ્વારા 'રોયલ ભારતીય વાયુસેના' ની સ્થાપના કરવામાં આવી હતી.
- 'नभ:स्पृशं दीप्तम'
- ભારતીય વાયુસેનાનું ધ્યેય વાકય 'ભગવદ્ ગીતા' ના 11 મા અધ્યાયમાંથી લેવામાં આવ્યું છે.
- હાલમાં ભારતીય વાયુસેનાના 'ચીફ ઓફ એર સ્ટાફ' વિવેક રામ ચૌધરી તથા 'વાઈસ ચીફ ઓફ એર સ્ટાફ' સંદિપ સિંઘ છે.
- આ પરેડમાં હાલમાં જ વાયુ સેનામાં સામેલ કરવામાં આવેલું પ્રથમ સ્વદેશી મલ્ટીરોલ લાઈટ કોમ્બેટ હેલિકોપ્ટર (LCH) 'પ્રચંડ' એ પણ ભાગ લીધો. આ કાર્યક્રમ દરમિયાન વાયુ સેનાના નવા કોમ્બેટ યુનિફોર્મનું પણ અનાવરણ કરવામાં આવ્યું.

- ભારતીય વાયુસેનામાં રાફેલ ફાઈટર જેટનો સમાવેશ કરવામાં આવ્યો છે. ફ્લાઈટ લેફ્ટનન્ટ 'શિવાંગી સિંઘ' રાફેલ ઉડાવનાર પ્રથમ મહિલા બન્યા છે.
- ભારતીય વાયુસેનામાં ધ્રુવ, ચેતક, MI-8, MI-7, જગુઆર, બાઈસન ફાઈટર એરક્રાફ્ટ, MI-26 હેલિકોપ્ટર, મિગ – 26, મિગ– 79 અને મિરાજ – 2000, સુખોઈ – 30, LCA – તેજસ, રાફેલ, LCH – પ્રચંડ જેવા ફાઈટર એરક્રાફ્ટ છે.

## 10 ઓક્ટોબર : વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ (World Mental Health Day)




- દર વર્ષે 10 ઓક્ટોબરને 'વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.
- વર્ષ 2022માં આ દિવસની થીમ : "Make mental Health and Well – being for all a global priority".
- વર્ષ 1992 માં વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) અને વર્લ્ડ ફેડરેશન ફોર મેન્ટલ હેલ્થ (WFMH) દ્વારા સંયુક્ત રીતે 10 ઓક્ટોબરને વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ તરીકે જાહેર કરવામાં આવ્યો હતો.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ સમગ્ર વિશ્વમાં માનસિક બીમારી અને માનસિક વિકૃતિથી પીડાતા લોકોને સારવાર આપવાનો તથા શારીરિક સ્વાસ્થ્યની સાથોસાથ માનસિક સ્વાસ્થ્યના મહત્વ વિશે જાગૃતતા લાવવાનો છે.

## 11 ઓક્ટોબર : આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસ (International Day of Girl Child)

- દર વર્ષે 11 ઓક્ટોબરને 'આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.
- વર્ષ 2022માં આ દિવસની થીમ : Our Time si Now Our Rights Our Future
- સંયુક્ત રાષ્ટ્ર(UN) ની સામાન્ય સભાએ 19 ડિસેમ્બર, 2011 ના રોજ 11 ઓક્ટોબરને 'આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસ' તરીકે ઉજવવાની જાહેરાત કરી હતી.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ મહિલા સશકિતકરણ અને તેમના અધિકાર માટે મદદ કરવાનો છે. જેથી તેઓની સામે આવનારી મુશ્કેલીઓનો સામનો કરી શકે તે માટે પ્રોત્સાહન આપવાનો છે.
- ભારત સરકાર દ્વારા બાળકીઓના સશકિતકરણ માટે "બેટી બચાવો બેટી પઢાઓ" યોજના શરૂ કરવામાં આવી છે.
- આ વર્ષે આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસ નિમિત્તે મહિલા અને બાળવિકાસ મંત્રાલયે 'બેટી બચાવો બેટી પઢાઓ' હેઠળ બાલિકાઓને 'બિન પરંપરાગત આજીવિકા' (Non Traditional Livelihood-NTL) માં કૌશલ્ય પૂરું પાડવા 'બેટીયાં બને કુશલ' રાષ્ટ્રીય પરિષદનું આયોજન કર્યું હતું.




## 14 ઓક્ટોબર : વિશ્વ માનક દિવસ (World Standards Day)

- દર વર્ષે 14 ઓક્ટોબરને 'વિશ્વ માનક દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.




- વર્ષ 2022માં આ દિવસની થીમ : Shared Vision for a Better World
- આ દિવસ ઉજવવાની શરૂઆત વર્ષ 1970 થી કરવામાં આવી હતી.
- આ દિવસ ISO (International Organization for Standardization), IEC (International Electrotechnical Commisssion) અને ITU (International Telecommunication Union) દ્વારા સંયુક્ત રીતે ઉજવવામાં આવે છે.
- આ દિવસ ઉજવવાનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રાહકો, ઉદ્યોગો અને નિયમનકારોમાં વૈશ્વિક અર્થવ્યવસ્થામાં માનકીકરણના મહત્વ વિશે જાગૃતિ લાવવાનો છે.
- માનકીકરણ (Standardization) મૂળભૂત રીતે તકનીકી ધોરણોના વિકાસ અને અમલીકરણી પદ્ધતિ છે.
- વિશ્વભરમાં 170 દેશોની 1 મિલિયનથી વધુ કંપનીઓ અને સંસ્થાઓ ISO9001 દ્વારા પ્રમાણિત છે.
- ISO સંસ્થામાં 162 દેશોનો સમાવેશ થાય છે અને અત્યાર સુધીમાં ISO દ્વારા લગભગ 21,584 કરતા વધુ આંતરરાષ્ટ્રીય માનકો પ્રકાશિત કરવામાં આવ્યાં છે.

## 16 ઓકટોબર : વિશ્વ ખાદ્ય દિવસ (World Food Day)




- દર વર્ષે 16 ઓકટોબરને 'વિશ્વ ખાદ્ય દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.
- વર્ષ 2022માં આ દિવસની થીમ : Leave No ONE behind
- 16 ઓકટોબર, 1945 ના રોજ સંયુકત રાષ્ટ્રસંઘ (United Nations) દ્વારા FAO (Food and Agriculture Organization) ની સ્થાપના કરવામાં આવી હોવાથી આ દિવસને વિશ્વ ખાદ્ય દિવસ તરીકે ઊજવવામાં આવે છે. આ વર્ષે FAO નો 77મો સ્થાપના દિવસ ઊજવાઈ રહયો છે. FAO દ્વારા ડો. બિનય રંજન સેનના નેતૃત્વમાં વિશ્વ ખાદ્ય કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી.
- નવેમ્બર, 1979 માં FAO ના સભ્યદેશો દ્વારા 16 ઓકટોબરને વિશ્વ ખાદ્ય દિવસ તરીકે ઊજવવાની જાહેરાત કરવામાં આવી હતી. આ દિવસ ઊજવવાની શરૂઆત વર્ષ 1980 થી થઈ હતી.
- આ દિવસ ઊજવવાનો મુખ્ય ઉદ્દેશ્ય વિશ્વભરમાં ખાદ્ય સુરક્ષા અને પોષણક્ષમ આહારની પ્રાપ્તિ માટે વૈશ્વિક ભૂખને પહોંચી વળવા વિશ્વવ્યાપી લોક જાગૃતિ ફેલાવવાનો છે.
- વિશ્વ ખાદ્ય દિવસ હાલમાં ફૂડ એન્જિનિયર્સ ડે તરીકે પણ ઓળખાય છે.
- ભારત સરકાર દ્વારા વર્ષ 2022 સુધી ભારતને ટ્રાન્સ ફેટ મુકત બનાવવાનું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું છે. જયારે વિશ્વ આરોગ્ય સંગઠન (WHO) દ્વારા વર્ષ 2023 સુધી આ લક્ષ્ય નિર્ધારીત કરવામાં આવ્યું છે.
- FAO નુ મુખ્યાલય ઈટલીના રોમ ખાતે આવેલું છે. અને તેમા 194 સભ્ય દેશોનો સમાવેશ થાય છે.
- સતત વિકાસ લક્ષ્ય (2015-30) ના 'જીરો હંગર' (લક્ષ્ય–2) ને પ્રાપ્ત કરવા સાર્વજનિક વિતરણ પ્રણાલી, મિનિમમ સપોર્ટ પ્રાઈસનાં માધ્યમથી ખેડૂતોની ક્ષમતા વધારવી, સપ્લાય ચેન તથા કોલ્ડ સ્ટોરેજમાં નિવેશ માટે ખાનગી કંપનીઓને પ્રોત્સાહિત કરવી વગેરે જેવાં પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

## 17 ઓકટોબર : આંતરરાષ્ટ્રીય ગરીબી નાબૂદી દિવસ (International Day for the Eradication of Poverty)




- દર વર્ષે 17 ઓકટોબરને 'આંતરરાષ્ટ્રીય ગરીબી નાબૂદી દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.
- વર્ષ 2022ની આ દિવસની થીમ : Dignity For All In Practice છે.
- 22 ઓકટોબર, 1992 ના રોજ સંયુકત રાષ્ટ્રસંઘ (UN) ની સામાન્ય સભા દ્વારા ઠરાવ પસાર કરીને 17 ઓકટોબરને આંતરરાષ્ટ્રીય ગરીબી નાબૂદી દિવસ તરીકે જાહેર કરવામાં આવ્યો હતો.
- આ દિવસ ઉજવવાનો મુખ્ય ઉદ્દેશ ગરીબીમાં જીવતા લોકોનું જીવનધોરણ ઊંચુ લાવવાનો અને ગરીબી પ્રત્યેના ભેદભાવ દૂર કરી ટકાઉ ભવિષ્યનું નિર્માણ કરવાનો છે.

## 20 ઓકટોબર : વિશ્વ આંકડા દિવસ (World Statistics Day)




- સંયુકત રાષ્ટ્રસંઘ (UN) દ્વારા દર પાંચ વર્ષે 20 ઓકટોબરને 'વિશ્વ આંકડા દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. છેલ્લે આ દિવસ વર્ષ 2020 માં ઉજવવામાં આવ્યો હતો. હવે વર્ષ 2025 માં ઉજવવામાં આવશે.
- વર્ષ 2022માં આ દિવસની થીમ : Connecting the World with Data We Can Trust
- સંયુકત રાષ્ટ્રસંઘ (UN) ના યુનાઈટેડ નેશન્સ સ્ટેટિસ્ટિકલ કમિશન દ્વારા વર્ષ 2010 માં 20 ઓકટોબરને વિશ્વ આંકડા દિવસ તરીકે ઊજવવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી.

## 29 ઓક્ટોબર : આંતરરાષ્ટ્રીય ઈન્ટરનેટ દિવસ (International Internet Day)

- દર વર્ષે 29 ઓક્ટોબરને સમગ્ર વિશ્વમાં 'આંતરરાષ્ટ્રીય ઈન્ટરનેટ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.




- વર્ષ 2005 થી એસોસિયશન ઓફ ઈન્ટરનેટ યુઝર્સ દ્વારા ઉજવવામાં આવતો આ દિવસ ટેલિકોમ્યુનિકેશન અને ટેકનોલોજીના ઈતિહાસમાં સીમાચિહ્ન બની રહયો છે.
- INTERNET એ INTER Connection અને NETwork સાથે જોડાયેલી વૈશ્વિક સંરચના છે.
- આજે વિશ્વના તમામ નેટવર્ક ઈન્ટરનેટ સાથે જોડાયેલા છે જેના કારણે ઈન્ટરનેટ એ કમ્પ્યૂટર આધારિત આંતરરાષ્ટ્રીય સૂચનાઓનું તંત્ર બની ગયું છે. તેથી તેને ઈન્ફર્મેશન સુપર હાઈવે તરીકે પણ ઓળખવામાં આવે છે.
- ઈ.સ. 1970 ના દાયકામાં વિન્ટ સર્ફ એ રોબોટ કાલે સાથે મળીને TCP/IP પ્રોટોકોલની રચના કરી આ પ્રોટોકોલ અંતર્ગત ઈન્ટરનેટ પર હાલ ડેટાની આપ– લે (ટ્રાન્સમિશન) થાય છે માટે વિન્ટ સર્ફને 'ઈન્ટરનેટના પિતા' તરીકે ઓળખવામાં આવે છે.
- ભારતમાં ઈન્ટરનેટની શરૂઆત ઈ.સ. 1986 માં Education Research Network (ERNet) થી થઈ હતી.
- ઈન્ટરનેટ (Internet) નું પૂરું નામ ઈન્ટરકનેક્ટેડ નેટવર્ક (Interconnected Network) છે.




# 12 શબ્દાવલી

## Assisted Suicide

- તાજેતરમાં જ ફ્રેન્ચ ન્યૂ વેવ (French New Wave) સિનેમાના દિગ્ગજ કલાકારોમાંના એક JEAN luc Godard નું 91 વર્ષની વયે 'Assited Suicide' ના કારણે અવસાન થયું છે.
- અસિસ્ટેડ આત્મહત્યા અને ઈચ્છા મૃત્યુ (Euthanasia) એ બંને એવી પ્રથાઓ છે કે જેના હેઠળ વ્યકિત જાણી જોઈને અન્ય લોકોની સહાયતાથી પોતાનું જીવન સમાપ્ત કરે છે.

## Floppy Disk

- તાજેતરમાં જાપાનની સરકાર દ્વારા 'Floppy Disk' ના ઉપયોગ પર પ્રતિબંધની ઘોષણા કરવામાં આવી છે.
- Floppy disk એ દૂર કરી શકાય તેવું ડિસ્ક સ્ટોરેજ ઉપકરણ છે, જેનો ઉપયોગ કમ્પ્યૂટર ડેટા અને પ્રોગ્રામસને બચાવવા માટે થાય છે.
- આ ઉપકરણનો ઉપયોગ વર્ષ 1970 અને 1990 ના દાયકાની વચ્ચે લોકપ્રિય રીતે ઉપયોગમાં લેવાતા હતા.
- International Business Machines Corporation (IBM) દ્વારા વિકસિત પ્રથમ ફ્લોપી ડિસ્ક લગભગ 800 KB (Kilo Bytes) ડેટા સ્ટોર કરવામાં સક્ષમ હતી, જે લગભગ 0.0008 GB ની ડિસ્ક હતી.
- વર્ષ 1970 ના દાયકામાં જયારે ફ્લોપી ડિસ્કને પ્રથમ વખત રજૂઆત કરવામાં આવી હતી, પરંતુ પાછળથી CO, Pen drive અને Cloud ની રજુઆત સાથે વિશ્વના મોટાભાગના ભાગોમાં ફ્લોપી ડિસ્ક બિન જરૂરી બની ગયી છે.

## DVORAK Technique

- તાજેતરમાં અમેરિકન હવામાનશાસ્ત્રી Vernon dvorak અવસાન થયું છે, જેમના પર હવામાનની આગાહી કરવા માટે 'Dvorak Technique' નામ આપવામાં આવ્યું છે.
- 'Dvorak Technique' એ Cloud Pattern recognition (PRT) છે, ઉષ્ણકટિબંધીય ચક્રવાત (Tropical Cyclone) વિકાસ અને અંતના ખ્યાલ મોડેલ પર આધારિત છે.
- આ ટેકનિક સૌપ્રથમ વર્ષ 1969 માં વિકસાવવામાં આવી હતી અને ઉત્તર પશ્ચિમ મહાસાગર (North – West Pacific Ocean) માં વાવાઝોડાને (Cyclone) ને જોવા માટે તેનું પરીક્ષણ કરવામાં આવ્યું હતુ.
- આ પદ્ધતિમાં ધ્રુવીય પરિભ્રમણ કરતા ઉપગ્રહો (Polar Orbiting Satalites) માંથી પ્રાપ્ત ઉપ્રગહની ઉપલબ્ધ છબીઓ (Images) નો ઉપયોગ વિકસતા ઉષ્ણકટિબંધીય તોફાનો (ચક્રવાત અને ટાઈફૂન) ની વિશેષતાઓનું પરીક્ષણ કરવા માટે થાય છે.
- આ પદ્ધતિ તોફાનની તીવ્રતા અને સંભવિત તીવ્રતાનો અંદાજ લગાવવા માટે માર્ગદર્શન આપે છે, જેથી દરિયાકાઠાંના અથવા અન્ય નજીકના રહેવાસીઓને સ્થળાંતરના પગલાંનું આયોજન કરવામાં મદદ મળે છે.

## Just War Theory (ન્યાયી યુદ્ધ સિદ્ધાંત)

- Just War Theory એ એક સિદ્ધાંત છે, જેને લશ્કરી નીતિશાસ્ત્ર (Militan Ethics) ની પરંપરા તરીકે પણ ઓળખવામાં આવે છે. જેનો લશ્કરી નેતાઓ, ધર્મશાસ્ત્રીઓ, નીતિશાસ્ત્રીઓ અને નીતિ નિર્માતાઓ દ્વારા અભ્યાસ કરવામાં આવે છે.
- JUST WAR Theory યુદ્ધ કેવી રીતે અને શા માટે લડવામાં આવે છે તેના સર્મથન સાથે વ્યવહાર કરે છે.
- આ થિયરી પ્લેટો અને સિસેરો (Cicero) જેવા કલાસિક ગ્રીક અને રોમન ધર્મશાસ્ત્રીઓથી ઉદ્‌ભવી છે, અને ઓગસ્ટિન અને થોમસ એકિવનાસ જેવા ખ્રિસ્તી ધર્મશાસ્ત્રીઓ દ્વારા સંશોધન કરવામાં આવ્યું છે.
- JUST WAR Theory ને ત્રણ ભાગોમાં વહેંચવામાં આવ્યું છે, જેના લેટિન નામો અને અર્થ નીચે મુજબ છે.
  (1) JUST ad Belium - પ્રથમ તબક્કામાં યુદ્ધનો આશરો લેવાના ન્યાય વિશે
  (2) JUST in bello - યુદ્ધ દરમિયાન વર્તુણકના ન્યાય વિશે
  (3) JUST Post Belloum – યુદ્ધના અંત અને શાંતિ વિશે

## Banking System Liquidity

- Banking System Liquidity એ સરળતાથી ઉપલબ્ધ રોકડનો સંદર્ભ આપે છે, જે બેકોને ટૂંકા ગાળાના વ્યવસાય અને નાણાકીય જરૂરિયાતોને પહોંચી વળવા માટે જરૂરી છે.
- જો બેન્કિંગ સિસ્ટમ Liquidity Adjustment Facility (LAF) હેઠળ RBI પાસેથી ચોખ્ખી ઉધાર લેનાર હોય ત્યારે બેન્કિંગ સિસ્ટમ લિકવિડિટીમાં ખોટ (ખાધ) હોવાનું કહેવાય છે.
- જો બેન્કિંગ સિસ્ટમ RBI ને ચોખ્ખી ધિરાણ આપતી હોય તો Banking System liquidity માં સરપ્લસ (સરભર) છે.
- દા:ત – May 2019 પછી પ્રથમ વખત સપ્ટેમ્બર 2022 માં બેન્કિંગ સિસ્ટમની લિકવિડિટીમાં 21873.4 કરોડ રૂપિયાની ખોટ થઈ છે.

## Green Steel

- તાજેતરમાં પૂર્વ ભારતમાં સ્વચ્છ સ્ટીલ ક્ષેત્ર દેશના ગ્રીન સ્ટીલ ક્ષેત્રમાં ટ્રાન્ઝિસન માટે જરૂરી બની શકે છે.
- ગ્રીન સ્ટીલ એ અશ્મિભૂત ઈંધણના ઉપયોગ વિના સ્ટીલનું ઉત્પાદન છે.
- આ સ્ટીલ કોલસા આધારિત પ્લાન્ટના પરપંરાગત કાર્બન – સઘન ઉત્પાદન માર્ગને બદલે હાઈડ્રોજન, કોલ ગેસિફિકેશન અથવા વીજળી જેવા ઓછા કાર્બન ઉર્જા સ્ત્રોતોનો ઉપયોગ કરીને ઉત્પાદન કરી શકાય છે.
- ગ્રીન સ્ટીલ એ ગ્રીન હાઉસ ગેસ (GHG) નું ઉત્સર્જનને ઘટાડે છે જેથી સ્ટીલ ઉત્પાદનમાં ખર્ચનો ઘટાડો અને સ્ટીલની ગુણવત્તામાં સુધારો થાય છે.
- લો કાર્બન હાઈડ્રોજન (વાદળી હાઈડ્રોજન અને લીલો હાઈડ્રોજન) સ્ટીલ ઉદ્યોગના કાર્બન ફૂટપ્રિન્ટને ઘટાડવામાં મદદ કરી શકે છે.

## Sustainable Finance

- તાજેતરમાં International Financial Services Centers Authority (IFSCA) દ્વારા રચવામાં આવેલી સસ્ટેનેબલ ફાઈનાન્સ પરની એક સમિતિએ Sustainable Finance Report રજૂ કર્યો છે. જેમાં કાર્બન માર્કેટનો વિકાસ સૂચવવામાં આવ્યો છે.
- સસ્ટેનેબલ ફાઈનાન્સને રોકાણના નિર્ણયો તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે, જે આર્થિક પ્રવૃત્તિ અથવા પ્રોજેકટના પર્યાવરણીય, સામાજિક અને શાસન પરિબળોને ધ્યાનમાં લે છે.
- પર્યાવરણીય પરિબળોમાં આબોહવા સમસ્યાનું શમન અથવા ટકાઉ સંસાધનોનો ઉપયોગ સામેલ છે.
- સામાજિક પરિબળોમાં માનવ અને પ્રાણીઓના અધિકારો તેમજ ઉપભોકતા સુરક્ષા અને વિવિધ ભરતીની પ્રથાઓનો સમાવેશ થાય છે.
- શાસન પરિબળોમાં મેનેજમેન્ટ, કર્મચારી સંબંધો, જાહેર અને ખાનગી બંને સંસ્થાઓના વળતર પદ્ધિઓને સમાવેશ થાય છે.

## Purple Revolution

- તાજેતરમાં કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રીએ જણાવ્યું કે પર્પલ ક્રાંતિ (Purple Revolution) આર્કવક સ્ટાર્ટઅપના માર્ગો પ્રદાન કરે છે.
- આ ક્રાંતિ કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલય દ્વારા વર્ષ 2016 માં વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન પરિષદ (CSIR) ના એરોમા મિશનના માધ્યમથી પર્પલ રિવોલ્યુશન અથવા લંવડર ક્રાંતિની શરૂઆત કરવામાં આવી હતી.
- આ ક્રાતિનો ઉદ્દેશ વિદેશી સુંગધિત દ્રવ્યોમાંથી સ્વદેશી ઉગાડવામાં આવતી જાતોનાં સ્થાનાતંરિત કરીને સ્વદેશી સુગંધિત પાક આધારિત કૃષિ અર્થતંત્રને પ્રોત્સાહન આપવાનો છે.
- જમ્મુ અને કાશમીરના લગભગ 20 જિલ્લાઓમાં લવંડરની ખેતી કરવામાં આવે છે.

## Basis સમુદાય

- તાજેતરમાં ઈરાનના વિરોધને કાબૂમાં લેવા માટે બાસીજ સમુદાય ચાર્જનું નેતૃત્વ કરી રહી છે.
- બાસીજ સમુદાય Islamic Revolutionary Guard Corps (IRGC) ના પાંચ દળોમાનુ એક છે.
- બાસીજ સમુદાય અર્ધલશ્કરી સ્વયંસેવક લશ્કર છે જેની સ્થાપના ઈરાનમાં વર્ષ 1979 માં ઈરાની ક્રાંતિના નેતા આયાતુલ્લાહ ખોમેનીના આદેશથી કરવામાં આવી હતી.
- આ સમુદાયમાં મૂળ નાગરિકો અને સ્વયંસેવકોનો સમાવેશ થયો હતો, જેમને ખોમેની દ્વારા ઈરાન– ઈરાક યુદ્ધમાં લડવા માટે વિનંતી કરવામાં આવતી હતી.
- આ સંસ્થા / સમુદાય 17 ફેબ્રુઆરી 1981 સુધી સ્વતંત્ર સંસ્થા હતી, ત્યારબાદ તેને સંસદ દ્વારા 1 રિવોલ્યુશનરી ગાર્ડ સંગઠનમાં સત્તાવાર રીતે સમાવિષ્ટ કરવામાં આવી હતી.

# 13 Current Affairs Booster

**1. તાજેતરમાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાનું વિસ્તરણ કયાં સુધી કરવામાં આવ્યું છે ?**
(A) ઓક્ટોબર 2022 (B) જાન્યુઆરી 2023 (C) ડિસેમ્બર 2022 (D) નવેમ્બર 2022

**2. હાલ ચર્ચામાં રહેનાર 'મૈસુર દશારા ઉત્સવ' કયા રાજ્યમાં ધામધૂમથી ઉજવવામાં આવે છે ?**
(A) આંધ્રપ્રદેશ (B) તમિલનાડુ (C) કર્ણાટક (D) A, B અને C

**3. તાજેતરમાં કોના દ્વારા 'Matdata Junction' રેડિયો સિરીઝ શરૂ કરવામાં આવી છે?**
(A) ECI (B) ICAR (C) SC (D) ઉપરોક્ત પૈકી કોઈ નહી

**4. તાજેતરમાં કયા દેશ દ્વારા વિઝાના નવા નિયમો જાહેર કરવામાં આવ્યો છે ?**
(A) UAE (B) U.K. (C) US (D) INDIA

**5. તાજેતરમાં Bharat Skills learning platform નું કયું નવુ ફીચર લોન્ચ કરવામાં આવ્યું છે?**
(A) Bharat Skill Forum (B) Bharat Skill education (C) Bharat skill Institute (D) ઉપરોક્ત પૈકી કોઈ નહી

**6. તાજેતરમાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાને કેટલા મહિના માટે લંબાવવામાં આવી છે ?**
(A) 3 (B) 6 (C) 1 (D) 9

**7. તાજેતરમાં કોના દ્વારા 'her start Initiative' ની શરૂઆત કરવામાં આવી છે?**
(A) રાષ્ટ્રપતિ (B) વડાપ્રધાન (C) ગૃહમંત્રી (D) નાણામંત્રી

**8. Matdata Junction કાર્યક્રમ કેટલી ભાષાઓમાં પ્રસારિત થશે?**
(A) 18 (B) 20 (C) 23 (D) 22

**9. તાજેતરમાં UAE (United Arab Emiretes) દ્વારા વિઝાના નવા નિયમોને કેટલા કેટેગરીમાં જાહેર કરવામાં આવ્યો છે?**
(A) 5 (B) 4 (C) 3 (D) 6

**10. તાજેતરમાં World Bank (WB) ની ખાનગી ક્ષેત્રની કઈ શાખા દ્વારા Global Food Security Platform લોન્ચ કરવામાં આવ્યું છે ?**
(A) ICC (B) INC (C) IFC (D) ઉપરોક્ત પૈકી કોઈ નહી.

**11. તાજેતરમાં કઈ કોર્ટ દ્વારા (single woman) માટે કાનૂની અને સુરક્ષિત ગર્ભપાત માટે આદેશ જાહેર કરવામાં આવ્યો છે?**
(A) હાઈકોર્ટ (B) સુપ્રીમ કોર્ટ (C) ડિસ્ટ્રિક્ટ કોર્ટ (D) ઉપરોક્ત પૈકી કોઈ નહી

**12. તાજેતરમાં કઈ આંતરરાષ્ટ્રીય સંસ્થા દ્વારા વિકાસશીલ દેશોમાં ગરીબી પર Covid – 19 મહામારીની અસરનું પ્રથમ વ્યાપક મૂલ્યાંકન પ્રદાન કરતો 'Poverty and Shared Prosperity report - 2022' બહાર પાડવામાં આવ્યો છે?**
(A) WHO (B) WTO (C) WB (D) UN

**13. તાજેતરમાં કયા દેશના રાષ્ટ્રપતિ દ્વારા પ્રથમ વખત વોશિંગ્ટન ડીસીમાં US – Pacific Island Countries Summit 2022 નું આયોજન કરવામાં આવ્યું છે ?**
(A) ભારત (B) U.S. (C) ફિજી (D) ઉપરોક્ત પૈકી કોઈ નહી.

**14. Matdata Junction ની પ્રથમથીમ કઈ છે, જે 7 મી ઓક્ટોબર 2022 ના રોજ પ્રસારિત થશે ?**
